# વચનામૃત-ધ્યાનાદિ
# અધ્યયન

સ.ગુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા-૧૭

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર
**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**
અમદાવાદ-૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

***જમણા ચરણકમળમાં નવ ચિહ્નો:**

**સ્વસ્તિક** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઈશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્‌કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ** અથવા કેતુ સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

| | |
|---|---|
| **વજ્ર** | ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે. |
| **પદ્મ** | જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે. |
| **જાંબુફળ** | ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે. |
| **જવ** | અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે. |

***ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો:**

| | |
|---|---|
| **મીન** | સામા પ્રવાહે વહી ઉદ્ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે. |
| **ત્રિકોણ** | જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે. |
| **ધનુષ** | અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે. |

**ગોપદ** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ** ભગવત્સ્વરૂપની સર્વોપરિતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતારહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વર્ષા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

# વચનામૃત-ધ્યાનાદિ અધ્યયન

: સંકલન:

* સ. ગુ. મુનિસ્વામીશ્રી કેશવપ્રિયદાસજી *

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૧૭

: સંસ્થાપક:

• અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર •

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

અમદાવાદ - ૩૮૦ ૦૧૩

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

*** પ્રકાશન સમિતિ ***

: પ્રેરક માર્ગદર્શક :

*** અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ***

©શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)

**તૃતીય આવૃત્તિ**
પ્રત : ૧૫૦૦
૨૦૦૨, ૧૬, ફેબ્રુઆરી
સં. ૨૦૫૮ મહા સુદ ચોથ

**સેવા મૂલ્ય** : રૂ.૧૫/-

**પ્રકાશક**
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૮, સર્વમંગલ સોસાયટી,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩

**મુદ્રક**
ભગવતી ઓફસેટ
બારડોલપુરા, અમદાવાદ



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી અને સદા સાકાર દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ **શ્રી સ્વામિનારાયણ ભગવાનના** ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા, એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિ મુક્તની સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા –આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ પર મહદ્ ઉપકાર કરનારા


પરમ દયાળુ

**અનાદિ મુક્તરાજ પ. પૂ.**

**શ્રી અબજીબાપાશ્રીના**

ચરણકમળોમાં સાદર

**સમર્પિત**



રહસ્યજ્ઞાન પ્રદાતા અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપા

# સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી

સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઊઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માનવજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્‌ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઈ દૂર થઈ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ

વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ

**નારાયણભાઈ ગી. ઠક્કર**

સ્થાપક પ્રમુખ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સ.૨૦૪૨, શ્રીહરિજયંતી

એપ્રિલ ૧૮, ૧૯૮૬

અમદાવાદ

# નિવેદન

ભગવાન શ્રી સ્વામિનારાયણની શ્રીમુખ પરાવાણી 'વચનામૃત' ગ્રંથ તથા અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીની વાતોમાંથી સદ્‌ગુરુ મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજીએ આજ્ઞા, ઉપાસના, ધ્યાન વગેરેનાં રહસ્યરૂપ વચનો પોતાને મનન કરવા સારુ સંગ્રહ-સંકલન કરી સારાંશરૂપે લખી રાખ્યાં હતાં. આ સંગ્રહ સ્વામીશ્રી પોતે વાંચતા તથા અ. મુ. શ્રી નાગજીભાઈ, મેરાઈ નથાભાઈ કાનદાસ વગેરે હરિભક્તો પાસે અવારનવાર વંચાવતા ને તેનું મનન કરાવતા.

સદ્‌ગુરુ મુનિસ્વામીશ્રીએ દીર્ઘકાળના આદર્શ ત્યાગાશ્રમ દરમ્યાન શાસ્ત્રોના ઊંડા અધ્યયન ઉપરાંત મોટા સમર્થ સદ્‌ગુરુઓ અને અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીનો અનન્ય નિષ્ઠાપૂર્વક સમાગમ કરી, પોતાનું પ્રધાન અંગ જે ધ્યાન તે દ્વારા શ્રીજીમહારાજની દિવ્યમૂર્તિનું અનુભવજ્ઞાન સિદ્ધ કર્યું હતું ને એ સ્થિતિમાં અખંડ વર્તતા. એવા સંત શિરોમણિ સદ્‌ગુરુ મુનિસ્વામીશ્રીએ અધ્યાત્મજ્ઞાનના રહસ્યરૂપ 'વચનામૃત ધ્યાનાદિ' નામે એક પુસ્તિકા તૈયાર કરી, જેમાં તેઓશ્રીએ ઉપરોક્ત શ્રીજીમહારાજની દિવ્યવાણી અને બાપાશ્રીની વાતોના મુખ્ય અંશો આવરી લીધા છે.

આવી સર્વજીવહિતાવહ અધ્યાત્મવાતો નિત્ય મનનીય હોઈ, આ લઘુ પુસ્તિકા સં. ૨૦૧૬માં મુનિસ્વામીશ્રીએ

પ. ભ. શ્રી મેરાઈ ગટોરભાઈ નથાભાઈ તથા પ. ભ. શ્રી મેરાઈ ચુનિલાલ નથાભાઈ દ્વારા છપાવી પ્રસિદ્ધ કરેલી, પરંતુ તે પ્રકાશન ઘણા સમયથી અપ્રાપ્ય હતું.

આથી સર્વહિતાર્થે શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનૅ સંસ્થા દ્વારા તેનું પ્રકાશન કરવામાં આવેલ, જે પુનઃઅપ્રાપ્ય થતાં તૃતીય આવૃત્તિરૂપે તેનું પુનઃપ્રકાશન કરતાં કૃતાર્થતા અનુભવીએ છીએ. વાચકવર્ગને પોતાના આત્માનું શ્રેષ્ઠ શ્રેય સાધવામાં આ પુસ્તિકા ઉપયોગી બની રહે એ જ અભ્યર્થના.


સં. ૨૦૫૮, મહા સુદ ચોથ — પ્રકાશન સમિતિ

ઈ.સ. ૨૦૦૨, ૧૬ ફેબ્રુઆરી — શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

# સર્વોત્કૃષ્ટ ગ્રંથ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની તેજના પ્રવાહરૂપ દિવ્ય પરાવાણી 'વચનામૃત' અનંત મુમુક્ષુ જીવોને પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનું માહાત્મ્યજ્ઞાન, ધ્યાન, ઉપાસના તેના સ્વરૂપને સમજાવીને અજ્ઞાનરૂપ અંધકારનો લય કરી આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર કરાવે છે અને શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિના આનંદનો અનુભવ કરાવે છે. વેદ, વેદાંત, ઉપનિષદ, સાંખ્ય, યોગ, ગીતાભાષ્ય, વ્યાસસૂત્ર આદિ આધ્યાત્મિક ગ્રંથોના સારરૂપ આ વચનામૃત અદ્વિતિય અને સર્વોત્કૃષ્ટ ગ્રંથ છે. જે સ્ત્રી-પુરુષ વચનામૃતનું જ્ઞાન લક્ષ્યાર્થ કરે છે તેઓના દેહ, ઇંદ્રિયો, અંતઃકરણ ને જીવમાં રહેલા પંચવિષયના રાગ તથા કામ, ક્રોધ, લોભ, માન, મત્સર આદિ દોષ માત્ર નિવૃત્તિ પામે છે.

**- સ. ગુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી**



અનાદિ મૂક્ત સ. ગુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી

# વિષયાનુક્રમણિકા

## વચનામૃત-ધ્યાનાદિ

### ખંડ-૧


| | | |
|---|---|---|
| ૧. | માહાત્મ્યે સહિત એકાંતિક ભક્તિનું તથા એકાંતિક ધર્મનું સ્વરૂપ, તેમાં અખંડ વૃત્તિ તથા ધ્યાન | ૧ |
| ૨. | ધ્યાન કરવાની તથા અખંડ વૃત્તિ રાખવાની આજ્ઞા | ૫ |
| ૩. | શ્રીજીના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવાનો ઉપાય | ૮ |
| ૪. | ભગવાનમાં અખંડ વૃત્તિ તથા ધ્યાનનો મહિમા | ૧૩ |
| ૫. | બ્રહ્મરૂપ અથવા પુરુષોત્તમરૂપ થઈને ધ્યાન કરવાની આજ્ઞા | ૧૭ |
| ૬. | સ્વરૂપનિષ્ઠા જે શ્રીજીમહારાજ અનાદિમુક્તને મૂર્તિમાં રાખે છે તેનું વિવેચન | ૨૧ |
| ૭. | સ્વામી-સેવકભાવ | ૪૧ |
| ૮. | શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સર્વકર્તાપણું તથા સદા દિવ્ય સાકારપણું | ૪૩ |
| ૯. | ભગવાનના આશ્રયનું રૂપ | ૫૧ |
| ૧૦. | વરતાલ-વચનામૃત ૧૮નો ભાવાર્થ : તેમાં ઉપાસના, પ્રગટપણું ને સર્વદેશી સમજણ | ૫૫ |


## બાપાશ્રીની વાતો વગેરે

### ખંડ-૨


| | | |
|---|---|---|
| ૧. | આજ્ઞા | ૮૩ |
| ૨. | ઉપાસના | ૮૬ |
| ૩. | શ્રીજીનું માહાત્મ્ય તથા અનાદિમુક્તની સ્થિતિ | ૯૨ |
| ૪. | ધ્યાનપ્રધાન | ૯૮ |
| ૫. | મૂર્તિના સુખની ને અનુભવજ્ઞાનની વાતો | ૧૦૩ |
| ૬. | આશીર્વાદ તથા કૃપાવાક્ય | ૧૦૭ |
| ૭. | બાપાશ્રીનાં સંસ્મરણો | ૧૧૦ |
| ૮. | શ્રી પુરુષોત્તમ કવચ | ૧૨૬ |

આદ્ય સંસ્થાપક



અનાદિ મુક્તરાજ
પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

# વચનામૃત-ધ્યાનાદિ

## ખંડ-૧

# ખંડ-૧

## ૧. માહાત્મ્યે સહિત એકાંતિક ભક્તિનું તથા એકાંતિક ધર્મનું સ્વરૂપ, તેમાં અખંડ વૃત્તિ તથા ધ્યાન

વચનામૃતમાં શ્રીજીમહારાજે પોતામાં મનની અખંડ વૃત્તિ રાખવી તથા પોતાની સ્મૃતિ રાખવી તથા પોતાની મૂર્તિનું અખંડ ચિંતવન કરવું તથા મૂર્તિનું અખંડ ધ્યાન કરવું અને મૂર્તિ સામું જોઈ રહેવું તથા મૂર્તિમાં નિમગ્ન રહીને કથા, વાર્તા, કીર્તન વગેરે કરવું - એમ કહ્યું છે. તેમાં શ્રીજીમહારાજનો અભિપ્રાય એવો જણાય છે જે, બીજામાંથી વૃત્તિ તોડીને પોતાની મૂર્તિમાં જોડવાં.

પ્રથમના પહેલા વચનામૃતમાં શ્રીજીમહારાજે પ્રશ્ન કર્યો જે, 'સર્વ સાધનમાં કિયું સાધન કઠણ છે?' તેનો ઉત્તર શ્રીજીમહારાજે કર્યો જે, 'ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ સાધન કઠણ નથી. અને જે મનુષ્યના મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે, તેને તેથી બીજી અધિક પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી નથી, કાં જે ભગવાનની મૂર્તિ છે, તે તો ચિંતામણિ તુલ્ય છે. જેમ ચિંતામણિ કોઈક પુરુષના હાથમાં હોય, તે પુરુષ જે જે પદાર્થને ચિંતવે તે તે પ્રાપ્ત થાય છે તેમ ભગવાનની મૂર્તિને વિષે જેના મનની

અખંડ વૃત્તિ રહે છે તે તો જીવ, ઇશ્વર, માયા ને બ્રહ્મ એમના સ્વરૂપને જો જોવાને ઇચ્છે તો તત્કાળ દેખે છે તથા વૈકુંઠ, ગોલોક, બ્રહ્મમહોલ - એ આદિક જે જે ભગવાનનાં ધામ છે તેને પણ દેખે છે માટે ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ સાધન પણ નથી ને તેથી કોઈ મોટી પ્રાપ્તિ પણ નથી.'

આ વચનામૃતમાં શ્રીજીમહારાજે માયાના બંધનથી છૂટીને પોતાના સ્વરૂપ સાથે એકાત્માપણે જોડાઈ રહીને મૂર્તિનું રોમરોમનું નવીન નવીન સુખ અખંડ ભોગવાય એવી સર્વોપરી અનાદિમુક્તની સ્થિતિ તે રૂપી આત્યંતિક મોક્ષની પ્રાપ્તિનું સાધન જે પોતાના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી એ જ છે, અને એને જ કઠણમાં કઠણ સાધન કહ્યું છે. તેનું કારણ એ છે કે, જેને અનંત જન્મના સુકૃતનો ઉદય થયો હોય અને છેલ્લી પ્રાપ્તિ થવાની હોય, તેને જ પ્રત્યક્ષ શ્રીજીમહારાજની પ્રાપ્તિ થાય છે અને માહાત્મ્ય જ્ઞાને સહિત નિર્વિકલ્પ નિશ્ચય થાય છે ને એની જ શ્રીજીમહારાજમાં અખંડ વૃત્તિ રહે છે, માટે ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી એ સાધનને સર્વ સાધનથી કઠણ કહ્યું છે.

અને બીજું કારણ એ છે : જેમ વડતાલ વ. ૩ માં કહ્યું છે જે, 'અતિશય માહાત્મ્યે સહિત ભક્તિ ભગવાનને વિષે હોય તો એક ભક્તિને વિષે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય એ ત્રણે ય આવી

જાય.' તેમ અખંડ વૃત્તિ ભગવાનમાં રહે તેમાં સર્વે સાધન આવી જાય છે, તે કેવી રીતે તો માહાત્મ્યે સહિત ભક્તિ જેને પ્રાપ્ત થઈ હોય તેના જ મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે, માટે તે માહાત્મ્યે સહિત ભક્તિ અખંડ વૃત્તિમાં આવી જાય છે. અને જેને ભગવાનમાં મનની અખંડ વૃત્તિ રહે છે તેને જ માહાત્મ્યે સહિત ભક્તિ પ્રાપ્ત થાય છે. તથા લોયા વ. ૬ માં કહ્યું છે જે, 'સત્સંગ થયા પછી દુર્લભમાં દુર્લભ તે શું સાધન માન્યું છે? તો એ ભક્તમાં એકાંતિકપણું આવે એ અતિશય દુર્લભ છે, તે એકાંતિકપણું તે શું તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય એ ત્રણે સહિત જે ભગવાનની ભક્તિ કરવી તેને એકાંતિકપણું કહીએ.' આવી રીતનો એકાંતિક ભક્ત થાય તેના જ મનની વૃત્તિ ભગવાનમાં અખંડ રહે છે. આવી રીતે એકાંતિકપણું અખંડ વૃત્તિમાં આવે છે, માટે એ સાધન કઠણ કહ્યું છે.

અને જેમ અખંડ વૃત્તિ રાખવી એ સાધન કઠણ છે તેમ જ વાસના ટાળવી તે પણ સાધન મોટું છે તે ગ. પ્ર. વ. ૬૦ માં શ્રીજીમહારાજે કહ્યું છે જે, 'સર્વ સાધન કરતાં વાસના ટાળવી એ સાધન મોટું છે' તથા લોયા વ. ૧૬ માં કહ્યું છે જે, 'વાસના કુંઠિત તો હોય પણ તે મૂળમાંથી ટળી નથી જાતી, માટે મૂળમાંથી વાસના ટાળવી ને વાસના ટળે ત્યારે જ મૂર્તિમાં અખંડ વૃત્તિ રહે.' તે વાસના ટાળવાનો ઉપાય

ગ. પ્ર. વ. ૬૦ તથા ૭૨ આદિમાં કહ્યો છે અને વાસનાએ રહિત વર્તવું તે એકાંતિકનો ધર્મ છે, માટે જેને વાસના ન હોય તે જ એકાંતિક ભક્ત છે. તે ગ. પ્ર. વ.૧૧ માં કહ્યું છે કે:-

'જેને ભગવાન વિના બીજી કોઈ વાસના ન હોય ને પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાનની ભક્તિ કરતો હોય તે એકાંતિક ભક્ત કહેવાય.'

અને એકાંતિક ભક્તની વૃત્તિ ભગવાનમાં અખંડ રહે છે તેથી નિર્વાસનિકપણું પણ અખંડ વૃત્તિમાં આવે છે, માટે મોટા સત્પુરુષનો સમાગમ કરીને અનાદિમુક્ત ગોપાળાનંદ સ્વામી ને ગુણાતીતાનંદ સ્વામી તથા અનાદિમુક્ત બાપાશ્રી તેમણે જેવી રીતે શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના સમજાવી છે તેવી સમજે અને શ્રીજીમહારાજે શિક્ષાપત્રી, ધર્મામૃત આદિમાં આજ્ઞા પાળવાની કહી છે તેવી રીતે આજ્ઞામાં વર્તે અને શ્રીજીમહારાજની માહાત્મ્યે સહિત ભક્તિ કરે ત્યારે નિર્વાસનિક ને એકાંતિક ભક્ત થાય ત્યારે જ તેના મનની વૃત્તિ ભગવાનમાં અખંડ રહે છે. પછી જ્યારે મધ્યના ૩૦ તથા ૫૦ ના વચનામૃત પ્રમાણે બ્રહ્મસ્વરૂપ થવાનું જ્ઞાન થાય છે ત્યારે મનની વૃત્તિ વિના બ્રહ્મ સાથે આત્માની એકાત્મતા કરીને તેજોમય એવું બ્રહ્મસ્વરૂપ જે શ્રીહરિનો પ્રકાશ તેમાં શ્રીજીમહારાજની મૂર્તિ ધારીને ધ્યાન કરવાની સ્થિતિ થાય છે. અને જ્યારે પ્રથમના **૫૧ તથા સારં**ગપુરના ૧૧ ના

વચનામૃત પ્રમાણે પુરુષોત્તમરૂપ થવાનું જ્ઞાન થાય છે ત્યારે શ્રીજીમહારાજની મૂર્તિ સાથે આત્માની એકાત્મતા કરીને અર્થાત્ મૂર્તિમાં રહીને મૂર્તિનું ધ્યાન કરવાની લટક હાથ આવે છે, ત્યારે મૂર્તિમાં રહીને મૂર્તિનું અખંડ ધ્યાન થાય છે ને મન તથા વૃત્તિનો ભાવ રહેતો નથી.

## ૨. ધ્યાન કરવાની તથા અખંડ વૃત્તિ રાખવાની આજ્ઞા

શ્રીજીમહારાજના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો એ જ ધ્યાન છે તથા તેજમાં મૂર્તિ ધારવી અથવા મૂર્તિમાં રહીને મૂર્તિ ધારવી એ પણ ઉત્તમ ધ્યાન છે.

ગ. પ્ર. વ. ૫ માં શ્રીજીમહારાજે કહ્યું છે કે, 'રાધિકાએ સહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું (એટલે મુક્તે સહિત એવા શ્રીજીમહારાજ જે અમે તે અમારું) ધ્યાન કરવું અને તે ધ્યાન કરતાં મૂર્તિ હૃદયને વિષે ન દેખાય તો પણ ધ્યાન કરવું પણ કાયર થઈને તે ધ્યાનને મૂકી દેવું નહિ. એવી રીતના જે આગ્રહવાળા છે તેના ઉપર ભગવાનની મોટી કૃપા થાય છે ને એની ભક્તિએ કરીને ભગવાન એને વશ થઈ જાય છે.'

ગ. પ્ર. વ. ૧૫ માં કહ્યું છે જે, 'અને વળી ભગવાનની મૂર્તિને હૈયામાં ધારવી એવું શૂરવીરપણું રહે ને મૂર્તિ ધારતાં ધારતાં જો ન ધરાય તો પણ કાયર ન થાય ને નિત્ય નવી શ્રદ્ધા રાખે ને મૂર્તિ ધારતાં જ્યારે ભૂંડા ઘાટ-સંકલ્પ થાય ને

તે હઠાવ્યા હઠે નહિ તો ભગવાનનો મોટો મહિમા સમજીને પોતાને પૂર્ણકામ માનીને તે સંકલ્પને ખોટા કરતો રહે અને ભગવાનના સ્વરૂપને હૈયામાં ધારતો રહે તે ધારતાં ધારતાં દશ વર્ષ થાય અથવા વીશ વર્ષ થાય અથવા પચીશ વર્ષ થાય અથવા સો વર્ષ થાય તો પણ કાયર થઈને ભગવાનના સ્વરૂપને ધારવું તે મૂકી દે નહિ એવું જેને વર્તવું હોય તેને એકાંતિક ભક્ત કહીએ.'

ગ. પ્ર. વ. ૨૦ માં : - 'અને જે ભગવાનના (અમારા) પ્રતાપને વિચારીને અંતર્દૃષ્ટિ કરે છે, તે તો પોતાના સ્વરૂપને અતિશય ઉજ્જવળ પ્રકાશમાન જુએ છે ને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા જે પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુએ છે અને નારદ-સનકાદિક જેવો (એટલે અમારા અનાદિમુક્ત મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવો) સુખિયો પણ થાય છે માટે હરિભક્તને તો જેટલી કસર રહે છે તેટલી પોતાની આળસે કરીને રહે છે.'

ગ. પ્ર. વ. ૨૧ માં : - 'અને જે ભગવાનનો ભક્ત હોય તેને ખાતાં-પીતાં, નહાતાં-ધોતાં, ચાલતાં-બેસતાં સર્વે ક્રિયા ને વિષે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું અને જ્યારે અંતરમાં કાંઈ વિક્ષેપ ન હોય ત્યારે તો ભગવાનનું ચિંતવન કરવું ને ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું અને જો અંતરમાં સંકલ્પ વિકલ્પનો વિક્ષેપ થાય તો દેહ, ઇંદ્રિયો, અંતઃકરણ, દેવતા-એ

સર્વેથી પોતાનું સ્વરૂપ જુદું સમજવું, ને જ્યારે સંકલ્પનો વિરામ થાય ત્યારે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું.'

ગ. પ્ર. વ. ૨૨ માં :- 'અને જેને ભગવાનમાં વૃત્તિ રહેવા લાગે તેને તો કામ કાજ કરતે પણ રહે, અને જેને ગાફલાઈ હોય તેને તો ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનમાં વૃત્તિ ન રહે, તે માટે સાવધાન થઈને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ ભગવાનના ભક્તને કરવો.'

ગ. પ્ર. વ. ૨૫ માં :- 'ચિત્તને નિરોધે કરીને પ્રાણનો નિરોધ થાય છે તે ચિત્તનો નિરોધ ક્યારે થાય છે તો જ્યારે સર્વ ઠેકાણેથી વૃત્તિ તૂટીને એક ભગવાનને વિષે વૃત્તિ જોડાય, અને તે ભગવાનને વિષે વૃત્તિ ક્યારે જોડાય, તો જ્યારે સર્વે ઠેકાણેથી વાસના તૂટીને એક ભગવાનના સ્વરૂપની વાસના થાય ત્યારે તે વૃત્તિ કોઈની હઠાવી ભગવાનના સ્વરૂપમાંથી પાછી હઠે નહિ; અખંડ મૂર્તિમાં જ રહે.'

ગ. પ્ર. વ. ૨૬ માં : - 'જ્યારે કેવળ ભગવાનનું જ ચિંતવન રહે છે ત્યારે ચિંતવન કરતાં કરતાં શૂન્યભાવને પામી જાય છે ત્યારે એ ભક્તને ભગવાનની મૂર્તિ વિના પિંડબ્રહ્માંડ કાંઈ ભાસતું નથી. પછી એવા શુન્યને વિષે ભગવાનની મૂર્તિને જોતાં જોતાં પ્રકાશ થઈ આવે છે ને તે પ્રકાશમાં ભગવાનની મૂર્તિ દેખાય છે, માટે એવી રીતે કેવળ ભગવાનના સ્વરૂપમાં પ્રીતિ હોય તે પતિવ્રતાની ભક્તિ છે.'

આવી રીતે ધ્યાન કરવાની તથા મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવાની મહારાજની આજ્ઞા છે.

## ૩. શ્રીજીના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવાનો ઉપાય

ગ. પ્ર. વ. ૩૦ માં : - 'આ સત્સંગનો પ્રતાપ એવો છે કે, જે ગુણના ઘાટ થાતા હોય તં ઘાટની તેને નિવૃત્તિ થઈ જાય છે ને નિરુત્થાન થઈને અખંડ પરમેશ્વરના સ્વરૂપનું (અમારું) ચિંતવન થાય છે.' આમાં સત્સંગ કરવો એ જ અખંડ વૃત્તિ રાખવાનો ઉપાય બતાવ્યો છે.

ગ. પ્ર. વ ૪૪ માં : - શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, 'ભગવાનને વિષે સ્નેહ હોય તેનું શું રૂપ છે?' પછી બ્રહ્માનંદ સ્વામીએ સ્નેહનું રૂપ કરવા માંડ્યું પણ સમાધાન ન થયું. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'તમને તો સ્નેહની દીશ જ જડી નહિ અને તમે જે પિંડ - બ્રહ્માંડથી નિઃસ્પૃહ રહેવું તેને સ્નેહ કહ્યો એ સ્નેહનું રૂપ નહિ; એ તો વૈરાગ્યનું રૂપ છે અને સ્નેહ તો એનું નામ જે, ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે એનું નામ સ્નેહ કહીએ ને જે ભક્તને પરિપૂર્ણ ભગવાનને વિષે સ્નેહ હોય તેને એક ભગવાન વિના બીજો સંકલ્પ જ ન થાય અને જેટલો ભગવાન વિના બીજો ઘાટ થાય છે તેટલો તેના સ્નેહમાં ફેર છે. અને જેને પરિપૂર્ણ ભગવાનમાં સ્નેહ હોય ને તેને જો જાણે અજાણે ભગવાનની મૂર્તિ વિના બીજો

કાંઈક ઘાટ થાય તો જેમ પંચામૃત ભોજન જમતો હોય તેમાં કોઈક કાંકરા તથા ધૂળનો ખોબો ભરીને નાખે ને જેવું વસમું લાગે અથવા કપાળમાં બળબળતો ડામ દે ને તે જેવો વસમો લાગે તેવો ભગવાન વિના બીજો ઘાટ થાય તે વસમો લાગે, એવી રીતે જેને વર્તતું હોય તેને ભગવાનને (અમારે) વિષે પ્રીતિ છે એમ જાણવું. તે સર્વે પોતપોતાના હૃદયમાં તપાસી જુઓ, તો જેને જેવી પ્રીતિ હશે તેને તેવી જણાઈ આવશે.' આમાં અખંડ વૃત્તિ રહેવાનો ઉપાય પરમેશ્વરને વિષે પ્રીતિને જ કહેલ છે.

ગ. પ્ર. વ. ૪૯ માં : - બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'ભગવાનને વિષે વૃત્તિ રાખીએ છીએ તે તો સુધી જોરે કરીને રાખીએ છીએ ત્યારે રહે છે. અને જગત પદાર્થ સન્મુખ તો એની મેળે જ રહે છે તેનું શું કારણ છે?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'ભગવાનના ભક્ત હોય તેની વૃત્તિ તો ભગવાન વિના બીજે રહે જ નહિ અને તેને તો એ જ ફિકર રહે છે જે મારે જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી તે તો ઘણું કઠણ પડશે, માટે પરમેશ્વરના ભક્ત હોય તેને તો જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી એ જ કઠણ છે અને જે જગતના જીવ છે તેને પરમેશ્વરમાં વૃત્તિ રાખવી તે ઘણી કઠણ છે, માટે જેને પરમેશ્વરમાં વૃત્તિ ન રહે તે પરમેશ્વરનો ભક્ત નહિ અને તે સત્સંગમાં આવતો હોય તો એ ધીરે ધીરે

સંતની વાર્તા સાંભળતાં સાંભળતાં પરમેશ્વરનો ભક્ત થશે.'

પછી વળી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, 'એવી રીતે ભગવાનમાં વૃત્તિ રાખ્યાનું શું સાધન છે?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એનું સાધન તો અંતર્દૃષ્ટિ છે, તે અંતર્દૃષ્ટિ તે શું? તો જેવા પોતાને પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તેની મૂર્તિ સામું જોઈ રહેવું એ અંતર્દૃષ્ટિ છે અને તે મૂર્તિ વિના ષટ્-ચક્ર દેખાય અથવા ગોલોક-વૈકુંઠાદિક ભગવાનનાં ધામ દેખાય તો પણ તે અંતર્દૃષ્ટિ નહિ માટે ભગવાનની મૂર્તિને અંતરમાં ધારીને સામું જોઈ રહેવું અથવા બહાર ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું તેનું નામ અંતર્દૃષ્ટિ છે. અને તે મૂર્તિ વિના બીજે જ્યાં જ્યાં વૃત્તિ રહે તે સર્વે બ્રાહ્યદૃષ્ટિ છે.' આમાં અંતર્દૃષ્ટિ એ જ અખંડ વૃત્તિ રહેવાનો ઉપાય છે એમ કહ્યું છે.

ગ. મ. વ. ૪ માં શ્રીજીમહારાજ બોલ્યા કે, 'જ્યારે ભગવાન પરોક્ષ હોય ને આપત્કાળ પડે ને કાંઈ ન રહે ત્યારે તો ભગવાનનું એક ચિંતવન કરવું તો એ ભગવાનના માર્ગ થકી પડે નહિ અને ભગવાનનું અખંડ જે ચિંતવન થાવું તે કાંઈ થોડી વાત નથી ને ભગવાનનું ચિંતવન કરતાં કરતાં જો દેહ મૂકે તો તે અતિ મોટી પદવીને પામે છે.'

પછી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, 'અમે જાણીએ છીએ તો પણ અખંડ ચિંતવન રહેતું નથી એનું શું કારણ છે?' પછી

શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એક તો અખંડ ચિંતવન થાય એવી શ્રદ્ધા જોઈએ અને જ્યારે એવી શ્રદ્ધા ન હોય ત્યારે તેટલું માહાત્મ્ય જાણ્યામાં પણ ઓછપ છે. અને જ્યારે માહાત્મ્ય જાણ્યામાં ઓછપ છે ત્યારે ભગવાનના સ્વરૂપના નિશ્ચયમાં પણ એટલી ઓછપ છે, માટે જો ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય તથા શ્રદ્ધા હોય તો અખંડ ચિંતવન થાય. તે માહાત્મ્ય એમ જાણવું જે ભગવાન તો જેવા પ્રકૃતિપુરુષ થકી પર છે તેવા ને તેવા જ પ્રકૃતિપુરુષ આવ્યા છે તો પણ પ્રતાપે યુક્ત છે. અને પ્રકૃતિપુરુષનું કાર્ય જે બ્રહ્માંડ તેને વિષે આવ્યા છે તો પણ ભગવાન તેવા ને તેવા પ્રતાપે યુક્ત છે, પણ ભગવાનની મૂર્તિને વિષે કોઈ રીતે માયાનો લેશ અડતો નથી. માટે આવી રીતે ભગવાનની મૂર્તિનું માહાત્મ્ય જાણ્યા વિના બીજાં કોટી સાધન કરે તો પણ ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતવન થતું નથી અને જે ભગવાનના સ્વરૂપનો મહિમા જાણે છે તેને જ ભગવાનનું અખંડ ચિંતવન થાય છે.' આમાં માહાત્મ્ય સમજવું એ જ અખંડ વૃત્તિનો ઉપાય છે.

ભાવાર્થ :- પ્રકૃતિપુરુષમાં અન્વયપણે રહ્યા છે તો પણ તેની ઉપાધિ અડતી નથી અને બ્રહ્માંડમાં જીવના મોક્ષ કરવા મનુષ્યરૂપે આવ્યા છે તો પણ જેવા અક્ષરધામમાં દિવ્ય છે તેવા જ દિવ્ય છે.

ગ. મ. વ. ૩૬ માં : - મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે,

'ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહે તેને શો ઉપાય છે?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એનો ઉપાય તો ચાર પ્રકારનો છે, તેમાં એક તો જેના ચિત્તનો ચોંટવાનો સ્વભાવ હોય તે જ્યાં ચોંડાટે ત્યાં ચોંટી જાય, તે જેમ પુત્રક - લત્રાદિકમાં ચોંટે છે તેમ પરમેશ્વરમાં પણ ચોંટે, માટે એક તો એ ઉપાય છે. અને બીજો ઉપાય એ છે જે, અતિશય શૂરવીરપણું તે શૂરવીરપણું જેના હૈયામાં હોય ને તેને જો ભગવાન વિના બીજો ઘાટ થાય તો પોતે શૂરવીર ભક્ત છે માટે તેના હૃદયમાં અતિશય વિચાર ઊપજે તે વિચારે કરીને ઘાટ માત્રને ટાળીને અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખે છે. અને ત્રીજો ઉપાય તે ભય છે. અને ચોથો ઉપાય તે વૈરાગ્ય છે. અને એ ચાર ઉપાય વિના તો જેના ઉપર ભગવાન કૃપા કરે તેની તો વાત ન કહેવાય, પણ તે વિના બીજા તો અનંત ઉપાય કરે તો પણ ભગવાનને વિષે અખંડ વૃત્તિ રહે નહિ અને ભગવાનને વિષે અખંડ વૃત્તિ રહેવી તે તો ઘણું ભારે કામ છે, તે જેને અનેક જન્મનાં સુકૃત ઉદય થયાં હોય તેને ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહે છે; ને બીજાને તો અખંડ વૃત્તિ રાખવી મહા દુર્લભ છે. અને જે પુરુષને ભગવાન વિના બીજામાંથી હેત તૂટે છે તેને જ ભગવાનને વિષે હેત થાય છે અને જ્યારે ભગવાનને વિષે હેત થયું ત્યારે તેની ભગવાનમાં અખંડ વૃત્તિ રહે છે ને જ્યારે

ભગવાનમાં અખંડ વૃત્તિ રહી ત્યારે તેને બીજું કાંઈ કરવું રહ્યું નથી, તે તો કૃતાર્થ છે.' આવી રીતે અખંડ વૃત્તિ રાખવાના ઉપાય બતાવ્યા છે, માટે ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવાનો ઉપાય નિરંતર કરવો.

## ૪. ભગવાનમાં અખંડ વૃત્તિ તથા ધ્યાનનો મહિમા

ગ. પ્ર. વ. ૨૪ માં શ્રીજીમહારાજે કહ્યું છે જે, 'જે રીતે જ્ઞાને કરીને સ્થિતિ થાય છે તે કહીએ છીએ : - એ જ્ઞાન કેવું છે તો પ્રકૃતિપુરુષ થકી પર છે, (પ્રકૃતિ=પ્રધાનમાયા ને મહામાયા, અને પુરુષ=પુરુષ વર્ગ જેમ મહાપુરુષ, મહાકાળ-પુરુષ અને અક્ષર તે પુરુષ જાણવા) ને એ જ્ઞાનને વિષે સ્થિતિ થાય છે ત્યારે પ્રકૃતિપુરુષ ને પ્રકૃતિપુરુષનું જે કાર્ય તે કાંઈ એ નજરમાં આવતું નથી ને એનું નામ જ્ઞાનપ્રલય કહેવાય છે. અને એવી સ્થિતિ થાય છે તેને એકરસ ચૈતન્ય ભાસે છે, ને તેને વિષે એક ભગવાનની મૂર્તિ જ રહે છે પણ બીજો કોઈ આકાર રહેતો નથી, અને ક્યારેક તો એ પ્રકાશમાં ભગવાનની મૂર્તિ પણ દેખાય નહિ; એકલો પ્રકાશ જ દેખાય છે ને ક્યારેક તો પ્રકાશ પણ દેખાય ને ભગવાનની મૂર્તિ પણ દેખાય, એને જ્ઞાને કરીને સ્થિતિ જાણવી અને જેવી ભગવાનની મૂર્તિ પ્રગટ દેખાય છે તે મૂર્તિને વિષે અખંડ વૃત્તિ રહે તેણે કરીને એવી સ્થિતિ થાય છે.'

ગ. મ. વ. ૪૮ માં : - સાધુ પ્રેમાનંદ સ્વામી ભગવાનના ધ્યાનના અંગની ગરબીઓ જે, 'વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ.' એ ગાવતા હતા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'બહુ સારાં કીર્તન ગાયાં, આ કીર્તનને સાંભળીને તો અમારા મનમાં એમ વિચાર થયો જે, આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે માટે એ સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત્ - પ્રણામ કરીએ અને જેને આવી રીતે અંતઃકરણમાં ભગવાનનું ચિંતવન થતું હોય ને એવી વાસનાએ યુક્ત જો દેહ મૂકે તો તેને ફરીને ગર્ભવાસમાં આવવું પડે જ નહિ. અને એવી રીતે ભગવાનનું ચિંતવન કરતાં જીવતો હોય તો પણ એ પરમપદને પામ્યો જ છે અને જેવા શ્વેતદ્વીપમાં નિરન્નમુક્ત છે (એટલે અક્ષરધામમાં શ્રીજીમહારાજના મુક્ત છે) તેવો જ એ પણ નિરન્નમુક્ત થઈ રહ્યો છે અને દેહ ક્રિયા તો યોગ્ય હોય એટલી સહેજે જ થાય છે અને જેને ભગવાનના સ્વરૂપનું એવી રીતે ચિંતવન થાય છે, તે તો કૃતાર્થ થયો છે ને તેને કાંઈ કરવું બાકી રહ્યું નથી. અને જેને ભગવાન વિના બીજા પદાર્થનું ચિંતવન કરતે થકે દેહ પડ્યો તેને કોટિકલ્પે દુઃખનો અંત આવતો નથી, માટે આવો અવસર આવ્યો છે તેને પામીને ભગવાન વિના બીજા પદાર્થનું ચિંતવન મૂકીને એક ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન કરવું.'

ગ. મ. વ. ૪૯ માં : - 'પ્રત્યક્ષ ભગવાનની જે મૂર્તિ ને બીજા જે માયિક આકાર એ બેયને વિષે તો ઘણો ભેદ છે (અહીં પ્રત્યક્ષ ભગવાન એટલે મનુષ્ય સ્વરૂપ ને પ્રતિમા સ્વરૂપ એવા શ્રીજીમહારાજને જ જાણવા)... અને જે ભગવાનના સ્વરૂપનાં દર્શન કરનારા છે, ને ભગવાનના સ્વરૂપના ચિંતવન કરનારા છે તે તો કાળ, કર્મ ને માયા એ સર્વના બંધન થકી છૂટીને અભયપદને પામે છે ને ભગવાનના પાર્ષદ થાય છે માટે અમારે તો ભગવાનની કથા, કીર્તન, વાર્તા કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઈ કાળે તૃપ્તિ થાતી જ નથી ને તમારે પણ સર્વને એવી જ રીતે કરવું.'

ગ. મ. વ. ૫૦ માં : - શ્રીજીમહારાજે કહ્યું છે જે, 'એકરસ પરિપૂર્ણ એવું જે બ્રહ્મસ્વરૂપ (જે અમારી મૂર્તિના તેજનો સમૂહ) તેને વિષે અમે અમારા જીવાત્માને લીન કરી રાખ્યો છે અને તેજોમય એવું જે અક્ષરબ્રહ્મ (મૂર્તિનું તેજ, તેને વિષે મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન ને તે ભગવાનના જે ભક્ત તે સંગાથે અખંડ પ્રીતિ જોડી રાખી છે અને તે વિના બીજા કોઈ પદાર્થમાં પ્રીતિ નથી એવું અમારે અખંડ વર્તે છે.'

ગ. મ. વ. ૫૬ માં : - 'અને ભગવાનને વિષે પ્રીતિ તો તેની જ સાચી જે, જેને ભગવાન વિના બીજા કોઈ પદાર્થને વિષે પ્રીતિ જે ન થાય અને સર્વે સદ્‌ગ્રંથનું પણ એ જ રહસ્ય

છે જે ભગવાન છે એ જ પરમ સુખદાયક છે, ને પરમ સાર વસ્તુ છે.'

ગ. મ. વ. ૫૭ માં : - 'ભગવાનમાં પ્રીતિ કરવી તે એક સત્તારૂપે રહીને જ કરવી ને તે સત્તારૂપ આત્મા કેવો છે તો જેને વિષે માયા ને માયાના કાર્ય જે ત્રણ ગુણ ને દેહ, ઇંદ્રિયો, અંતઃકરણ - તેનું કોઈ આવરણ નથી.'

વ. વ. ૧૬ માં : - 'અમારે તો નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ તેમાં જેવું સુખ છે તેવું ચૌદ લોકના રાજ્યને વિષે પણ નથી અને જો ભગવાનના ભજન જેવું રાજ્યને વિષે સુખ હોય તો સ્વાયંભૂ મનુ આદિક જે મોટા મોટા રાજા તે સર્વે રાજ્ય મૂકીને વનમાં તપ કરવા શા સારુ જાય? અને ભગવાનના ભજન જેવું સ્ત્રીને વિષે સુખ હોય તો ચિત્રકેતુ રાજા કરોડ સ્ત્રીઓને શા સારુ મૂકે? અને ભગવાનના ભજનના સુખ આગળ તો ચૌદ લોકનું જે સુખ તે નરક જેવું કહ્યું છે, માટે જે ભગવાનને સુખે સુખિયો થયો હોય તેને તો બ્રહ્માંડને વિષે જે વિષયનું સુખ છે તે નરક તુલ્ય ભાસે છે. અને અમારે પણ ભગવાનના ભજનનું સુખ તે જ સુખ જણાય છે ને બીજું સર્વે દુઃખરૂપ જણાય છે.' આવી રીતે શ્રીજીમહારાજે પોતાના સ્વરૂપમાં અખંડ વૃત્તિ તથા ધ્યાનનો મહિમા ઘણાં વચનામૃતમાં કહેલ છે.

## ૫. બ્રહ્મરૂપ અથવા પુરુષોત્તમરૂપ થઈને ધ્યાન કરવાની આજ્ઞા

ગ. મ. વ. ૧૯ માં :- 'તે ભગવાનનું જ ધ્યાન કરવું અને એ વિના કોઈ દેવનું ધ્યાન ન કરવું. બીજું જે સાધુ સિદ્ધગતિને પામ્યા હોય ને સમાધિનિષ્ઠ હોય તેનું પણ ધ્યાન ન કરવું.'

ભાવાર્થ :- ધ્યાન કેવી રીતે કરવું તો, દેહાત્મબુદ્ધિ સોતો શ્રીજીમહારાજને સન્મુખ ધારીને ધ્યાન કરે તે અવરભાવનું ધ્યાન છે અને સદા દિવ્યાકાર મૂર્તિમાન સર્વોપરી પુરુષોત્તમ એવા જે શ્રી સ્વામિનારાયણ તેમના તેજ:પુંજરૂપ બ્રહ્મ તે રૂપ થઈને એ તેજ:પુંજરૂપ અક્ષરબ્રહ્મ - તેમાં મૂર્તિ ધારવી તે પરભાવનું ધ્યાન છે અને મૂર્તિના તદાકારભાવને પામીને ધ્યાન કરવું એ પરભાવમાં અતિ ઉત્તમ ધ્યાન છે.

લો. વ. ૧૧ માં : - 'અને જેવી ભગવાનની મૂર્તિ પોતાને મળી હોય તેનું જ ધ્યાન કરવું અને પૂર્વે ભગવાનના અવતાર થઈ ગયા તે મૂર્તિનું ધ્યાન ન કરવું અને પોતાને ભગવાનની (અમારી) જે મૂર્તિ મળી હોય તેને વિષે જ પતિવ્રતાની પેઠે ટેકે રાખવી.'

ભાવાર્થ : 'આ તમને મળી જે મૂર્તિ તેનું ધ્યાન કરવું' એમ શ્રીજીમહારાજે કહ્યું તે મનુષ્યરૂપ મૂર્તિ તો આજ દૃષ્ટિગોચર

નથી માટે આજ કઈ મૂર્તિ જાણવી? તો જે મૂર્તિ મનુષ્યરૂપે હતી, તે જ મૂર્તિ આજ પ્રતિમા રૂપે છે માટે પ્રતિમાનું ધ્યાન કરવું. હવે ધ્યાન કેવી રીતે કરવું તો, શ્રીજીમહારાજનું તેજ જે અક્ષરધામ તે રૂપ પોતાને માનીને તેજમાં મૂર્તિ ધારવી તે પરમ એકાંતિક મુક્તની સ્થિતિ પામવાનું ધ્યાન છે અને શ્રીજીમહારાજની મૂર્તિમાં રહીને શ્રીજીમહારાજની મૂર્તિ ધારવી તે અનાદિમુક્તની સ્થિતિ પામવાનું ધ્યાન છે.

ગ. મ. વ. ૮ માં : - 'અને અંતર્દૃષ્ટિએ કરીને જે ભગવાનના ભક્તને વર્તવું તે જ્ઞાનયજ્ઞ કહેવાય છે. હવે કોઈ એમ પૂછે જે, અંતર્દૃષ્ટિ તે શું? તો તેનો ઉત્તર એ છે જે, બહાર અથવા માંહેલી કોરે ભગવાનની મૂર્તિ સામી જે વૃત્તિ કરવી એ જ અંતર્દૃષ્ટિ છે અને તે વિના તો અંતર્દૃષ્ટિ કરીને બેઠો છે પણ બાહ્યદૃષ્ટિ જ છે.'

ભાવાર્થ : - બહાર એટલે સન્મુખ અક્ષરભુવનમાં અથવા લીંબતરૂ તળે ઢોલિયામાં સંત-હરિભક્તની સભામાં વિરાજમાન છે ને વસ્ત્ર-આભૂષણ, ચંદન-પુષ્પ વગેરે ધારણ કર્યાં છે. એવી રીતે શ્રીજીમહારાજને ધારીને ધ્યાન કરવું તે અવરભાવની અંતર્દૃષ્ટિનું ધ્યાન છે. અને પોતાના આત્માને અક્ષરધામરૂપ માનીને તેજના સમૂહમાં તેજોમય દિવ્ય મૂર્તિ દિવ્ય શોભાએ યુક્ત એવા શ્રીહરિને ધારીને ધ્યાન કરવું અથવા મૂર્તિરૂપ થઈને એટલે મૂર્તિમાં રહીને સળંગ મૂર્તિ

ધારવી એવી રીતે ધ્યાન કરવું તે પરભાવની અંતર્દષ્ટિનું ધ્યાન છે.

સા. વ. ૧૦ માં : - શ્રીજીમહારાજ બોલ્યા જે, 'ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર - એ સર્વે જે ભગવાનનાં ધામ તેને બાહ્યદૃષ્ટિએ કરીને જોઈએ તો ઘણાં છેટે છે અને આત્મદૃષ્ટિએ કરીને જોઈએ તો એક અણુ જેટલું પણ છેટું નથી. માટે બાહ્યદૃષ્ટિવાળાની સમજણ છે તે મિથ્યા છે આત્મદૃષ્ટિવાળાની સમજણ છે તે સત્ય છે. અને જે સાધુ એમ સમજતો હોય જે, મારા ચૈતન્યને વિષે આ ભગવાન સદાય વિરાજમાન છે તે જેમ દેહમાં જીવ હોય તેમ મારા જીવને વિષે ભગવાન રહ્યા છે, ને મારો જીવ છે તે તો શરીર છે અને ભગવાન તો મારા જીવના શરીરી છે અને પોતાના જીવાત્માને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ શરીર થકી પૃથક્ માને અને તેને વિષે અખંડ ભગવાન વિરાજમાન છે એમ સમજે તો તે સંત થકી ભગવાન અથવા ભગવાનનાં ધામ તે અણુમાત્ર છેટે નથી, અને એવી રીતનો જે સંત હોય તે તો જેવા શ્વેતદ્વીપમાં મુક્ત છે તે સરખો છે અને એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે મુને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું ને એવી સમજણવાળો જે સંત તે તો કૃતાર્થ છે.'

ભાવાર્થ : - બહારદૃષ્ટિવાળો આવરણ ઉલ્લંઘીને ધામમાં જવાશે એમ સમજે તેથી તેને ભગવાનનું સમીપપણું રહેતું

નથી એ દોષ છે, માટે એની સમજણ મિથ્યા કહી છે અને આત્મદૃષ્ટિવાળો પોતાના જીવાત્માને શ્રીહરિજીના તેજરૂપ જે બ્રહ્મ તે રૂપ માને છે ને તેમાં શ્રીજીમહારાજ રહ્યા છે એમ સમજે છે તેથી એને શ્રીજીમહારાજનું સમીપપણું રહે છે પણ આવરણ રહેતું નથી, માટે એની સમજણ સત્ય છે. અને અહીં અક્ષરધામને શ્વેતદ્વીપ નામે કહ્યું છે અને સંતને અક્ષરધામના મુક્ત કહ્યા છે તેનું દર્શન શ્રીજીમહારાજે પોતા જેવું કહ્યું છે.

વ. વ. ૯ માં શ્રીજીમહારાજે કહ્યું છે જે, 'ચિદાકાશને મધ્યે (મારા તેજના સમૂહમાં) સદાય ભગવાનની મૂર્તિ વિરાજમાન છે, (હું પોતે વિરાજમાન છું) તે મૂર્તિને વિષે (મારે વિષે) જ્યારે સમાધિ થાય છે ત્યારે એક ક્ષણ માત્ર ભગવાનના સ્વરૂપમાં (મારા સ્વરૂપમાં) સ્થિતિ થઈ હોય, તે ભજનના કરનારાને એમ જણાય છે જે, હજારો વર્ષ પર્યંત મે સમાધિને વિષે સુખ ભોગવ્યું એવી રીતે ભગવાનના (મારા) સ્વરૂપ સંબંધી જે નિર્ગુણ સુખ તે જણાય છે અને જે માયિક સુખ છે તે બહુકાળ ભોગવ્યું હોય તો પણ અંતે ક્ષણ જેવું જણાય છે, માટે ભગવાનના (મારા) સ્વરૂપ સંબંધી જે નિર્ગુણ સુખ છે તે અખંડ-અવિનાશી છે ને માયિક સુખ છે તે નાશવંત છે.' આવી રીતે મહિમા સમજી પોતાને બ્રહ્મરૂપ અથવા પુરુષોત્તમરૂપ માનીને **ધ્યાન કરવું.**

## ૬. સ્વરૂપનિષ્ઠા જે શ્રીજીમહારાજ અનાદિમુક્તને મૂર્તિમાં રાખે છે તેનું વિવેચન

ગ. પ્ર. વ. ૫૧ માં : - 'અક્ષરથકી પર અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તે છે, ને તે સર્વેની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેના કર્તા છે ને સર્વના કારણ છે; અને જે કારણ હોય તે પોતાના કાર્યને વિષે વ્યાપક હોય ને તેથી જુદું પણ રહે, માટે એ સર્વના કારણ જે પુરુષોત્તમ ભગવાન તેની દૃષ્ટિએ કરીને જોઈએ ત્યારે એ પુરુષોત્તમ ભગવાન વિના બીજું કાંઈ ભાસે નહિ.'

ભાવાર્થ : પુરુષોત્તમની દૃષ્ટિએ કેવી રીતે જોવાતું હશે? તો શ્રીજીમહારાજ જે મુક્તને પોતાની મૂર્તિમાં રાખે છે તે મુક્તને શ્રીજીમહારાજ સાથે અંગેઅંગમાં એકતા થાય છે ને તે અનાદિમુક્ત કહેવાય છે. તે મુક્ત 'પુરુષોત્તમની દૃષ્ટિએ' એટલે પુરુષોત્તમના નેત્રે કરીને જુએ છે ત્યારે એને પુરુષોત્તમ વિના બીજું કાંઈ ભાસતું જ નથી, તે પુરુષોત્તમની દૃષ્ટિએ જોયું કહેવાય છે. અને એ મુક્તને કોઈને વિષે સારપ કે મહત્તા રહેતી નથી અને કાંઈ જોતા પણ નથી. આવી રીતે પુરુષોત્તમની દૃષ્ટિએ જોવું એ અનાદિમુક્તની સ્થિતિ છે.

'જે જીવ સંતનો સમાગમ કરીને આ પુરુષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે ત્યારે એનાં ઇંદ્રિયો -

અંતઃકરણ સર્વે પુરુષોત્તમરૂપ થઈ જાય છે.' (ગ. પ્ર. વ. ૫૧)

ભાવાર્થ : - 'ઇંદ્રિયો-અંતઃકરણ દિવ્ય થાય છે' એમ કહ્યું તે **અવરભાવમાં** પુરુષોત્તમનો મહિમા અને અનાદિમુક્તની સ્થિતિ તે સંતના સમાગમથી મુમુક્ષુને સમજાય છે ત્યારે એનાં ઇંદ્રિયો-અંતઃકરણ **પુરુષોત્તમરૂપ** એટલે પુરુષોત્તમના જ્ઞાન-ધ્યાને કરીને દિવ્ય થાય છે, પછી એ દિવ્ય ઇંદ્રિયો-અંતઃકરણે કરીને ભગવાનનો નિશ્ચય થાય છે એટલે શ્રીજીમહારાજ અનાદિમુક્તને પોતાની મૂર્તિમાં રાખે છે, એવા અનંત અનાદિમુક્તના સ્વામી શ્રીજીમહારાજ છે. આવો માહાત્મ્યજ્ઞાને સહિત અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય થાય છે.

અને **પરભાવમાં** મહિમા સમજાય છે ત્યારે એનાં 'ઇંદ્રિયો-અંતઃકરણ **પુરુષોત્તમરૂપ** થાય છે' એટલે એ મુમુક્ષુનો આત્મા જ પુરુષોત્તમના જેવો સાકાર અનાદિમુક્ત થાય છે તેણે કરીને ભગવાનનો નિશ્ચય થાય છે, એટલે એ અનાદિમુક્ત થયો તે જ અનાદિમુક્તના સ્વામી શ્રીજીમહારાજને જેવા છે, તેવા યથાર્થ અનુભવજ્ઞાને કરીને સાક્ષાત્કાર અનુભવી શકે છે, એટલે સળંગ સ્વરૂપનો સુખભોક્તા થાય છે. આવો ભાવાર્થ છે.

હવે અનાદિમુક્તની સ્થિતિની દૃઢતાને અર્થે શ્રીહરિ હીરાના દૃષ્ટાંતથી સમજાવે છે : 'જેમ હીરે કરીને હીરો વેંધાય છે પણ બીજા વતે નથી વેંધાતો તેમ ભગવાનનો

નિશ્ચય ભગવાન વતે જ થાય છે. અને ભગવાનનું દર્શન પણ ભગવાન વતે જ થાય છે.' (ગ. પ્ર. વ. ૫૧)

ભાવાર્થ :- **અવરભાવમાં** 'ભગવાનનો નિશ્ચય' એટલે પરમ એકાંતિક મુક્ત અને અનાદિમુક્તના સ્વામી શ્રીજીમહારાજ છે તે પોતે પોતાની સાથે મુક્તને એકાત્મતા પમાડે છે એટલે મૂર્તિમાં રાખે છે. આવો માહાત્મ્ય જ્ઞાને સહિત નિર્વિકલ્પ નિશ્ચય 'ભગવાન વતે જ થાય છે' એટલે શ્રીજીમહારાજ પોતે, કે સંતદ્વારે કૃપા કરીને જેને આવું માહાત્મ્ય જ્ઞાન સમજાવે છે તે જ સમજી શકે છે.

અને **પરભાવમાં** અનાદિમુક્તની સ્થિતિને શ્રીહરિ પોતે જ જેને પ્રાપ્ત કરાવે છે તેને જ પ્રાપ્ત થાય છે અર્થાત્ અનાદિમુક્ત થાય છે તે 'ભગવાન વતે જ થાય છે' એટલે શ્રીજીમહારાજ જેને મૂર્તિમાં રાખે છે તે જ મૂર્તિમાં રહી શકે છે.

અને 'ભગવાનનું દર્શન પણ ભગવાન વતે જ થાય છે' એટલે અનાદિમુક્ત શ્રીજીમહારાજ સાથે એકાત્મતા પ્રાપ્ત કરીને એ મૂર્તિનાં દર્શન કરે છે, એ શ્રીજીમહારાજ વતે શ્રીજીમહારાજનું દર્શન કહેવાય છે. ઇતિ ગઢડા પ્રથમના ૫૧નો ભાવાર્થ.

**હવે શ્રીજીમહારાજ પોતાના એકાંતિક ભક્તને દિવ્ય સાકાર કરીને પોતાની મૂર્તિમાં રાખે છે** તે સારંગપુરના ૧૧મા

વચનામૃતમાં કહ્યું છે તે જુઓ :-

ભાવાર્થ : - 'વૈરાગ્ય, શ્રદ્ધા, બ્રહ્મચર્ય, અહિંસા ધર્મ ને આત્મનિષ્ઠા એ પાંચ સાધન સિદ્ધ કરે તે પુરુષ પ્રયત્ન છે, તેણે યુક્ત થાય તે જન્મ-મરણથી રહિત થઈને આત્મસત્તાને પામે છે' એટલે અમારા તેજઃપુંજરૂપ જે બ્રહ્મ તે રૂપ થાય છે અને એના ઉપર જ અમારી કૃપા થાય છે ત્યારે અમારો એકાંતિક ભક્ત થાય છે. પછી તેને અમે અમારું પરમ સાધર્મ્યપણું જે 'અમારા તુલ્યપણાને પમાડીએ છીએ.' અર્થાત્ અમારા જેવો દિવ્ય મૂર્તિમાન કરીને અમારી સાથે એકાત્મતા પ્રાપ્ત કરાવીએ છીએ.

'અને લક્ષ્મીજીની પેઠે તે ભક્ત અતિશય હેતે કરીને ભગવાનને (અમારે) વિષે ક્યારેક લીન થઈ જાય છે.' એટલે મૂર્તિમાન થકો જ અમારી મૂર્તિ સાથે એકાત્માપણે મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવે છે અને 'સ્વતંત્ર થાય છે' એટલે અમે જ કૃપા કરીને એ મુક્તને અમારામાં લીન રહી શકે ને સુખ ભોગવી શકે અને અમને તથા મુક્તને જાણી શકે એવો સ્વતંત્ર કરીએ છીએ. 'અને ક્યારેક તો મૂર્તિમાન થકો ભગવાનની સેવામાં રહે છે.' એટલે જ્યારે અમે જીવોના મોક્ષ કરવા મનુષ્ય-રૂપે દર્શન આપીએ છીએ ત્યારે એ મુક્ત પણ મનુષ્ય-રૂપે થઈને અમારી સેવામાં રહે છે.

**વળી અનાદિમુક્તની સ્થિતિ સૌથી અધિક છે** એમ

શ્રીજીમહારાજ પોતે જ સમજાવે છે. છે. વ. ૨૧ માં:-

'શા માટે જે આ સત્સંગ છે તે તો અલૌકિક છે ને જેવા શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગોલોક, તેને વિષે ભગવાનના પાર્ષદ છે તે જેવા જ આ સર્વે સત્સંગી છે ને અમે તો જેવા સર્વથી પર જે અક્ષરધામ તેને વિષે ભગવાનના પાર્ષદ છે તે થકી અધિક જો આ સત્સંગીને ન જાણતા હોઈએ તો અમને ભગવાન તથા ભગવાનના ભક્તના સમ છે.' (જુની પ્રતમાં)

ભાવાર્થ : - આમાં શ્રીજીમહારાજે દિવ્ય ધામમાં જે 'પાર્ષદ' કહ્યા તે પરમ એકાંતિક મુક્તને કહ્યા છે, તેથી અધિક 'આ સત્સંગીને' કહ્યા તે ગોપાળાનંદ સ્વામી આદિક પોતાના અનાદિમુક્તને કહ્યા છે. આ વાત ગોપાળાનંદ સ્વામી થકી શુકસ્વામીએ જાણી ને શુકસ્વામી થકી નિર્ગુણદાસજી સ્વામી દ્વારા સત્સંગમાં પ્રવર્તેલ છે.

(શિક્ષાપત્રી ભાષ્ય)

मुक्तानामपि सिद्धानां नारायण-परायणः ।
सुदुर्लभः प्रशान्तात्मा कोटिष्वपि महामुने।।

હે મહામુને! સિદ્ધદશાને પામેલા એવા કોટિ કોટિ મુક્તના મધ્યે પણ નારાયણ જે શ્રી સ્વામિનારાયણ એ જ છે પરમ 'अयन' કહેતાં નિવાસસ્થાન જેમને અર્થાત્ શ્રીહરિની સાથે એકાત્મ્યતા પ્રાપ્ત કરીને શ્રીહરિ સ્વરૂપમાં રહેલા અને પ્રશાન્તાત્મા કહેતાં શ્રીહરિ સંબંધી સુખભોક્તા એવા મુક્ત

અતિ અધિક છે.[૧]

ગ. પ્ર. વ. ૫૬ માં : - શ્રીજીમહારાજ બોલ્યા જે, 'કેટલાક સિદ્ધ થાય છે, કેટલાક સર્વજ્ઞ થાય છે ને કેટલાક દેવતા થાય છે, ઇત્યાદિક અનંત પ્રકારની મોટપ પામે છે તથા પરમપદને પામે છે. એ સર્વે ભગવાનની ઉપાસનાને બળે પામે છે પણ ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થાતી નથી, માટે શાસ્ત્રમાંથી આત્મા-અનાત્માની વિગત સમજીને અથવા કોઈક મોટા સંતના મુખથી વાત સાંભળીને જાણે જે, હું આત્મા-અનાત્માની વિગતી કરી લઉં એમ વિગતી થાતી નથી; એ તો એ જીવને જેટલી પોતાના ઇષ્ટદેવ જે પરમેશ્વર તેને વિષે નિષ્ઠા હોય તેટલો જ આત્મા-અનાત્માનો વિવેક થાય છે, પણ ઇષ્ટદેવના બળ વિના તો કોઈ સાધન સિદ્ધ થાતાં નથી.'

ભાવાર્થ : - માટે અમારો મહિમા સમજવો જે, આ ભગવાન જે શ્રીજીમહારાજ તે વૈકુંઠ, ગોલોક, બદરિકાશ્રમ ને શ્વેતદ્વીપ તે ધામ અને એ ધામમાં રહ્યા જે મુક્ત અને તેમના પતિ તે સર્વેને સુખ, સામર્થ્ય ને પ્રકાશના પ્રકાશક છે. અને બ્રહ્મમહોલ જે પોતાના પ્રકાશરૂપ અક્ષરધામ તેના નિવાસી છે. અને તે ધામને વિષે પોતાની પાસે રહ્યા જે પરમ

૧. મૂળ શ્લોક ૫૫ ની ટીકામાં આ શ્લોક છે.

એકાંતિક મુક્ત તથા પોતાની મૂર્તિમાં રાખ્યા જે અનાદિમુક્ત તેમના સ્વામી છે અને તે મુક્તને પોતાનું સર્વોપરી સંપૂર્ણ સુખ, સામર્થ્ય ને પ્રકાશાદિકના પ્રદાતા છે ને નિયંતા છે, અને પોતાના પ્રકાશરૂપ અક્ષરધામમાં દાસભાવે મૂર્તિનું સુખ ભોગવવું તે રૂપી સેવાના કરનારા તો પરમ એકાંતિક મુક્ત તથા મૂર્તિમાં રહેલા અનાદિમુક્ત છે. અને તે શ્રીજીમહારાજના એક અંગમાં અનંતકોટિ અનાદિમુક્ત ને પરમ એકાંતિક મુક્ત તેમના સુખ, સામર્થ્ય ને પ્રકાશાદિક સર્વે સમાઈ જાય છે, એવા શ્રી સ્વામિનારાયણ શ્રીજીમહારાજ અતિશય રૂપાળા છે ને અતિશય સુખસ્વરૂપ છે ને અતિશય પ્રકાશે યુક્ત છે. એવા જે શ્રીજીમહારાજ તે પોતાનો પ્રકાશ અને પોતાના મુક્તને પોતામાં લીન રાખીને ભક્તના સુખ સારુ મનુષ્ય જેવા થઈને દર્શન-સેવા-સમાગમનું સુખ આપે છે. અને ગોલોકાદિક ધામના પતિ તથા પાર્ષદો તે પણ પ્રગટના સુખની પ્રાપ્તિને અર્થે મનુષ્ય જેવા થઈને આ શ્રીજીમહારાજની સેવામાં રહ્યા છે. અને અક્ષરધામના નિવાસી એવા પરમ એકાંતિક મુક્ત પણ શ્રીજીની ઇચ્છાથી મનુષ્ય જેવા થઈને આ શ્રીજીમહારાજની સેવા-સમાગમ કરવા આવ્યા છે. અને આવા -સર્વોપરી પુરુષોત્તમ શ્રીજીમહારાજ છે તે મને પ્રત્યક્ષ સાક્ષાત્કાર મળ્યા છે ને પોતાની સેવા-સમાગમનું સુખ આપ્યું છે. અને ધર્મ, જ્ઞાન,

વૈરાગ્ય દઢ કરાવીને પાત્ર કર્યો છે ને કેવળ કૃપા કરી પોતાના સ્વરૂપનું જ્ઞાન-ધ્યાન કરાવી, પોતા જેવો અનાદિમુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે; હું અનાદિમુક્ત છું; સળંગ મૂર્તિનું રોમરોમ નવીન નવીન સુખ અખંડ અનુભવું છું. આવો પ્રત્યક્ષ શ્રીજીમહારાજનો મહિમા વિચારવો, એમ મનન કરવાથી શ્રીજીમહારાજમાં પ્રેમ વૃદ્ધિ પામે છે. અને ઉપાસના ને સ્વરૂપનિષ્ઠા પરિપક્વ થાય છે. તથા ગોરધનભાઈની પેઠે શ્રીજીમહારાજની મૂર્તિમાં ઉપશમ વર્તે છે. અને સ્વરૂપાનંદ સ્વામીની પેઠે અખંડ મૂર્તિમાં જ રહેવાય છે, ને દૈહિક ક્રિયા તો આજ્ઞા પ્રમાણે શ્રીજીમહારાજની ઇચ્છાથી થાય છે. અને દેહના દેખાવનો અહંભાવ નથી રહેતો. વળી દેહાભિમાન, પંચવિષયના રાગ, ઐશ્વર્યની ઈષણા તથા કામાદિક સ્વભાવ આદિ સર્વે જીવમાંથી નીકળી જાય છે : એક મૂર્તિ જ રહે છે, આ સર્વોપરી માહાત્મ્યજ્ઞાને સહિત ઉપાસના તથા સ્વરૂપનિષ્ઠા કહેવાય છે.

ગ. મ. વ. ૬૬ માં :- શ્રીજીમહારાજ બોલ્યા કે, 'જેને ભગવાન અને ભગવાનનાં સંતની પ્રાપ્તિ થઈ છે તેને જીવતે તો ભગવાનનાં કથા-કીર્તન કરતા થકાં જ દિવસ ને રાત્રિ વીતે છે. અને ત્રણે અવસ્થાથી પર જે પોતાનો જીવાત્મા તેનું બ્રહ્મરૂપે સાક્ષાત્ દર્શન થાય છે, અને ભગવાન વિના અન્ય પદાર્થ માત્રને વિષે વૈરાગ્ય થાય છે, અને અધર્મનો ત્યાગ

કરીને ધર્મને વિષે રહેવાય છે, અને દેહ મૂકે ત્યારે એવા ભક્તને ભગવાન પોતા જેવો જ કરે છે... તેમ જે પોતાના અનન્ય ભક્ત હોય તે સર્વેને ભગવાન એવી પ્રાપ્તિ કરાવે છે..... ને અખંડ ભગવાનની સેવાને વિષે રહે છે એવી દેહ મૂક્યા કેડે પ્રાપ્તિ થાય છે.'

ભાવાર્થ :- આમાં શ્રીજીમહારાજે 'અમારા ભક્તને અમારા જેવો જ કરીએ છીએ ને અખંડ સેવામાં રાખીએ છીએ' એમ કહ્યું, તે નિષ્કામ ભક્તને પોતાના જેવો એટલે અનાદિમુક્ત કરે છે અને 'અખંડ પોતાની સેવાને વિષે' એટલે શ્રીહરિમાં એકાત્મ્યભાવે જોડાઈએ રહીને મૂર્તિનું સુખ ભોગવાવવું તે રૂપી સેવાને વિષે રાખે છે.

ગ. મ. વ. ૬૭ માં : - શ્રીજીમહારાજ બોલ્યા કે, 'અમે સર્વે સંત પ્રત્યે પ્રશ્ન કરીએ છીએ જે ભગવાનનો (અમારો) ભક્ત દેહ મૂકીને બ્રહ્મરૂપ થઈને (અમારારૂપ થઈને) ભગવાનના (અમારા) ધામમાં જાય છે, પછી એમાં ને ભગવાનમાં (મુક્તમાં ને અમારામાં) શો અંતરાય રહે છે જેણે કરીને સ્વામી-સેવકપણાનો નાતો રહે છે? કેમ જે એ ભગવાનનો (અમારો) ભક્ત છે તે પણ જેવા ભગવાન (શ્રીજીમહારાજ) સ્વતંત્ર છે ને કાળ, કર્મ ને માયા તેને આવરણે કરીને રહિત છે તેવો જ થાય છે માટે એમાં શો ભેદ રહે છે જેણે કરીને સ્વામી-સેવકપણું રહે છે? એ પ્રશ્ન

છે.' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એનો ઉત્તર એમ છે જે, ભગવાનનો (અમારો) ભક્ત હોય તેણે જેવા ભગવાનને (અમને) જાણ્યા હોય, જે ભગવાન (શ્રીજીમહારાજ) આટલી સામર્થીએ યુક્ત છે, અને આટલી શોભાએ યુક્ત છે અને આવા સુખરૂપ છે, એવી રીતે એ ભક્તે જેટલો ભગવાનનો (અમારો) મહિમા જાણ્યો છે અને જેવા પ્રતાપે યુક્ત ભગવાનને (અમને) જાણ્યા છે તે ભક્ત જ્યારે દેહ મૂકીને ભગવાનના (અમારા) ધામમાં જાય છે, ત્યારે રૂપ તથા સામર્થી તે એ ભકતની પણ તેવી જ (અમારા જેવી જ) થાય છે તો પણ ભગવાનની (અમારી) સામર્થી અને ભગવાનનું (અમારું) સુંદરપણું ઇત્યાદિક જે પ્રતાપ તે એ ભક્તને (મુક્તને) ભગવાનને (અમારે) વિષે અતિશય જણાય છે, ત્યારે એ ભક્ત (મુક્ત) એમ જાણે છે જે મેં જેટલો પ્રતાપ જાણ્યો હતો ને સુંદરપણું જાણ્યું હતું તેટલું ઐશ્વર્ય ને સુંદરપણું તો મુને પણ ભગવાને (શ્રીજીમહારાજે) આપ્યું છે તો પણ ભગવાનનું (શ્રીજીમહારાજનું) ઐશ્ચર્ય ને સુંદરપણું તે તો અતિશય અપાર દેખાય છે, માટે મું જેવા અનંત ભગવાનના (શ્રીજીમહારાજના) સાધર્મ્યપણાને પામ્યા છે તો પણ ભગવાન (શ્રીજીમહારાજ) જેવો કોઈ થાવાને સમર્થ થાતો નથી. શા માટે જે ભગવાનનો (શ્રીજીમહારાજનો) મહિમા, ગુણ, કર્મ, જન્મ ને સામર્થી તથા સુંદરતા, સુખદાયકપણું એ

આદિક જે અનંત કલ્યાણકારી ગુણ તેના પારને શેષ, શારદા, બ્રહ્માદિક દેવતા તથા ચાર વેદ એ પામતા નથી, અને ભગવાન (અમે) પોતે પણ પોતાના મહિમાના પારને પામતા નથી, માટે ભગવાન તો સર્વે સામર્થીએ કરીને અપાર છે અને ભગવાનને (અમને) ભજીને અનંતકોટિ વૈષ્ણવ, ભગવાન સરખા (અમારા સરખા) થયા છે તો પણ ભગવાનમાંથી (અમારામાંથી) કોઈ જાતનો પ્રતાપ અણુ જેટલો પણ ન્યૂન થયો નથી, જેમ મીઠા જળનો સમુદ્ર ભર્યો હોય તેમાંથી મનુષ્ય, પશુ, પંખી સર્વે જેટલું ભાવે તેટલું જળ પીએ તથા પાત્ર ભરી લે તો પણ ઓછું થાતું નથી. શા માટે જે સમુદ્ર તો અગાધ છે તેમ જ ભગવાનનો (અમારો) મહિમા પણ અતિશય અપાર છે માટે કોઈ રીતે કરીને વધે ઘટે એવો નથી. તે સારુ જે જે ભગવાનના (અમારા) ભક્ત બ્રહ્મ સ્વરૂપ થયા છે (અનાદિમુક્ત થયા છે) તો પણ ભગવાનના (અમારા) દૃઢ દાસ થઈને ભગવાનનું (અમારું) ભજન કરે છે, એવી રીતે ભગવાનના (અમારા) ભક્ત ભગવાનના (અમારા) સાધર્મ્યપણાને પામે છે (અમારા રૂપ અનાદિમુક્ત થાય છે) તો પણ સ્વામી સેવકપણું રહે છે, એ જ એ પ્રશ્નનો ઉત્તર છે.'

ભાવાર્થ :- આ વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમારો ભક્ત છે તે પણ જેવા અમે સ્વતંત્ર છીએ ને કાળ,

કર્મ, માયા તેને આવરણે કરીને રહિત છીએ તેવો જ થાય છે. અને અમને જેવા જાણે તેવા થાય છે તથા 'અનંતકોટિ વૈષ્ણવ ભગવાન સરખા થયા છે તથા ભગવાનના સાધર્મ્યપણાને પામે છે.' એમ શ્રીજીમહારાજે કહ્યું તેનો ભાવાર્થ એવો છે જે, અનાદિમુક્ત છે તે શ્રીજીમહારાજ સ્વરૂપ છે અને શ્રીજીમહારાજની મૂર્તિમાં તલ્લીન તદ્રૂપ થઈને રહે છે અને સળંગ મૂર્તિના રોમરોમનું નવીન નવીન સુખ અખંડ અનુભવે છે એવા આનાદિમુક્ત થાય છે. અને તે અનાદિમુક્ત જેમ શ્રીજીમહારાજ અનાદિ ને સ્વતંત્ર છે તેમ જ તે પણ અનાદિ ને સ્વતંત્ર થાય છે ને જેટલું શ્રીજીમહારાજનું કર્યું થાય છે તેટલું જ તેમના મુક્તનું કર્યું પણ તેમને લઈને થાય છે, એવા અનાદિમુક્ત થાય છે એમ સમજાવ્યું છે. અને તે અનાદિમુક્ત શ્રીહરિ સાથે એકાત્મ્યપણું પામીને મૂર્તિમાં જોડાઈ રહે છે ને શ્રીજીમહારાજનું સુખ પરમએકાંતિક મુક્તથી અધિક ભોગવે છે, તેમ જ તે અનાદિમુક્ત શ્રીજીમહારાજનું માહાત્મ્ય પણ અપાર અધિક જાણે છે તેથી કરીને તે અનાદિમુક્તને દાસપણું પણ અતિ અધિક રહે છે. અને અનાદિમુક્ત ભગવાનનું સાધર્મ્યપણું પામે છે. હવે સાધર્મ્યપણું તે શું, તો સર્વ મુક્તનું સ્વામીપણું, દાતાપણું અને નિયંતાપણું. એ વિના બીજા રૂપ, ગુણ, લાવણ્યતા, સુંદરતા, સ્વતંત્રતા, ઐશ્વર્ય, પ્રતાપ, સામર્થ્ય,

સુખદાયીપણું ઇત્યાદિક ગુણે કરીને સાધર્મ્યપણાને પામે છે એટલે સરખા ભાવને પામે છે તો પણ તે મુક્તોને શ્રીજીમહારાજમાં પ્રકાશ, રૂપ, ઐશ્વર્ય, પ્રતાપ, સામર્થ્ય, સુખ, સ્વતંત્રપણું આદિ અનંત ગુણ પોતાથી અધિક ને અપાર જણાય છે તેથી શ્રીહરિમાં દાસપણું પણ વિશેષ રહે છે. ઇતિ ભાવાર્થ.

સા. વ. ૧૭ માં : - 'તેમ માયારૂપી અંતરાય ટળીને જેમ જેમ ભગવાનને ઢુંકડું થવાય છે તેમ તેમ ભગવાનની પણ અતિ અપાર મોટપ જણાતી જાય છે અને ભગવાનને વિષે દાસપણું પણ અતિ દઢ થાતું જાય છે.' આમાં અનાદિમુક્તને સૌથી અધિક મહારાજનો મહિમા સમજાય છે ને દાસભાવ પણ દઢ રહે છે. એવો ભાવ છે કારણ કે તેમને શ્રીજીમહારાજનું અત્યંત સમીપપણું છે.

છે. વ. ૩૯ માં : - 'ભગવાનનો (અમારો) જે ભક્ત હોય તેને આત્મનિષ્ઠાનું બળ તથા ભગવાનના (અમારા) માહાત્મ્યનું બળ એ બળ જોઈએ. તે આત્મનિષ્ઠા તે શું? તો પોતાના આત્માને દેહથી પૃથક્ જાણવો. અને એ આત્મા તો સૂર્ય તથા અગ્નિ જેવો તેજસ્વી છે ને જાણપણે યુક્ત છે.'

ભાવાર્થ :- આ વચનામૃતમાં પોતાના સ્વરૂપને તથા શ્રીજીમહારાજના સ્વરૂપને જાણી શકે એવો જે આત્મા તેને શ્રીજીમહારાજના સ્વરૂપમાં લીન કરીને એટલે શ્રીહરિ સાથે

એકાત્મ્યતા પ્રાપ્ત કરીને શ્રીજીમહારાજરૂપ માનવો જે, હું આત્મા છું એટલે શ્રીજીમહારાજ સ્વરૂપ અનાદિમુક્ત છું; મારા સ્વામી પરમાત્મા શ્રીજીમહારાજ છે; હું બ્રહ્મ છું અને મારા સ્વામી પરબ્રહ્મ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે; હું અક્ષરધામ છું અને અક્ષરાતીત અને અક્ષરધામના ધામી એવા સહજાનંદ સ્વામી મારા સ્વામી છે, આવી રીતે શ્રીજીમહારાજરૂપ પોતાનો જે આત્મા તેને અનાદિમુક્તરૂપ માનવો અથવા શ્રીજીમહારાજના પ્રકાશરૂપ અક્ષરધામ તે રૂપ છું એમ માનવું. પછી શ્રીજીમહારાજ કૃપા કરે છે ત્યારે તે ભક્ત શ્રીજીમહારાજના જેવો દિવ્ય સાકાર થાય છે અને એ મુક્તને શ્રીહરિ પોતાના સ્વરૂપમાં રાખે છે તથા પોતાના આનંદનો અનુભવ કરાવે છે.

તથા એ જ વચનામૃતમાં (છેલ્લાના ૩૯ માં):- 'ભગવાનને તો એવા બ્રહ્માંડની પણ ગણતી નથી, માટે ભગવાનની તો બહુ મોટપ છે. અને તે બ્રહ્માંડને વિષે આ જીવ છે તે ભગવાનની આગળ શા લેખામાં છે? કાંઈ નથી; અતિ તુચ્છ છે. અને તે ભગવાને એ બ્રહ્માંડોને વિષે પંચવિષય સંબંધી સુખ જીવોને આપ્યું છે તે સુખ કેવું છે? તો એ સુખને સારુ કેટલાક પોતાનાં માથાં કપાવે છે એવું મહા દુર્લભ જેવું જણાય છે, ત્યારે પોતાની મૂર્તિમાં તથા પોતાના ધામમાં જે સુખ છે તે તો બહુ ભારે છે અને પ્રાકૃત વિષય

સુખ છે તે તો અન્ય પદાર્થને આશરીને રહ્યું છે તથા પૃથક્ પૃથક્ છે, અને જે ભગવાન છે તે તો સર્વ સુખમાત્રના રાશિ છે ને એ ભગવાન સંબંધી સુખ છે તે અવિનાશી છે ને મહા અલૌકિક છે. અને જેમ કોઈક ભારે ધનાઢ્ય ગૃહસ્થ હોય તે પોતાના ઘરમાં અનેક પ્રકારનાં ભોજન જમતો હોય ને તે જમીને ઉચ્છિષ્ટ કાંઈક બટકું રોટલો વધે તે કૂતરાને નાખે ત્યારે તે અતિશય તુચ્છ કહેવાય ને પોતે જમતો હોય તે મહા સુખમય કહેવાય, તેમ ભગવાને બ્રહ્માંડોને વિષે અનેક જીવોને પંચવિષય સંબંધી સુખ આપ્યું છે, તે તો કૂતરાને નાખ્યો જે બટકું રોટલો તેની પેઠે અતિ તુચ્છ છે, ને પોતાને વિષે જે સુખ છે તે તો મહા મોટું છે.'

આ વચનામૃતમાં 'પોતાની મૂર્તિમાં તથા પોતાના ધામમાં બહુ ભારે સુખ છે' એમ કહ્યું તે સુખ અનાદિમુક્ત મૂર્તિમાં રહીને ભોગવે છે અને પરમએકાંતિક ધામમાં રહ્યા થકા સુખ લે છે. અને બીજા જીવ-ઈશ્વરનાં સુખ તો અતિશય સ્વલ્પ છે તે જુઓ :-

મહાપુરુષ ને મહામાયાના એક બિંદુ જેટલા સુખમાં અનંતકોટિ બ્રહ્માંડના જીવ-ઈશ્વર સુખિયા છે, એમ સ.જી. પ્ર. ૪, અ. ૬૮ માં કહ્યું છે :-

प्रकाशानन्दरूपं तद् यस्यैकेनापि बिन्दुना ।
जीवेशाः सुखिनः सन्ति नैकब्रह्माण्डवासिनः ।।

મહામાયા ને મહાપુરુષ તેમનું 'નાર' નામનું પ્રસ્વેદ જળ તે પ્રકાશરૂપ-આનંદરૂપ છે અને જેના એક જ બિંદુથી અનેક બ્રહ્માંડવાસી જીવ-ઈશ્વરો સુખિયા છે.

પંચાળા વ. ૧ માં : - શ્રીજીમહારાજે કહ્યું છે કે 'જેમ કોડી કરતાં પૈસામાં વધુ માલ છે ને તેથી રૂપિયામાં વધુ માલ છે ને તેથી સોનામહોરમાં વધુ માલ છે ને તેથી ચિંતામણિમાં વધુ માલ છે, તેમ જ્યાં જ્યાં પંચવિષયનું સુખ છે તેથી ભગવાનના ધામમાં ભગવાનનું સુખ અતિ અધિક છે.'

ભાવાર્થ : - કોડીને દૃષ્ટાંતે માયિક સુખ જાણવું, પૈસાને દૃષ્ટાંતે મૂળપુરુષાદિક ઈશ્વરનાં સુખ જાણવાં, રૂપિયાને દૃષ્ટાંતે બ્રહ્મકોટિનાં સુખ જાણવાં, સોનામહોરના દૃષ્ટાંતે અક્ષરકોટિનાં સુખ જાણવાં અને ચિંતામણિના દૃષ્ટાંતે શ્રીજીમહારાજનું સુખ જાણવું. આવી રીતે ભગવાનનું માહાત્મ્યજ્ઞાન તથા પોતાના આત્માને અક્ષરધામરૂપ અથવા અનાદિમુક્તરૂપ માનવો. આ બે વાતનું શ્રવણ-મનન સ્વાભાવિક જ થયા કરે એવો વેગ લગાડવો, ત્યારે આ જ્ઞાન જીવમાં ઊતરે અને સિદ્ધ થાય. પછી તેને અતિ રૂપવાન સ્ત્રીઓ અને ધન આદિ પદાર્થનો ભારે યોગ થાય તથા ભારે રાજ્ય મળે, અથવા હજારો મનુષ્ય માને-પૂજે તથા ભારે વસ્ત્ર-વાહનાદિક પદાર્થે કરીને સેવા કરે, તો પણ જ્યારે પોતાનું સ્વરૂપ તથા **શ્રીજીમહારાજનું મહાત્મ્ય** તે સામી દૃષ્ટિ

કરે ત્યારે તે સર્વેની અતિશય જ તુચ્છતા થઈ જાય છે અને એમાં કોઈ ઠેકાણે બંધાઈ જવાય નહિ, ને પૂર્વ દેહની જેમ વિસ્મૃતિ છે તેમ જ આ સર્વેની વિસ્મૃતિ થઈ જાય છે. માટે એ બે વાત જરૂર સિદ્ધ કરવી અને આ વાત સિદ્ધ થાય છે ત્યારે જ દેહ ને દેહના સંબંધીને વિષે અહંમમત્વ બુદ્ધિરૂપ માયા તે ટળી જાય છે, અને હું શ્રીજીમહારાજનો અનાદિમુક્ત છું અને શ્રીજીમહારાજના સ્વરૂપનો આનંદ અખંડ અનુભવું છું એવું સદા વર્તે છે. ઇતિ ભાવાર્થ.

છે. વ. ૨૭ માં શ્રીજીમહારાજે વાત કરી તેનો ભાવાર્થ :- શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પંચવિષય સંબંધી જે સુખ તે દિવ્યમૂર્તિ એવા ભગવાન જે અમે તે અમારી સુખમય મૂર્તિ તે રૂપ જે એક સ્થળ તેને વિષે રહ્યું છે. તે અમારાં દર્શન કરવામાં સર્વ સુખ આવે છે, તો જે મારા સ્વરૂપમાં રસબસ થઈને રહ્યા એવા જે અનાદિમુક્ત તેમને અમારી મૂર્તિનું સંપૂર્ણ સુખ આવે તેમાં શું કહેવું! તેમને તો ઘણું જ અધિક સુખ આવે છે. અને માયિક વિષયમાં ભિન્ન ભિન્નપણે સુખ રહ્યાં છે અને તે સુખ તો તુચ્છ છે ને નાશવંત છે ને અંતે અપાર દુ:ખનું કારણ છે, અને મારી મૂર્તિમાં તો સર્વે સુખ ભેળાં રહ્યાં છે તે એક સમયે જ પ્રાપ્ત થાય છે અને તે સુખ મહા અલૌકિક છે અને અખંડ-અવિનાશી છે. તે માટે મોક્ષાર્થી હોય તેમણે માયિક સુખમાંથી સર્વ પ્રકારે વૈરાગ્ય

પામીને દિવ્ય આનંદઘન એવો હું સ્વામિનારાયણ ભગવાન તે મારામાં સર્વ પ્રકારે જોડાવું.

સા. ૧. ૧ માં શ્રીજીમહારાજે કહ્યું છે કે 'ભગવાનનો મહિમા એમ વિચારે જે, હું આત્મા છું અને જે પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તે પરમાત્મા છે (અનાદિમુક્ત તથા અક્ષરધામના આધાર છે) અને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ તથા બ્રહ્મપુર તથા અનંતકોટિ બ્રહ્માંડના પતિ જે બ્રહ્માદિક દેવ એ સર્વેના સ્વામી જે શ્રી પુરુષોત્તમ તે મને પ્રત્યક્ષ મળ્યા છે અને તે મારા આત્માને વિષે પણ અખંડ વિરાજમાન છે અને તે ભગવાનનું જે એક નિમિષ માત્રનું દર્શન તે ઉપર અનંતકોટિ બ્રહ્માંડનાં જે વિષય સુખ છે તે સર્વેને વારીફેરીને નાખી દઈએ. અને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ તો અનંતકોટિ બ્રહ્માંડનાં વિષય સુખ ભેળાં કરીએ તો પણ તેના કોટિમા ભાગની બરોબર પણ થાય નહિ. અને ભગવાનનું જે અક્ષરધામ છે તેની આગળ બીજા જે દેવતાના લોક છે તેને મોક્ષ ધર્મને વિષે નરક તુલ્ય કહ્યા છે, એવા જે ભગવાન (શ્રીજીમહારાજ) તે મુને પ્રગટ મળ્યા છે તેને મૂકીને નરકના કૂંડ જેવાં જે વિષયનાં સુખ તેને હું શું ઇચ્છું? અને વિષય સુખ તો કેવળ દુઃખરૂપ જ છે, એવી રીતે ભગવાનનું (અમારું) માહાત્મ્ય જાણવે કરીને વિષયની નિવૃત્તિ થાય છે.' આવી રીતે ઘણાં વચનામૃતોમાં

અનાદિમુક્તની સ્થિતિ મહારાજે સમજાવી છે, તેમ જ કાવ્યકીર્તનમાં પણ પ્રસંગોપાત એ વાત આવે છે. તે જુઓ :-

(મુક્તાનંદ સ્વામી)

સુનત બંસી મેરી શુદ્ધ વિસરી, કહા જાનું કહા કીન. મો૦[1]
સુને કોન અબ શીખ જકતકી, હું ભઈ હરિમેં લીન.મો૦

તથા

પ્રીત કરત મેરો પલટ્યો હે અંગ ... ... ટેક
તનમન અર્પી મીલે મનમોહનકું, હો ગઈ એકહી અંગ. પ્રી૦
મુક્તાનંદ મહદ યહ આશ્ચર્ય, બીનહિ અંગ ન ઉમંગ. પ્રી૦

તથા

સોઈ સાચે મમ દાસ હે, ઉધો સોઈ સાચે મમ દાસ હે.
પીંડ બ્રહ્માંડમેં પ્રીત ન જાકું, મમ પદ કંજ નિવાસ હે.

(બ્રહ્માનંદ સ્વામી પદ ૪૫૧)

રસબસ હોઈ રહી રસિયા સંગ,
જ્યું મિસરી પય માંહી ભળી.

(પદ ૨૨૬૧)

મેં પ્રીતમકે માંહ્ય, પિયા મોય ભીતરે,
અરસપરસ એકતાર, રહ્યા હે સ્વતંત્રરે.

૧. મોકલી માધુરીસેં મેરો મન હર લીન.

તથા

જોગી વાકુ જાનીએ, જાકા હરિસેં જોગ,
રહે નિરંતર રામમેં, અંતર અદા અરોગ.

(નિષ્કુળાનંદ સ્વામી)

કોટિ મુક્ત સેવા કરે, રોમ રોમ રસરૂપ;
અંગ પ્રકાશ અગમ અતિ, અક્ષરાતીત સ્વરૂપ.

(ભક્તચિંતામણિ)

સ્વતંત્રપણું લક્ષ્મીના જેવું રે, જે શ્રીકૃષ્ણસ્વરૂપમાં રહેવું રે.[1]

તથા

તજી તન ને મનનું માન, રહ્યા હરિમાંહિ ગુલતાન.[2]

તથા

થયો જે દિનનો સતસંગ, થયું તે દિનું અલૌકી અંગ.
હરે ફરે કરે કાંઈ કામ, રહી હરિમાંહિ આઠુ જામ.[3]

(હરિસ્મૃતિ)

એક વ્યાપકાનંદમુનિ, આ૦[4] તે પર મે'ર મોટી પ્રભુની.આ૦
હરે ફરે હરિ ઈચ્છાઈ, આ૦ રહે હરિ મૂર્તિમાં સદાઈ. આ૦

(સારસિદ્ધિ)

શ્રીખંડ[5]માં જેમ સુગંધી રહી, રહ્યો ઈક્ષુ[6]માંહી રસ.
તેમ હરિજનમાં હરિ, હળીમળી રહ્યા એકરસ.

૧. પ્ર. ૧૮. ૨. પ્ર. ૧૧. ૩. પ્ર. ૧૩૪.
૪. આચરજકારી છે. ૫. ચંદન. ૬. શેરડી.

## ૭. સ્વામી-સેવકભાવ

છે. વ. ૩૯ માં :- 'અને વળી જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે, ને ભગવાનને ભજી ભજીને ઘણાક ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે, તો પણ તે ભગવાન જેવા તો થતા જ નથી ને જો ભગવાન જેવા જ થાય તો તો ભગવાન ઘણાક થાય.'

ભાવાર્થ :- આમાં પરમએકાંતિક મુક્તના તથા અનાદિ-મુક્તના, તથા મૂળઅક્ષર તથા સર્વ અવતારના સ્વામી, સુખદાતા ને નિયંતા અમે સ્વામિનારાયણ ભગવાન એક જ છીએ, અને મુક્ત તથા અવતાર તે પણ કોઈ અમારા જેવા થવાને સમર્થ નથી એવો ભાવ છે.

કા. વ. ૧૦ માં : - 'અને જે ભગવાનના ભક્ત હોય તે ભગવાનને પ્રતાપે કરીને બ્રહ્મા, શિવ, શુકજી, નારદ તે જેવા પણ થાય અને પ્રકૃતિપુરુષ જેવા પણ થાય અને બ્રહ્મ તથા અક્ષર જેવા પણ થાય, તો પણ શ્રીપુરુષોત્તમનારાયણ જેવો થવાને તો કોઈ સમર્થ નથી. માટે જેનો સંગ કર્યા થકી તથા જે શાસ્ત્ર સાંભળવા થકી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈને સ્વામી-સેવકભાવ ટળી જતો હોય, તો તે સંગનો તથા તે શાસ્ત્રનો શ્વપચની પેઠે તત્કાળ ત્યાગ કરવો.'

લો. વ. ૧૩નો ભાવાર્થ :- નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન

પૂછ્યો જે, 'તમારા અક્ષરધામમાં નિર્ગુણપણે કરીને રહ્યા અને તમારા સાધર્મ્યપણાને પામેલા એવા પરમએકાંતિક ને અનાદિમુક્ત છે, તે સર્વે મુક્તના સ્વામી, સુખદાતા ને નિયંતા એવા જે તમે, તે તમારામાં અને તમારા મુક્તમાં કેમ ભેદ સમજવો?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેમ ચંદ્રમા છે ને તારા છે તેમાં ભેદ છે કે નહિ? તથા જેમ રાજા ને રાજાના ચાકર તે મનુષ્ય જાતિએ કરીને સરખા છે, પણ રાજાનું સામર્થ્ય, ઐશ્વર્ય વગેરે સર્વોપરી છે. તેમ પુરુષોત્તમ નારાયણ જે અમે તે સર્વકર્તા, સર્વકારણ ને સર્વનિયંતા છીએ અને અતિ રૂપવાન, અતિ તેજસ્વી ને અતિ સમર્થ છીએ અને કર્તા, અકર્તા ને અન્યથા કર્તા છીએ. તે અમને તથા બીજા અનાદિમુક્તને તથા પરમએકાંતિક મુક્તને તથા અવતારને સરખા કહે છે તે દુષ્ટમતવાળા જાણવા ને તેને અતિ પાપી જાણવા ને તેનાં દર્શન પણ કરવાં નહિ. અને અમને લઈને જેને વિષે મોટપ કહીએ તેને વિષે સંભવે. અને અમને લઈને તો બ્રહ્માદિક સર્વેને ભગવાન કહેવાય છે; અને અમને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય તો બીજાની શી વાર્તા કહેવી? અને અમને લઈને અમારા મુક્તને અમારા જેવા કહેવાય છે અને અમને લીધા વિના તો અનાદિમુક્તને પણ અમારા જેવા ન કહેવાય; આવી રીતે સ્વામી-સેવકભાવ સમજવો.'

## ૮. શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સર્વકર્તાપણું તથા સદા દિવ્ય સાકારપણું

ગ. પ્ર. વ. ૨૭નો ભાવાર્થ : - 'પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ થશે તે સર્વે મુને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે એમ સમજે, તથા ચાય તો કોઈ માન કરો તથા અપમાન કરો, તથા રૂપવાન એવી યૌવન સ્ત્રી તથા કુરૂપવાન એવી વૃદ્ધ સ્ત્રી તથા સોનાનો ઢગલો તથા પથ્થરનો ઢગલો તે સર્વેને વિષે જેને સમાન બુદ્ધિ છે, ઇત્યાદિક જ્ઞાનવૈરાગ્યાદિ ગુણે યુક્ત એવો ભક્ત તેના આત્મામાં ભગવાન જે અમે તે અખંડ નિવાસ કરીને રહીએ છીએ, પછી તેને અનાદિમુક્ત કરીને અમારી મૂર્તિમાં રાખીએ છીએ.'

ગ. પ્ર. વ. ૩૭માં શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેના હૃદયમાં ભક્તિ હોય ને એમ સમજતો હોય જે, જેવા આ પ્રગટ ભગવાન (શ્રી સ્વામિનારાયણ) પૃથ્વી ઉપર વિરાજે છે અને જેવા ભગવાનના (અમારા) ભક્ત ભગવાનની (અમારી) સમીપે વિરાજે છે, તેવા ને તેવા જ જ્યારે આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ રહે છે, અને આ ભગવાન ને ભગવાનના ભક્ત એ સદા સાકાર જ છે એમ

સમજતો હોય ને ગમે તેવા વેદાંતના ગ્રંથ સાંભળે પણ ભગવાન ને ભગવાનના ભક્તને નિરાકાર સમજે જ નહિ, અને એમ જાણે જે આ ભગવાન વિના બીજો કોઈ જગતનો કર્તા છે જ નહિ, અને એમ જાણે જે આ ભગવાન વિના સૂકું પાંદડું પણ ફરવાને સમર્થ નથી, એવી જેને ભગવાનને (અમારે) વિષે સાકારપણાની દૃઢ પ્રતીતિ હોય ને તે જેવો તેવો હોય તો પણ એ અમને ગમે છે ને એને માથે કાળ, કર્મ ને માયા તેનો હુકમ નથી અને જો એને દંડ દેવો હોય તો ભગવાન પોતે દે છે પણ બીજા કોઈનો એને માથે હુકમ નથી, અને એવી નિષ્ઠા ન હોય ને તે જો ત્યાગ-વૈરાગ્યે યુક્ત હોય તો પણ તેનો અમારા અંતરમાં ભાર આવે નહિ. અને જેના હૃદયમાં ભગવાનની (અમારી) એવી નિષ્ઠા અચળ હોય ને તે ગમે તેટલાં શાસ્ત્ર સાંભળે, અથવા ગમે તેનો સંગ કરે તો પણ પોતાને જે ભગવાનના (અમારા) સાકારપણાની નિષ્ઠા છે તે ટળે નહિ અને તેજના બિંબ જેવા નિરાકાર ભગવાનને (અમને) કોઈ દિવસ સમજે જ નહિ, એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચડાવીએ છીએ અને તેને દુ:ખવતા થકા મનમાં બીએ છીએ અને તેનાં દર્શનને પણ ઇચ્છીએ છીએ. અને એવી નિષ્ઠા વિનાના જે જીવ છે તે પોતાના સાધનને બળે કરીને પોતાનું કલ્યાણ ઇચ્છે છે પણ એવા પરમેશ્વરના પ્રતાપે કરીને પોતાનું

કલ્યાણ ઇચ્છતા નથી, એવા જે જડમતિવાળા પુરુષ છે તે તો જેમ નાવ વિના પોતાના બાહુબળે કરીને સમુદ્ર તરવાને ઇચ્છે તેવા મૂર્ખ છે. અને જે એવા ભગવાનને પ્રતાપે કરીને પોતાનું કલ્યાણ ઇચ્છે છે તે તો જેમ નાવમાં બેસીને સમુદ્ર તરવાને ઇચ્છે એવા ડાહ્યા છે, અને એવા જે ભગવાનના (અમારા) સ્વરૂપના જ્ઞાનવાળા છે તે સર્વે દેહને મૂકીને ભગવાનના (અમારા) ધામમાં ચૈતન્યની જ મૂર્તિ થઈને ભગવાનની (અમારી) હજૂરમાં (મૂર્તિમાં રસબસ) રહે છે; અને એવી નિષ્ઠા જેને ન હોય તેણે બીજાં સાધન જો કર્યાં હોય તો તે બીજા દેવતાના લોકમાં રહે છે. અને જે એવા યથાર્થ ભગવાનના (અમારા) ભક્ત છે તેનું દર્શન તો ભગવાનના (અમારા) દર્શન તુલ્ય છે, અને એનાં દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે એવા એ મોટા છે.' એવી રીતે શ્રીજીમહારાજે વાર્તા કરી છે.

વ. વ. ૨ માં પ્રશ્ન : - 'ભગવાન રાજી કેમ થાય?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જો ભગવાનનો દ્રોહ ન કરીએ તો ભગવાન રાજી થાય, ત્યારે કહેશો જે દ્રોહ તે શું? તો જે આ સર્વે જગતના કર્તાહર્તા ભગવાન છે તેને કર્તાહર્તા ન સમજીએ ને વિશ્વના કર્તાહર્તા કાળને જાણીએ, અથવા માયાને જાણીએ, અથવા કર્મને જાણીએ, અથવા સ્વભાવને જાણીએ, એ તે ભગવાનો દ્રોહ છે; કેમ જે ભગવાન સર્વના

કર્તાહર્તા છે તેનો ત્યાગ કરીને કેવળ કાળ, કર્મ, સ્વભાવ અને માયા તેને જગતના કર્તાહર્તા કહે છે માટે એ ભગવાનનો અતિ દ્રોહ છે, અને વળી ભગવાનને નિરાકાર કહેવા એ જ ભગવાનનો (અમારો) દ્રોહ છે; કેમ જે ભગવાન છે તે કર-ચરણાદિક સમગ્ર અંગે કરીને સંપૂર્ણ છે ને લેશમાત્ર પણ કોઈ અંગે વિકળ નથી અને સદા મૂર્તિમાન જ છે, તેને અકર્તા કહેવા તથા અરૂપ કહેવા, ને ભગવાન વિના બીજા જે કાળાદિક તેને કર્તા કહેવા એ જ ભગવાનનો દ્રોહ છે. એવી જાતનો જે ભગવાનનો દ્રોહ તેને જે ન કરે તેણે ભગવાનની સંપૂર્ણ પૂજા કરી અને તે વિના તો ચંદનપુષ્પાદિકે કરીને પૂજે છે તો પણ ભગવાનનો દ્રોહી છે, માટે ભગવાનને (અમને) જગતના કર્તાહર્તા જાણે ને મૂર્તિમાન જાણે તે ઉપર જ ભગવાન રાજી થાય છે. (અમે રાજી થઈએ છીએ.)'

ભાવાર્થ : - કાળ, કર્માદિકને કર્તા જાણે તેને દ્રોહી કહ્યો, તે કેવી રીતે સમજે તો કાળાદિકને કર્તા જાણ્યા કહેવાય?

ઉત્તર : - શ્રીજીમહારાજની પ્રેરક શક્તિ વિના પ્રલયના કર્તા કાળને જાણે તો કાળને કર્તા જાણ્યો કહેવાય. અને શ્રીજીની પ્રેરક શક્તિ વિના જગતની ઉત્પત્તિ-કર્તા માયાને જાણે તો માયાને કર્તા જાણી કહેવાય. અને શ્રીહરિની પ્રેરક શક્તિ વિના કર્મે કરીને જ સુખ-દુઃખ ભોગવાય છે ને મોક્ષ થાય છે એમ જાણે, પણ શ્રીહરિને કર્મફળપ્રદાતા ને મોક્ષકર્તા

ન જાણે તેણે કર્મને કર્તા જાણ્યું કહેવાય. અને શ્રીહરિની પ્રેરક શક્તિ વિના જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તે સ્વાભાવિક જ થયા કરે છે એમ જાણે, તેણે સ્વભાવને કર્તા જાણ્યો કહેવાય.

કા. વ. ૧૦ માં : - શ્રીજીમહારાજે કહ્યું છે કે, 'જીવનું કલ્યાણ તો આટલી વાતમાં છે જે, પ્રગટ પ્રમાણ એવા જે શ્રી સ્વામિનારાયણ તેનું જ કર્યું સર્વે થાય છે, પણ કાળ, કર્મ ને માયાદિક કોઈનું કર્યું કાંઈ થાતું નથી એવી રીતે ભગવાનને (અમારે) વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે. અને જે જીવ ભગવાનને સર્વ કર્તાહર્તા નથી જાણતો, તો તેથી બીજો કોઈ પાપી નથી અને ગૌહત્યા, બ્રહ્મહત્યા, ગુરુસ્ત્રીનો સંગ તથા બ્રહ્મવેત્તા સદ્‌ગુરુનો દ્રોહ તે થકી પણ એને વધુ પાપી જાણવો, કાં જે ભગવાન વિના બીજા જે કાળ-કર્માદિક તેને એ કર્તા જાણે છે, માટે એવો જે નાસ્તિક ચંડાળ હોય તેની તો છાયામાં પણ ઊભું રહેવું નહિ ને ભૂલમાં પણ તેના મુખનું વચન સાંભળવું નહિ.'

કા. વ. ૭ માં : - શ્રીજીમહારાજનો પ્રશ્ન જે, 'આત્યંતિક કલ્યાણ તે કેને કહીએ? અને આત્યંતિક કલ્યાણને પામીને જે સિદ્ધદશાને પામ્યો હોય તે પુરુષની સર્વ ક્રિયાને વિષે કેવી દશા વર્તતી હોય?'

ભાવાર્થ : શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ રહીને સળંગ

મૂર્તિનું સુખ અખંડ અનુભવાય તેવી અનાદિમુક્તની સ્થિતિ કેમ પ્રાપ્ત થાય? ને અખંડ મૂર્તિમાં રહીને સુખભોક્તા એવા અનાદિમુક્તની સર્વ ક્રિયાને વિષે કેવી સ્થિતિ હોય? તેનો ઉત્તર :-

શ્રીજીમહારાજ બોલ્યા જે, 'પીંડ-બ્રહ્માંડનો પ્રલય થાય છે ત્યારે પ્રકૃતિનાં કાર્ય જે ચોવીશ તત્ત્વ તે સર્વે પ્રકૃતિને વિષે લીન થઈ જાય છે અને તે પ્રકૃતિપુરુષ તથા મહાકાળ તે વાસુદેવબ્રહ્મની પાસે જઈને રહે છે. અને વાસુદેવ ને તેમના ઉપરી અક્ષર તેમનો પ્રલય થતો નથી ને ત્યાં કાળની ગતિ નથી અને તેઓ અમારા (શ્રીજીમહારાજના) પ્રકાશરૂપ સચ્ચિદાનંદ બ્રહ્મનાં કિરણોમાં રહે છે. અને તે સર્વેનું આધાર અને કારણ એવું મારી મૂર્તિના પ્રકાશરૂપ ચિદ્દ્ઘન તેજરૂપ અક્ષરધામ છે તેમાં દિવ્યમૂર્તિ એવા શ્રી સ્વામિનારાયણ પુરુષોત્તમ ભગવાન જે અમે, તે સદા વિરાજમાન છીએ અને તે મારા ધામમાં મારી પાસે અનંતકોટિ મારા સાધર્મ્યપણાને પામ્યા એવા પરમએકાંતિક મુક્ત રહ્યા છે, તે સર્વે મારા દર્શન-સ્પર્શ કરીને આનંદ પામે છે અને કિલ્લોલ કરે છે. અને મારા પરમ સાધર્મ્યપણાને પામ્યા એવા અનંતકોટિ મારા અનાદિમુક્ત છે તેમને મારી મૂર્તિમાં રાખ્યા છે, તે સર્વે મુક્ત મારા સ્વરૂપમાં લીનપણે જોડાઈ રહીને મારી સળંગ મૂર્તિનું સંપૂર્ણ સુખ અખંડ અનુભવે છે. આવા સર્વ મુક્તના

સ્વામી, સુખદાતા, નિયંતા, આધાર ને કારણ એવા અમે શ્રી સ્વામિનારાયણ ભગવાન છીએ. અને અમે અમારા પ્રકાશનાં કિરણોએ કરીને અક્ષર ને પ્રકૃતિપુરુષના કારણ, આધાર અને સુખ, સામર્થ્ય ને પ્રકાશ તેના પ્રદાતા છીએ અને તે અક્ષર ને પ્રકૃતિપુરુષરૂપે કરીને સર્વે બ્રહ્માંડોના જીવ-ઈશ્વરના સુખ, સામર્થ્યને પ્રકાશના પ્રકાશક એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન, તે જ અમે પોતે દિવ્ય મૂર્તિ થકા અમારા પ્રેમી ભક્તને લાડ લડાવવા અને અમારા સાધર્મ્યપણાને પમાડવા અને મુક્ત કરીને અમારી મૂર્તિનું સુખ આપવા મનુષ્યરૂપે પ્રગટ થયા છીએ, પણ જેવા અક્ષરધામમાં દિવ્યમૂર્તિ છીએ તેવા ને તેવા જ દિવ્યમૂર્તિ છીએ. તો પણ અણસમજુ જીવ છે તે અમને તથા અમારા મુક્તને માયિક ગુણે યુક્ત કહે છે, પણ અમે તો સદા અક્ષરાતીત દિવ્યમૂર્તિ જ છીએ. અને આ અમારું મનુષ્ય સ્વરૂપ છે તથા પ્રતિમા સ્વરૂપ છે તેને જે અમારાં વચનરૂપ શાસ્ત્ર છે તે, તથા મુક્તાનંદ સ્વામી આદિ સંત છે, તે દિવ્યરૂપે કરીને પ્રતિપાદન કરે છે.' આવી શ્રીજીમહારાજના સ્વરૂપની નિષ્ઠા તે જ આત્યંતિક કલ્યાણ છે અને તે ભક્ત સિદ્ધદશાને પામે ત્યારે સર્વ ક્રિયાને વિષે અખંડ અનાદિમુક્તની સ્થિતિ ભોગવે છે.

છે. વ. ૩૧ નો ભાવાર્થ : - 'આ અમારી પ્રત્યક્ષ

મનુષ્યરૂપ મૂર્તિ અને અક્ષરધામમાં મૂર્તિ છે, તે બેમાં લગાર પણ ફેર નથી; બે ય એક જ છે, એમ સમજે તેને તે મૂર્તિનું ધ્યાન થાય છે.'

મ. વ. ૧૩નો ભાવાર્થ :- 'આ અમારી મનુષ્યરૂપ મૂર્તિનું ધ્યાન કરે છે તેને આ જ મૂર્તિ અક્ષરધામમાં છે તેવી જ તેજોમય કૈવલ્ય સ્વરૂપે દેખાય છે અને ધ્યાનનો કરનારો છે, તે માયાથી મુક્ત થાય છે.'

પંચાળાના ૭ નો ભાવાર્થ :- 'સર્વ કારણના કારણ ને સદા દિવ્ય સાકાર મૂર્તિ, એવા પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ જે અમે તે અમારી મૂર્તિને વિષે સાકરના નાળિયેરની પેઠે ત્યાગ-ભાગ સમજવો નહિ, ને જેવી મૂર્તિ દીઠી હોય તેનું જ ધ્યાન - ઉપાસના - ભક્તિ કરવાં, પણ તેથી કાંઈ પૃથક્ ન સમજવું અને અમારે વિષે જે દેહભાવ દેખાય છે તે તો નટની માયાની પેઠે સમજવો; કેમ જે અમારાં જન્મ, કર્મ ને મૂર્તિ દિવ્ય છે ને દિવ્ય જાણે તે માયાથી મુક્ત થઈને અમને પામે છે. અને અમે તો ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય એ સર્વ કાળને વિષે એક રૂપે કરીને જ વિરાજમાન છીએ, પણ માયિક પદાર્થની પેઠે વિકારને પામતા નથી; સદા દિવ્યરૂપે કરીને વિરાજમાન છીએ. આવી અમારા પ્રત્યક્ષ સ્વરૂપને વિષે જે દૃઢ નિષ્ઠા તે જ મુક્ત તથા અનાદિમુક્તની સ્થિતિ પામવાનું કારણ છે. અને શ્રીજીમહારાજ ને મુક્તની

કૃપાથી મુક્ત તથા અનાદિમુક્તની સ્થિતિ જ્ઞાને કરીને થાય છે, ત્યારે તે ભક્તને શ્રીજીમહારાજ ને મુક્ત વિના પીંડ-બ્રહ્માંડના વિષયભોગના સુખમાં તથા અક્ષર-પુરુષાદિકના ઐશ્વર્યભોગના સુખમાં ક્યાંય પ્રીતિ રહેતી નથી. અને તેનો આત્મા શ્રીજીમહારાજરૂપ થાય છે અને શ્રીજીમહારાજની મૂર્તિમાં દૃઢ પ્રીતિ - અનુવૃત્તિએ યુક્ત વર્તે છે અને હું અનાદિમુક્ત છું; મૂર્તિના સુખમાં થીજી રહ્યો છું; એક શ્રીજીમહારાજ છે; બીજું કાંઈ નથી. એવી જ્ઞાને કરીને દૃઢ અનાદિમુક્તની સ્થિતિ થાય છે તેને આવી રીતે વર્તે છે. અને જ્યારે સિદ્ધદશાને પામે છે ત્યારે તેને મૂર્તિમાં રહીને સળંગ મૂર્તિના રોમરોમનું નવીન નવીન સુખ અખંડ ભોગવાય છે, પણ મૂર્તિ વિના બીજું અણુમાત્ર દેખાતું નથી.' આવી રીતે ભગવાનનું સર્વકર્તાપણું તથા સદા દિવ્ય સાકારપણું સમજવું.

## ૯. ભગવાનના આશ્રયનું રૂપ

ગ. મ. વ. ૧૭ માં :- 'ભક્ત હોય તે તો એમ જાણે જે, ભગવાન તે ભગવાન, એને વિષે ભાગ - ત્યાગ કર્યાનો માર્ગ નથી; એ ભગવાન તો અનંત બ્રહ્માંડના આત્મા છે; અને જેને ભગવાનના સ્વરૂપમાં કોઈ રીતનું ઉત્થાન નથી તેને નિર્વિકલ્પ સ્થિતિવાળો જાણવો. અને જેને એવી એક મતિ હોય તેને સ્થિતપ્રજ્ઞ જાણવો અને જે પુરુષને ભગવાનને વિષે

એવી દૃઢ મતિ છે તેને ભગવાન સર્વ પાપ થકી મુકાવે છે.'

ગ. મ. વ. ૨૧ માં : - 'અને જ્ઞાની હોય તે તો જે ઠેકાણે જેનું પ્રધાનપણું હોય તે ઠેકાણે તેનું જ પ્રધાનપણું લે અને પરમેશ્વર છે તે તો દેશ, કાળ, કર્મ, માયા એ સર્વેના પ્રેરક છે અને પોતાની ઈચ્છાએ કરીને દેશ-કાળાદિકનું પ્રધાનપણું રહેવા દે છે પણ સર્વે પરમેશ્વરને આધારે છે, જેમ પ્રજા સર્વે રાજાને આધારે છે. તેમ દેશ, કાળ, કર્મ, માયા તેનું પરમેશ્વર ચાલવા દે તેટલું ચાલે, પણ પરમેશ્વરના ગમતા બહાર અણુમાત્ર પણ ન ચાલે, માટે સર્વ કર્તા તે પરમેશ્વર જ છે.'

વ. વ. ૧૨નો ભાવાર્થ : - શ્રીજીમહારાજે કહ્યું છે જે, 'આજ તો અમારે સર્વેને નિશ્ચયની વાત કરવી છે : - મારી મૂર્તિનો પ્રકાશ છે તે અતિ સુખરૂપ છે, અવિચળ સર્વાધાર છે તેને અક્ષરધામ કહ્યું છે તેમાં હું સદાય રહ્યો છું. અને સદા દિવ્ય, દ્વિભુજ ને મૂર્તિમાન છું. તે ધામમાં મારી પાસે મારી સેવામાં અનંતકોટિ પરમએકાંતિક મુક્તના મંડળ રહ્યાં છે. અને મારા અનંતકોટિ અનાદિમુક્ત છે તેમને મારી મૂર્તિમાં રાખ્યા છે અને તે સર્વે મુક્તનો હું એક જ સ્વામી, સુખદાતા ને નિયંતા છું. અને તે મારા પ્રકાશરૂપ ધામનાં કિરણોએ કરીને અક્ષર, મહાપુરુષ, કાળ, માયા આદિને પ્રકાશમાન કરું છું અને તે મહાકાળ, મહાપુરુષ ને મહામાયારૂપે કરીને અનંતકોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય કરાવું છું;

આવો સર્વનો કર્તા, નિયંતા અને પ્રકાશક એવો હું એક જ સર્વોપરી ભગવાન છું. તે મારા ધામમાં મારા મુક્તે સહિત રહ્યો છું, તે જ ભગવાન જે હું તે અત્યારે અમે અમારા પ્રેમી ભક્તને લાડ લડાવીને અનાદિમુક્ત કરવા અને ઐશ્વર્યાર્થીને મારું મહાત્મ્યજ્ઞાન ને ઉપાસના સમજાવીને તેમને મુક્ત કરવા, અને સાધારણ જીવોને પ્રેમી ભક્ત તથા ઐશ્વર્યાર્થી જેવા કરવા પૃથ્વીને વિષે મેં મનુષ્યાવતાર ધારણ કર્યો છે. તે મારા સ્વરૂપનો જેને સંતસમાગમે કરીને દૃઢ નિશ્ચય થાય છે, તેનો જીવાત્મા જેમ બીજનો ચંદ્ર વૃદ્ધિ પામીને પૂનમનો સંપૂર્ણ ચંદ્ર થાય છે, તેમ એ જીવાત્મામાં શ્રીજીમહારાજ જે અમે, તે અમારા ગુણ - ઐશ્વર્ય-પ્રકાશનો આવિર્ભાવ થવાથી તે જીવાત્મા વૃદ્ધિ પામીને મહાતેજ જે મારું તેજ છે તેવો થાય છે. અને આવો જેને મહિમાએ સહિત મારો નિશ્ચય હોય તે ભક્ત નિર્ભય થઈ ચૂક્યો છે, પણ જ્યાં સુધી તે ભક્તને દેહ અને આ લોકની સ્મૃતિ રહે ત્યાં સુધી ભય રહે છે માટે આજ્ઞામાં રહેવું ને કુસંગથી દૂર રહેવું, ને દેહાભિમાન અને વિષય વાસનાથી બીતા રહેવું. તથા અમારા ચરિત્રમાં સંદેહ થાય નહિ ને અમારા ભક્તનો અવગુણ આવે નહિ તેનો ભય રાખવો. પછી શ્રીજીમહારાજ જે અમે તે કૃપા કરીને પીંડ-બ્રહ્માંડની વિસ્મૃતિ કરાવીને અમારા અનાદિમુક્ત જેવો અનાદિમુક્ત કરી અમારા સ્વરૂપમાં રાખીએ છીએ, ત્યારે

તેને મૂર્તિનું સુખ જ ભોગવાય છે, પણ મૂર્તિ વિના બીજું કાંઈ દેખાતું નથી.'

**મૂળ વચનામૃત :-** "અને જેને (અમારો) પરિપૂર્ણ નિશ્ચય હોય તે તો એમ સમજે જે, 'મુને આ ભગવાન (શ્રીજીમહારાજ) મળ્યા તે દિવસથી જ મારું કલ્યાણ થઈ ચૂક્યું છે, અને જે મારું દર્શન કરશે, કે મારી વાર્તા સાંભળશે તે જીવ પણ સર્વ પાપ થકી મુકાઈને પરમપદને પામશે.' માટે એવી રીતે ભગવાનનો (અમારો) મહિમા સહિત નિશ્ચય રાખીને પોતાને વિષે કૃતાર્થપણું માનવું, એ વાત સર્વે ખબડદાર થઈને રાખજો." (વ. વ.-૧૨)

લોયા વ. ૩ માં : - 'શ્રીજીમહારાજને ભગવદાનંદ સ્વામીએ તથા શિવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ભગવાન તથા સંત તેનો જેને માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેનાં શા લક્ષણ છે?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેને ભગવાનનો અને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે અને સંતને અર્થે શું ન થાય? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોક-લાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે.' એમ કહીને પછી આ સર્વે હરિભક્તની વાર્તાઓ એકબીજા કેડે કરી... અને વળી એમ કહ્યું કે, 'જેને ભગવાનનો નિશ્ચય માહાત્મ્યજ્ઞાને સહિત

હોય તે ભગવાનના વચનમાં ફેર પાડે નહિ ને જેમ કહે તેમ કરે.' તે ઉપર પોતાની વાત કરી જે, .... 'અમે (રામાનંદ) સ્વામીના દર્શન થયા મોર નવ મહિના સુધી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા, એવે લક્ષણે કરીને જેને સંતનો ને ભગવાનનો એવો નિશ્ચય હોય તેને નિશ્ચય જાણીએ... અને આવી રીતનો જે હરિભક્ત હોય તેનો... અપમૃત્યુએ કરીને દેહ પડે તો પણ..... ભગવાનના ધામને જ પામે. અને ભગવાનથી વિમુખ હોય તેનો દેહ સુધી સારી પેઠે પડે.... તો પણ તે તો નિશ્ચે યમપુરીમાં જાય... (એમ સમજે તેને) નિશ્ચય છે એમ જાણવું. અને એવો નિશ્ચયવાળો જે હોય તે જરૂર બ્રહ્મમહોલમાં જ પૂગે. (અમારા ધામને જ પામે)' આવી રીતે ભગવાનના નિશ્ચય તથા આશ્રયનું રૂપ સમજવું.

## ૧૦. વરતાલ-વચનામૃત ૧૮નો ભાવાર્થ : તેમાં ઉપાસના, પ્રગટપણું ને સર્વદેશી સમજણ

શ્રીજીમહારાજે પ્રશ્ન કર્યો જે 'સત્સંગી હોય તેને અવશ્યપણે શી શી વાર્તા જાણી જોઈએ?' એમ પ્રશ્ન કરીને શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એક તો આપણો **ઉદ્ધવ સંપ્રદાય છે તેની રીત** જાણવી જોઈએ' એટલે સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન અમે છીએ, તે અમે પોતે જ અમારી મહાત્મ્યે સહિત એકાંતિક ભક્તિ કરવાનો તથા અમારી સર્વોપરી

આજ્ઞા-ઉપાસના સમજવાનો સદ્ઉપદેશ આપીને આત્યંતિક મોક્ષનો માર્ગ ચલાવ્યો છે, એનું જ નામ ઉદ્ધવ સંપ્રદાય કહેવાય છે. પણ એને જ સ્વામિનારાયણ સંપ્રદાય જાણવો. અને એની **રીત** જાણવી, એટલે પ્રત્યક્ષ મારા સ્વરૂપની જ સર્વોપરી ઉપાસના સમજીને અને પોતાને અક્ષરધામરૂપ અથવા અનાદિમુક્તરૂપ માનીને અમારી એકાંતિક ભક્તિ કરવી. એ જ 'રીત' એટલો મારો સિદ્ધાંત છે. (૧)

'બીજું **ગુરુપરંપરા** જાણવી જોઈએ.' તે કેવી રીતે તો અમારા ગુરુ રામાનંદ સ્વામી હતા અને એમના ગુરુ રામાનુજાચાર્ય હતા, એટલે મુમુક્ષુને મોક્ષને અર્થે ગુરુ કરવા તે શુદ્ધ પરંપરા જોઈને કરવા. તે કઈ રીતે તો સર્વે સત્સંગીના આચાર્યપદને વિષે અમે સ્થાપન કર્યા જે શ્રી અયોધ્યાપ્રસાદજી ને શ્રી રઘુવીરજી તથા અમારા આશ્રિત જે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી તથા બ્રહ્મચારી વાસુદેવાનંદ સ્વામી આદિ સર્વે, તેમના ગુરુ તથા ઇષ્ટદેવ અમે જ છીએ અને તે સર્વે અમારા શિષ્ય તથા સેવક છે અને તેમના શિષ્ય થાય તેમના ગુરુ તે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી તથા મુક્તાનંદ સ્વામી આદિ છે. આવી રીતે અમારા આશ્રિતના આશ્રિતની જે ગુરુપરંપરા તેને જાણીને દીક્ષાગુરુ ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રીને કરવા ને તેમની પાસેથી દીક્ષા તથા ગુરુમંત્ર લેવો. અને જે પોતાને

જ્ઞાન સમજાવે તેને જ્ઞાનપ્રદાતા ગુરુ માનવા. આવી રીતે અમારા સંપ્રદાયના આચાર્યને ગુરુ કરીને જે મુમુક્ષુ અમારી એકાંતિક ભક્તિ કરશે તેનો મોક્ષ હું કરીશ, આવી રીતે ગુરુ કરવાની રીત જાણવી.

'અને અમારા **ધર્મકુળનું સ્થાપન કર્યું છે તેની રીત** જાણવી' - એટલે અમે જ શ્રી નરનારાયણ દેવની અને શ્રી લક્ષ્મીનારાયણ દેવની બે ગાદીઓની સ્થાપના કરી છે તે ગાદી ઉપર ધર્મદેવના કુળમાંથી શ્રી અયોધ્યાપ્રસાદજી ને શ્રી રઘુવીરજી એ બંનેને આચાર્યપદ આપ્યું છે. તેમની ગાદીએ તેમના પુત્રમાંથી જેમનો વંશપરંપરાએ અભિષેક થાય તેમને જ સર્વે સંત તથા હરિભક્તોએ પૂજ્યમાન્ય ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રી તરીકે માનવા અને તેમના વચનમાં રહેવું અને તેમની અન્ન-ધનથી સેવા કરવી અને તે આચાર્ય મહારાજશ્રી તેમણે શ્રીજીમહારાજની એકાંતિક ભક્તિ કરવી-કરાવવી અને દેવની સેવા કરવી-કરાવવી. (૨)

'અને ત્રીજું અમારા સંપ્રદાયમાં **અતિ પ્રમાણરૂપ શાસ્ત્ર** છે તેને જાણવાં' - એટલે શિક્ષાપત્રીમાં આઠ શાસ્ત્ર માનવાનાં કહ્યાં છે તે શાસ્ત્રથી સત્સંગિજીવન ગ્રંથ શ્રીજીમહારાજે શતાનંદ સ્વામી પાસે કરાવ્યો છે. તેમાં શિક્ષાપત્રી, ધર્મામૃત, જ્ઞાનામૃત, નિષ્કામશુદ્ધિ, હરિગીતા, નારાયણગીતા આદિ અવાંતર વિભાગ છે તથા સત્સંગિભૂષણ, હરિલીલા-કલ્પતરુ

આદિ ગ્રંથ કરાવ્યા છે તથા મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી આદિ સંતોએ ભક્તિચિંતામણિ ધર્માખ્યાન, સુમતિપ્રકાશ આદિ ભાષાના ઘણા ગ્રંથ કર્યા છે. તે ગ્રંથોને શિક્ષાપત્રીમાં પરોક્ષ આઠ શાસ્ત્ર કહ્યાં છે, તેથી વિશેષ માનવાં. કેમ જે શ્રીજીમહારાજના સંતોએ કરેલા ગ્રંથોમાંથી શ્રીજીમહારાજને પ્રગટ થવાના હેતુ તથા શ્રીજીમહારાજના જન્મથી અંતર્ધાનપર્યંત ચરિત્રનું વર્ણન તથા શ્રીજીમહારાજનું પ્રગટપણું, દિવ્યપણું, અને સર્વોપરીપણું આદિ માહાત્મ્યજ્ઞાનનું વિશેષ વર્ણન છે. તેથી મુમુક્ષુને આત્યંતિક મોક્ષને અર્થે વિશેષ ઉપયોગી થાય છે. તથા શ્રીજીમહારાજના આશ્રિત ત્યાગી-ગૃહી, બાઈઓ-ભાઈઓ એમને શ્રીજીમહારાજની આજ્ઞા જેવી રીતે પાળવાની છે તે સર્વે શ્રીજીમહારાજે કરાવેલા શાસ્ત્રમાંથી જ સમજાય છે પણ શિક્ષાપત્રીમાં જે પરોક્ષ શાસ્ત્ર માનવાનું કહ્યું છે તેમાંથી યથાર્થ સમજાય નહિ, તે સારું જ શ્રીજીમહારાજના મુક્તોએ શાસ્ત્ર કર્યાં છે. અને શ્રીજીમહારાજના શાસ્ત્રથી પણ શ્રીજીમહારાજનાં વચનામૃત અતિશય જ અધિક જાણવાં; કેમ જે શ્રીજીમહારાજના મુખનાં વચન છે અને શ્રીજીમહારાજે પોતે જ પોતાનું રહસ્ય વચનામૃતમાં સમજાવ્યું છે માટે વિશેષ જાણવાં. આવી રીતે શાસ્ત્રનું અધિક-ન્યૂનપણું જાણવું. (૩)

'ચોથું શ્રીજીમહારાજના આશ્રિત સર્વે ત્યાગી-ગૃહી તેમના

જે જે **નિયમ** છે તેને જાણવા' - એટલે ત્યાગી-ગૃહીને શિક્ષાપત્રી પ્રમાણે વર્તવું. (૪)

'અને પાંચમાં આપણા **ઇષ્ટદેવ** જે શ્રીકૃષ્ણ ભગવાન તેને જાણવા' - એટલે આ વચન શ્રીજીમહારાજનું છે, તે પ્રમાણે તો શ્રીજીમહારાજના ઇષ્ટદેવ શ્રીકૃષ્ણ ભગવાન થયા પણ એમ તો છે જ નહિ; કેમ કે શ્રીજીમહારાજે એમ પણ કહ્યું છે કે, હું જ સર્વકર્તા ભગવાન છું; મારા થકી પર બીજો કોઈ ભગવાન નથી; હું એક જ ભગવાન છું. એમ શ્રીજીમહારાજે 'હરિવાક્ય-સુધાસિંધુ'ના તરંગ ૨૨૭ માં કહ્યું છે :-

अहमेवाखिलांडानां जन्मादेर्हेतुरस्मि वै ।
मत्तः परतरः कश्चिन्नास्त्येव भगवान क्वचित् ।।

સર્વે બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયનો કર્તા હું જ છું; મારા થકી બીજો કોઈ ભગવાન ક્યારેય પણ નથી, અર્થાત્ હું સ્વામિનારાયણ એક જ સર્વનો ઉપરી ભગવાન છું.

મ. વ. ૧૩ માં 'જે તેજને વિષે મૂર્તિ છે તે મહારાજ પંડે છે એમ જાણજો'. માટે આ વચનામૃતમાં શ્રીકૃષ્ણ ભગવાન કહ્યા તે શ્રીજીમહારાજે પોતાને જ કહ્યા છે. તે જુઓ સ.ભૂ. અં. ૨, અ. ૫૮ માં :-

कृष्णोऽहं भगवानस्मि सर्व कारणकारणम् ।
प्रकाशकानां सर्वेषां स चैवास्मि प्रकाशकः ।।

સર્વકારણના કારણ એટલે સૃષ્ટિકાર્યના કારણ અક્ષર,

પુરુષ, પ્રકૃતિ, કાળ આદિ છે અને મોક્ષ કાર્યના કારણ જે મુક્ત તથા નિત્યમુક્ત છે, તેમનો પણ કારણ હું સ્વામિનારાયણ ભગવાન છું અને પ્રકાશ કરનારા જે સર્વે અક્ષર, મૂળપુરુષાદિક તેમનો પ્રકાશક પણ હું જ છું.

અને શ્રીકૃષ્ણ, નરનારાયણ, વાસુદેવ, અક્ષર, બ્રહ્મ, પરબ્રહ્મ, પુરુષોત્તમ એ આદિ સર્વે નામ શ્રીજીમહારાજ જે અમે તે અમારાં છે, પરંતુ બીજા અવતારોને એ નામની ઉપમા શાસ્ત્રમાં આપી છે. (૫)

**'અને વળી છઠ્ઠામાં સ્થાનક, સેવક ને કાર્ય તેને ભેદે કરીને તે શ્રીકૃષ્ણ ભગવાનની (અમારી) મૂર્તિઓનું બહુપણું છે તેને જાણવું.'** તે કેવી રીતે તો છપૈયા **સ્થાન** જાણવું. અને ત્યાં ધર્મપિતા ને ભક્તિમાતા આદિ **સેવક** જાણવાં. અને માતાપિતા આદિને સુખ દેવા બાળચરિત્ર કર્યાં તથા અનેક જીવોના મોક્ષને અર્થે કાળિદત્ત આદિ અસુરોનો સંહાર કર્યો તે **કાર્ય** જાણવાં. અને બાળસ્વરૂપ ઘનશ્યામ મહારાજ અને ભક્તિધર્માત્મજ એ આદિ **નામ-રૂપ** જાણવાં.

તેવી જ રીતે વન તથા તીર્થમાં વિચરણ કર્યું તે **સ્થાન** જાણવું. અને તે સમયે જેણે સેવા કરી તે **સેવક** જાણવા. અને મોક્ષાર્થી મુમુક્ષુના ઉપદેશને અર્થે તપશ્ચર્યા કરી ને પોતાના દર્શન-સ્પર્શે કરીને અનંત જીવોનો મોક્ષ કર્યો તે

કાર્ય જાણવું અને નૈષ્ઠિકેન્દ્ર, વર્ણીવેશ, અને તપની મૂર્તિ એ આદિ **નામ-રૂપ** જાણવાં.

પછી શ્રીજીમહારાજ રામાનંદ સ્વામી પાસે આવ્યા ને રામાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને મહાદીક્ષા આપી, અને 'સહજાનંદ સ્વામી' ને 'નારાયણમુનિ' એ બે નામ પાડ્યાં. પછી શ્રી સહજાનંદ સ્વામી શ્રીપુર, ગઢપુર આદિ સ્થાનમાં રહ્યા ને ગામેગામ વિચર્યા તે **સ્થાન** જાણવાં. અને ત્યાં રહેલા ભક્તો સેવા કરતા તે **સેવક** જાણવા. અને તે ભક્તને લાડ લડાવ્યાં અને એકાંતિક ધર્મનું સ્થાપન કર્યું તે **કાર્ય** જાણવું. અને તે સ્થાનક, સેવક ને કાર્યને યોગે કરીને શ્રીજીમહારાજની મૂર્તિનું 'બહુપણું' છે, તે કેવી રીતે તો શ્રીજીમહારાજ કોઈક સમયે મોટી સભામાં વિરાજમાન થઈને વાતો કરતા અને કોઈક સમયે માણકીઘોડીએ અસવાર થઈને ઘોડી ફેરવતા ને કોઈ સમયે સંતની પંક્તિમાં પકવાન પીરસતા, કોઈ સમયે સંત સાથે રાસ રમતા તથા રંગે રમતા, એવા કાર્યની સાથે શ્રીજીમહાજનનાં દર્શન થાય છે તેમ જ શ્રીમહારાજની મૂર્તિ સાથે ભક્તિ-ધર્મ હોય છે અથવા શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, કે શ્રી રઘુવીરજી મહારાજ, કે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી કે ગુણાતીતાનંદ સ્વામી હોય છે, એવા મોટા મુક્ત શ્રીહરિની સાથે હોય છે. અને શ્રીજીમહારાજ એવા મોટા સેવકને સાથે રાખીને પોતાનાં

દર્શન દે છે, એ સ્થાનક, સેવક ને કાર્યને લઈને મૂર્તિઓનું બહુપણું જાણવું (૬).

## પરોક્ષરૂપ ને પ્રત્યક્ષરૂપ જાણવાનાં કહ્યાં તેમાં પરોક્ષરૂપનું વિવેચન (વર. ૧૮)

આ વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે, 'શ્રીકૃષ્ણ ભગવાનનાં જે **પરોક્ષરૂપ** ને **પ્રત્યક્ષરૂપ** તેને જાણવાં. તેમાં પરોક્ષરૂપ તે કઈ રીતે તો માયાના તમ થકી પર એવો જે ગોલોક તેને મધ્યે જે અક્ષરધામ તેને વિષે શ્રીકૃષ્ણ ભગવાન રહ્યાં છે.' એમ કહ્યું તે શ્રીજીમહારાજે શ્રીકૃષ્ણ ભગવાન પોતાને કહ્યા છે. તે સ. ભૂ. અં. ૨, અ. ૫૮માં કહ્યું છે જે :-

अहं दिव्ये ब्रह्मपुरे वसामि मूर्तिमान् सदा ।
दिव्यदेहोडमितैश्वर्यं कोटीमुक्तगणै — वृंतः ।।

અર્થ: - 'હું સ્વામિનારાયણ ભગવાન મારું દિવ્ય એવું બ્રહ્મપુરધામ તેને વિષે સદા રહ્યો છું અને મૂર્તિમાન છું અને દિવ્યમૂર્તિ અનંત ઐશ્વર્યે સહિત અને અનંતકોટિ મુક્તે સહિત છું.'

વળી આ વચનામૃતમાં પરોક્ષ ભક્તના નામે કરીને પોતાના ભક્તને કહ્યા છે અને પરોક્ષ ધામના નામે કરીને પોતાનું ધામ કહ્યું છે, તે કેવી રીતે તો 'માયાના તમ થકી પર' એટલે માયાના ભોગ-સુખમાં રાગ તે થકી પર એવો

ગોલોક એટલે 'ગો' જે શ્રીજીમહારાજના પ્રકાશનાં કિરણો જેમાં વ્યાપ્યાં છે એવા જે લોક તે ગોલોક જાણવું, કહેતાં શ્રીજીમહારાજના તેજ:પુંજરૂપ ધામનાં કિરણોરૂપી ચિદાકાશમાં અનંત અવતારનાં અસંખ્ય ધામ રહ્યાં છે તેને જ આંહીં 'ગોલોક' કહેલું છે. અને તેને મધ્યે 'અક્ષરધામ' કહ્યું તે શ્રીજીમહારાજના તેજના સમૂહરૂપ અક્ષરને કહ્યું છે. અને શ્રીજીમહારાજે કહ્યું છે કે, હું મારા તેજરૂપ અક્ષરધામમાં સદા વિરાજમાન છું અને ધામમાં રહેલા મુક્તમંડળ તે થકી અતિશય જ પ્રકાશમાન છું ને અતિશય આનંદરૂપ છું. અને પરમએકાંતિક મુક્ત તથા અનાદિમુક્ત તેમણે સહિત છું. અને મુકુંદવર્ણી તથા ઉત્તમ નૃપતિ, સોમ, સુર ને ભગુજી આદિ પાર્ષદ તેમણે સેવ્યો એવો હું છું. અને મારા પ્રકાશનાં કિરણોએ કરીને અક્ષરકોટિ ને બ્રહ્મકોટિરૂપી અનંત બ્રહ્માંડોને ધરી રહ્યો છું અને મહારાજાધિરાજપણે વિરાજમાન છું. એવો હું સ્વામિનારાયણ ભગવાન છું તે મારા તેજનાં કિરણોએ કરીને અક્ષરકોટિમાં પ્રવેશ કરીને અક્ષરકોટિરૂપે થાઉં છું અને અક્ષરકોટિના તેજનાં કિરણોએ કરીને બ્રહ્મકોટિમાં વ્યાપક છું અને બ્રહ્મકોટિના તેજે કરીને મહાકાળ, મહાપુરુષ અને મહામાયા તેમને પ્રકાશમાન કરું છું.

અને અવતાર સ્વરૂપ જે શ્રીકૃષ્ણ ભગવાન છે તે પોતાના ગોલોક ધામને વિષે રહે છે અને રાધિકાજી ને લક્ષ્મીજીએ સહિત છે ને નંદ, સુનંદ ને સુદામાદિક પાર્ષદ તેમણે સેવ્યા છે. અને પ્રધાનપુરુષ દ્વારે કરીને અનંતકોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયના કર્તા છે અને તે શ્રીકૃષ્ણ ભગવાન પોતાનાં પ્રકાશનાં કિરણો તે રૂપી જે અન્વય સ્વરૂપ તેણે કરીને સર્વે બ્રહ્માંડના જીવ-ઈશ્વરમાં વ્યાપક છે. અને સર્વના કર્મફળના પ્રદાતા છે અને તે ગોલોકવાસી શ્રી કૃષ્ણ ભગવાન દ્વિભુજરૂપ છે તો પણ લક્ષ્મીજીએ સહિત છે, માટે કોઈ ઠેકાણે ચતુર્ભુજ પણ કહેવાય છે અને પોતે પણ ચતુર્ભુજરૂપને ધારે છે, અષ્ટભુજરૂપને ધારે છે, સહસ્ત્રભુજરૂપને પણ ધારે છે અને વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ ને પદ્યુમ્ન એ ચતુર્વ્યૂહ અને કેશવાદિક જે ચોવીસ વ્યૂહ એ સર્વે રૂપને ધારે છે તથા વરાહ, નૃસિંહ, વામન, કપિલ, હયગ્રીવ એ આદિ અનેક અવતાર તેને પણ પોતાના અન્વય સ્વરૂપે ધારણ કરે છે, અને પોતે વ્યતિરેકરૂપે નોખા છે; અને એ શ્રીકૃષ્ણ ભગવાન સર્વે અવતારોને સુખ, સામર્થ્ય ને ઐશ્વર્યના પ્રકાશક છે અને ઉપનિષદ, તથા સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર ને પંચરાત્ર આદિ શાસ્ત્રને વિષે તે શ્રીકૃષ્ણ ભગવાન અને તેમના અવતાર તેમનું અભેદપણે કરીને વર્ણન કર્યું છે. એવી રીતે **પરોક્ષરૂપ** કહેતાં પરોક્ષપણે કરીને ભગવાનનું સ્વરૂપ કહ્યું.

હવે પ્રત્યક્ષપણે કરીને ભગવાનનું સ્વરૂપ જાણવાની રીત કહીએ છીએ.

## પ્રત્યક્ષરૂપનું વિવેચન (વર. ૧૮)

'અને સર્વે જે આચાર્ય થયા છે તેમાં વ્યાસજી મોટા આચાર્ય છે ને તે વ્યાસજી જેવા તો શંકરાચાર્ય ને રામાનુજાચાર્ય તથા વલ્લભાચાર્ય આદિમાં કોઈને ન કહેવાય. અને તે વ્યાસજી તેમણે વેદનો વિભાગ કર્યો, સત્તર પુરાણ કર્યાં અને મહાભારત કર્યું તોપણ વ્યાસજીને એમ થયું જે, આત્યંતિક મોક્ષને અર્થે જીવને ઉપાસ્ય મૂર્તિ એવા ભગવાન તેમના સ્વરૂપનું જેમ છે તેમ વર્ણન થયું નહીં અને તેણે કરીને વ્યાસજીને શાન્તિ પણ થઈ નહીં. પછી વ્યાસજીએ સર્વેનો સાર એવું શ્રીમદ્‌ભાગવત પુરાણ કર્યું. એ ભાગવતમાં ચોવીસ અવતાર પુરુષમાંથી થયા છે અને શ્રીકૃષ્ણ ભગવાન સ્વયં પોતે પુરુષરૂપ ભગવાન છે અને સર્વ અવતારના અવતારી છે.' એમ કહ્યું છે.

અને દશમ સ્કંધ - અ. ૬૦માં રુક્મિણીજીએ શ્રીકૃષ્ણ ભગવાનને કહ્યું છે કે, હું મહામાયા છું ને તમે મારા પતિ મહાપુરુષ છો. તે જુઓ :-

क्व स्वे महिम्न्यभिरतो भगवांस्त्र्यधीशः ।
क्वाहं गुणप्रकृतिरज्ञगृहीतपादा ।। ३४ ।।

यर्ह्यस्य वृद्धय उपात्तरजोऽतिमात्रो ।

मामीक्षसे तदु ह नः परमाऽनुकम्पा ।। ४६ ।।

રુક્મિણીજી કૃષ્ણ ભગવાનને કહે છે : હે સ્વામિન્! ત્રણ ગુણના અધિષ્ઠાતા અને આત્મારામ એવા ભગવાન તમે ક્યાં? અને જેની સેવા અજ્ઞજનો કરે છે ને ગુણમય એવી મહામાયા તે હું ક્યાં? અને તમે નિર્ગુણ છો તો પણ આ વિશ્વની ઉત્પત્તિને અર્થે રજોગુણની માત્રાને ગ્રહણ કરીને મારા સામું જુઓ છો, અર્થાત્ મારી સાથે રમણ કરો છો, તે અહો! આશ્ચર્ય છે ને મારા ઉપર તમારી મોટી કૃપા છે. (૩૪-૪૬)

અને ભાગવત-સ્કંધ ૪, અ. ૧માં કહ્યું છે કે, નરનારાયણ ભગવાન વાસુદેવના (અંશ) અવતાર છે અને તે નરનારાયણ પોતે શ્રીકૃષ્ણ ને અર્જુનરૂપે યદુકુળમાં અને કુરુકુળમાં પ્રગટ થયા છે. ત્યાં શ્લોક :-

ताविमौ वै भगवतो हरेरंशाविहागतौ ।

भारव्ययाय च भुवः कृष्णौ यदुकुरूद्वहौ ।। ५९ ।।

'भगवतः हरेः' કહેતાં શ્વેતદ્વીપવાસી વાસુદેવ ભગવાનના 'अंशौ' એટલે અવતાર જે 'नरनारायणौ, तौ इहागतौ' કહેતાં નર ને નારાયણ તે બંને બદરિકાશ્રમમાં આવ્યા છે 'तौ इमौ' તે આ નરનારાયણ પૃથ્વીનો ભાર હરવા યદુકુળમાં અને કુરુકુળમાં શ્રીકૃષ્ણ ને અર્જુનરૂપે પ્રગટ થયા છે. (૫૯) એમ વ્યાસજીએ

કહ્યું છે, ને પુરુષથી ઓરા સર્વે અવતારના ધરતલ શ્રીકૃષ્ણ ભગવાન છે એમ વ્યાસજીનો સિદ્ધાંત છે.

આમાં શ્રીજીમહારાજને કહેવાનું એ છે જે, તે સર્વે અવતારના અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન અમે પોંતે પ્રગટ થયા છીએ, અને અમારા ભેગા અમારા મુક્તને પણ લાવ્યા છીએ અને અક્ષરના મુક્ત, શ્વેતદ્વીપના મુક્ત ને ગોલોકના મુક્ત તે પણ અમારી ઇચ્છાથી આવ્યા છે તે સર્વે મુક્તથી અમારા મુક્ત અધિક મોટા છે અને તેમાં પણ અમારા નિત્યમુક્ત એવા જે ધર્મદેવ, રામપ્રતાપભાઈ, આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા રામાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, શતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી આદિ અનાદિમુક્ત છે તેમણે કાવ્યકીર્તનમાં તથા સત્સંગિજીવન આદિ ગ્રંથોમાં નવા આદરવાળા જીવોના સમાસને અર્થે સર્વોપરી એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન જે અમે, તે અમને અને અમારા શ્રીકૃષ્ણાદિક અવતાર તેમને અભેદપણે કરીને વર્ણન કર્યા છે, પણ તે મુક્તનો સિદ્ધાંત એ છે જે, શ્રીજીમહારાજને જેવા સર્વોપરી છે તેવા સમજ્યા વિના શ્રીજીમહારાજની પ્રાપ્તિ થાતી નથી. તેથી વાસ્તવિક તો તે મુક્તોએ 'સત્સંગિજીવન, સત્સંગિભૂષણ, ભક્તચિંતામણિ' આદિ સંસ્કૃત તથા પ્રાકૃત

ભાષાના ગ્રંથો ને કાવ્ય-કીર્તન એ સર્વેમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન જે અમે તે અમારું જ વર્ણન કર્યુ છે અને અમને જ સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ અને સર્વ મુક્તના સ્વામી, સુખદાતા ને નિયંતા કહ્યા છે અને સર્વે અવતારોને તેજ-ઐશ્વર્યના આપનારા અને સર્વે મુક્ત ને નિત્યમુક્ત તેમના પણ સ્વામી; સુખદાતા ને નિયંતા જે છે, તે જ સ્વયં સ્વામિનારાયણ ભગવાન છે, એમ વર્ણન કરેલું છે. તે જુઓ :-

(ભક્તચિંતામણિ - પ્ર. ૭૭)

વિધિ પર તે વિરાટ કહીએ, તે પર પ્રધાનપુરુષ લઈએ,
તે પર મૂળપ્રકૃતિ પુરુષ, તેથી પર અક્ષર સુજશ;
અક્ષર પર પુરુષોત્તમ જેહ, તેણે ધર્યું મનુષ્યનું દેહ.

(પ્ર. ૭૯)

તમને જે મળી છે મૂરતિ, તેને નિગમ કહે નેતિ નેતિ;
અતિ અપાર અક્ષરાતીત, થઈ તમારે તે સાથે પ્રીત.
ભક્ત જક્તમાંહિ છે જો ઘણા, ઉપાસક અવતાર તણા;
જં જં મૂરતિ જનને ભાવે, તે મૂર્તિ નિજ ધામ પહોંચાવે;
પણ સર્વેપાર જે પ્રાપતિ, તે છે તમારે કહે પ્રાણપતિ.

(ચોસઠપદી)

એવા મળ્યા છે મહારાજ, જે કોય સર્વના શ્યામ છે રે.
વળી રાજ એ અધિરાજ, એને આધારે સહુ ધામ છે રે.

ધામ-ધામના જે રહેનાર, તે હજૂર રહે છે જોડી હાથને રે.
કરી આરત્યશું ઉચ્ચાર, શીશ નમાવે છે નાથને રે.

અને અમે પણ અમારા સંતને કહ્યું છે કે, તમારે અમારું જ ધ્યાન કરવું પણ પૂર્વે અવતાર થઈ ગયા તેમનું ધ્યાન કરવું નહીં અને અમારાં ચરિત્ર કહેવાં - સાંભળવાં ને અમારા ચરિત્રના ગ્રંથ કરવા. વળી હું જ સર્વકર્તા ને નિયંતા સ્વામિનારાયણ ભગવાન છું; દિવ્ય નિર્ગુણ છું. અને વળી શ્રીજીમહારાજ જે અમે, તે અમોએ સ.જી.પ્ર. ૩, અ. ૨૯માં - મુક્તાનંદ સ્વામીને કહ્યું છે કે, જેવો હું અક્ષરધામમાં દિવ્ય સાકાર મૂર્તિમાન છું, તેવો જ મનુષ્યરૂપે છું તો પણ દિવ્યરૂપ છું અને દિવ્ય સ્વરૂપ ને મનુષ્ય સ્વરૂપ એક જ છે. અને હું કર્તા, અકર્તા ને અન્યથાકર્તા છું. અતિ તેજસ્વી, અતિ સુખ સ્વરૂપ ને અતિ રૂપવાન છું, અતિ સમર્થ છું ને સર્વ કારણનો કારણ છું. અને વળી ગોપાળાનંદ સ્વામી ને ગુણાતીતાનંદ સ્વામી આદિ અમારા મુક્તોએ એમ સિદ્ધાંત કર્યો છે કે : અક્ષર, વાસુદેવ, નરનારાયણ, રાધાકૃષ્ણ આદિ સર્વે અવતારના ધરતલ જે પરમેશ્વર છે તે જ સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાન છે.

અને શ્રી સ્વામિનારાયણ ભગવાન જે અમે તે અમે પોતે જ પોતાને શ્રીકૃષ્ણ, નરનારાયણ આદિ નામે કરીને કહ્યા છે તે પણ અમને જ કહ્યા છે. પણ ગોલોકવાસી શ્રીકૃષ્ણ

ભગવાન તથા બદરિકાશ્રમવાસી જે નરનારાયણ તેમને કહ્યા નથી; કેમ જે તે સર્વે અવતારના અમે અવતારી છીએ. અને તે સર્વે અમારા અવતાર છે.

તે સ. ભૂ. અં. ૨, અ. ૫૮ માં કહ્યું છે કે :-

नरनारायणादिनि रूपाणि हि निजेच्छया ।
धरामि निर्गुणान्येव जीवकल्याण - हेतवे ।। १ ।।

હું સહજાનંદ સ્વામી જીવના મોક્ષ કરવા સારુ નરનારાયણ આદિક નિર્ગુણ એવા અવતારોને મારી ઇચ્છાથી ધારણ કરું છું. તે મારાં (શ્રીજીમહારાજનાં) ચરિત્રને જુએ તેને મારું સર્વોપરીપણું સમજાય છે. (૧) અને વળી અમે મોટાં મંદિર કરાવીને તેમાં નરનારાયણ, ગોપીનાથ આદિ જે સ્વરૂપ પધરાવ્યાં છે તે રૂપે અમે જ દર્શન આપીએ છીએ. અને તેમાં અમે સાક્ષાત્ રહ્યા છીએ અને એ અમારાં જ સ્વરૂપ છે; કેમ કે અમે જ અમારા સંકલ્પથી તેવા રૂપે થઈને દર્શન આપીએ છીએ. આવી રીતે **પ્રત્યક્ષરૂપ** જાણવાં.

## પરોક્ષના મિષે પ્રત્યક્ષનો મહિમા (વર. ૧૮)

'અને શ્રીકૃષ્ણ ભગવાને પોતાના જન્મ સમયમાં વસુદેવ - દેવકીને પરમેશ્વરપણાની પ્રતીતિને અર્થે જે ચતુર્ભુજરૂપ દેખાડ્યું તથા બ્રહ્માને જે અનેક ચતુર્ભુજરૂપ દેખાડ્યાં તથા અક્રૂરને જે શેષશાયીરૂપ દેખાડ્યું તથા અર્જુનને વિશ્વરૂપ

દેખાડ્યું ઇત્યાદિક **રૂપને ભેદે** કરીને જે શ્રીકૃષ્ણ ભગવાનની **ઉપાસનાના ભેદ કહેવા** તે તો યોગ્ય છે, પણ એ શ્રીકૃષ્ણ ભગવાન વ્રજને વિષે બાલમુકુંદ કહેવાયા, મોરલીમનોહર કહેવાયા, રાધાકૃષ્ણ કહેવાયા તથા વાછડા ચાર્યા, ગાયો ચારી, ગોવર્ધન પર્વત ધાર્યો, ગોપીઓ સાથે રાસક્રીડા કરી તથા મથુરાપુરીમાં આવીને કંસને માર્યો ને યાદવને સુખિયા કર્યા તથા સાંદિપનિ બ્રાહ્મણને ઘેર વિદ્યા ભણ્યા તથા કુબ્જા સંગાથે વિહાર કર્યો તથા દ્વારિકાપુરીમાં વસ્યા ને રુક્મિણી આદિક અષ્ટ પટરાણીઓને પરણ્યા તથા સોળ હજાર સ્ત્રીઓને પરણ્યા તથા હસ્તિનાપુરમાં રહ્યા ને પાંડવની સર્વ કષ્ટ થકી રક્ષા કરી, ને દ્રૌપદીની લાજ રાખી ને અર્જુનના સારથિ થયા ઇત્યાદિક **સ્થાનકને ભેદે** કરીને જે શ્રીકૃષ્ણ ભગવાનની અનેક લીલા છે તેણે કરીને એ શ્રીકૃષ્ણ ભગવાનના દ્વિભુજ સ્વરૂપને વિષે **ઉપાસનાના ભેદ ન કરવા.'**

આમાં શ્રીજીમહારાજે પોતાની વાત સમજાવવા સારુ પરોક્ષપણે વાત કહી છે. તેમાં મહારાજને સમજાવવાનું એ છે જે, અમે છપૈયાપુરને વિષે ભક્તિ-ધર્મથકી પ્રગટ થયા તે અમારાં માતાપિતા જે ભક્તિ-ધર્મ તેમને અમે પ્રથમ અક્ષરધામમાં અનંત મુક્તોએ સહિત દિવ્યરૂપે દર્શન દીધાં. વળી ગોલોકધામમાં રાધા-લક્ષ્મી સહિત શ્રીકૃષ્ણરૂપે દર્શન દીધાં. પછી બાળસ્વરૂપે દેખાયા અને ભક્તિધર્મના પુત્ર

કહેવાયા. ઘનશ્યામ મહારાજ નામે કહેવાયા અને બાળચરિત્ર કરીને માતપિતાને અતિશય લાડ લડાવ્યાં ને છપૈયાપુરની સ્ત્રીઓ તેમના ચિત્તની વૃત્તિઓ પોતાની મૂર્તિમાં આકર્ષણ કરી લીધી તેથી કૃષ્ણ નામે કહેવાયા. અને ગૌઘાટે ગાયોને ચારી ને તે ગાયોનો મોક્ષ કર્યો; અને ભૂતિયા કૂવામાં સ્નાન કર્યું ને તે ભૂતોનો મોક્ષ કર્યો; તથા નારાયણસરમાં સ્નાન કરીને સરને (તળાવને) તીર્થરૂપ કર્યું, ને વળી અયોધ્યાપુરીમાં આવીને રહ્યાં. અને ઉપવીત-સંસ્કારને પામ્યા ને પિતા પાસેથી વિદ્યા ભણ્યા. વળી સરયૂ નદીમાં સ્નાન કરતા ને રામચંદ્રજીના મંદિર પ્રત્યે નિત્ય દર્શન કરવા જતા તથા રામપ્રતાપભાઈને પ્રત્યેક મંદિરમાં એકીસાથે દર્શન દીધાં. અને પાછા અયોધ્યાથી છપૈયાપુરમાં આવીને વસ્યા. વળી માતાને તથા પિતાને અમારા સ્વરૂપનું જ્ઞાન આપીને દેહત્યાગ કરાવી મુક્ત કરીને અમારા સ્વરૂપમાં રાખ્યા.

પછી ઘરનો તથા સ્વજનનો ત્યાગ કરીને વનમાં ગયા અને પુલહાશ્રમમાં એક પગે ઊભા રહીને અતિ તપ કર્યું. પછી નરનારાયણ ભગવાન તથા સૂર્યાદિક દેવ અમારાં દર્શન કરવા આવ્યા, તેઓ દર્શન કરીને પ્રાર્થના કરવા લાગ્યા, ત્યારે તેમની પ્રાર્થના સાંભળીને અમે તપની સમાપ્તિ કરી. પછી વનમાં વિચર્યા અને ગોપાળયોગી પાસેથી અષ્ટાંગયોગ સિદ્ધ કર્યો ને તેમનો મોક્ષ કર્યો. તથા નવલખે ગયા, ત્યાં

નવલાખ યોગીઓને નવલાખરૂપે થઈને મળ્યા ને નવલાખ યોગીનો મોક્ષ કર્યો. વળી સર્વ તીર્થમાં ફર્યા અને અધર્મનો ઉચ્છેદ કર્યો, ધર્મનું સ્થાપન કર્યું. વળી અમારા દર્શન - સ્પર્શ - સેવાથી અનંત જીવોનો મોક્ષ કર્યો. એવા નીલકંઠ બ્રહ્મચારી જે અમે તે શીતઋતુમાં કંઠપર્યંત જળમાં બેસતા ને ગ્રીષ્મઋતુમાં પંચાગ્નિ તાપતા, વર્ષાઋતુમાં મેઘની ધારાઓનું સહન કરતા. અયાચિત વૃત્તિએ જે અન્ન મળે તેને જમતા અને કોઈક દિવસ ભીક્ષા માગીને જમતા. વળી કોઈક દિવસ જળમાત્રનું પાન કરીને રહેતા, કોઈક દિવસ વાયુભક્ષણ કરીને રહેતા, એવા સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન જે અમે તે અમોએ તપ કરીને શરીરમાંથી લોહીમાંસને સૂકવી નાખ્યું, ત્યારે અમારા શરીરમાં કેવળ અસ્થિ ને સ્નાયુ જ દેખાતા હતા. અને સ્ત્રીનો ગંધમાત્ર પણ સહન કરી શકતા નહિ. એવા નીલકંઠ બ્રહ્મચારી નામે જે અમે તે લોજપુરમાં આવીને મુક્તાનંદ સ્વામી આદિ સંત ભેળા રહ્યા અને તે સંતના કામાદિક શત્રુનો સંહાર કર્યો. પછી પિપલાણામાં રામાનંદ સ્વામીને મળ્યા અને સ્વામી પાસેથી અમે મહાદીક્ષા લીધી ને સ્વામીને ગુરુ કર્યા. પછી રામાનંદ સ્વામીએ અમારાં 'સહજાનંદ સ્વામી' ને 'નારાયણમુનિ' નામ કર્યાં. પછી જેતપુરમાં રામાનંદ સ્વામીએ અમને પોતાની ગાદી ઉપર અભિષેક કર્યો અને પોતે અંતર્ધાન થયા. પછી અમે સર્વે

સંતહરિભક્તોને વાર્તાઓ કરીને રામાનંદ સ્વામીનો શોક નિવારણ કર્યો ને હરિ નામ સાર્થક કર્યું.

પછી અમે અમારું અનંત અપાર ઐશ્વર્ય દેખાડી અમારું સર્વોપરીપણું તથા પુરુષોત્તમપણું પ્રગટ કર્યું. તેમ જ હજારો જીવોને સમાધિઓ કરાવી અને તે સમાધિમાં કેટલાકને બદરિકાશ્રમને વિષે ઋષિઓએ સહિત નરનારાયણરૂપે અમારાં દર્શન દીધાં. કેટલાકને શ્વેતદ્વીપને વિષે નિરન્નમુકતે સહિત વાસુદેવરૂપે અમે દર્શન દીધાં. કેટલાકને ગોલોકમાં રાધિકાલક્ષ્મીએ સહિત શ્રીકૃષ્ણરૂપે અમે અમારાં દર્શન દીધાં અને કેટલાકને સર્વથી પર અમારા અક્ષરધામને વિષે અનંત મુક્તોએ સહિત અમારાં દર્શન દીધાં, તેણે કરીને તે સમાધિવાળા ભક્તને અમારું સર્વોપરીપણું તથા પુરુષોત્તમપણું સમજાવ્યું. આવી રીતે બીજા સર્વે અવતારના અવતારી અમે છીએ એમ રૂપને ભેદે કરીને **ઉપાસનાના ભેદ કરવા,** એ અમારો સિદ્ધાંત છે. એમ લોયા વ. ૧૪માં પણ અમે કહ્યું છે.

પછી અમે મોટા મોટા યજ્ઞ કર્યા, તેમાં હજારો-લાખો બ્રાહ્મણ, સાધુ તથા હરિભક્ત વગેરેને જમાડતા તથા જે કોઈ અન્નાર્થી આવે તે સર્વેને જમાડતા. તે નિત્યે ૨૨૦૦૦ (બાવીશ હજાર) બ્રાહ્મણ અને બીજા સર્વે જમતા તેમાં ઘી, ગોળ, ખાંડ, સાકર, લોટ, દાળ આદિ સીધું - સામાન પણ અખૂટ કરી દીધાં તેથી બ્રાહ્મણો જમે, ગમે તેમ વાપરે, ઢોળી

નાખે, બગાડી દે પણ ખૂટે જ નહિ. અને તેમાં બ્રાહ્મણોને દક્ષિણાઓ દીધી તે તો જેમ વરસાદ વરસે એમ આપી. આવા મોટા યજ્ઞ જોઈને સર્વે જનો તથા મોટા મોટા રાજાઓ તે પણ આશ્ચર્ય પામીને કહેવા લાગ્યા જે, 'સ્વામિનારાયણ આવા મોટા યજ્ઞ કરે છે, માટે નિશ્ચે જ પોતે ભગવાન પ્રગટ થયા છે, પણ ભગવાન વિના બીજા કોઈથી આવા યજ્ઞ થાય જ નહિ!'

વળી અમે અમારા ભક્તજનના મનોરથ પૂર્ણ કરવા સારુ ભક્તજને અમને અર્પણ કરેલાં ભારે અમૂલ્ય વસ્ત્ર - આભૂષણ તેને અંગીકાર કર્યાં. તથા ભારે ભોજન જમ્યા અને અમે ભારે અમૂલ્ય અશ્વ ઉપર અસવાર થઈને ઘણાક હથિયારબંધ અને ઘોડેસવાર એવા સોમ-સૂરાદિક પાર્ષદો તથા મોટા મોટા સંતોના મંડળ સહિત સોરઠ, કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત આદિ દેશમાં ગામેગામ વિચરીને સર્વેને દર્શનદાન દીધાં. અને તેમની સેવા અંગીકાર કરીને તથા દર્શન-સમાગમનું સુખ દઈને તે સર્વેને પૂર્ણકામ, આત્મારામ અને કૃતાર્થ કર્યા. વળી દુર્ગપુરમાં વસ્યા ને ઉત્તમરાજા તથા રમા, જયા, લલિતા આદિ ભક્તોને લાડ લડાવ્યાં. અને નિર્લોભી, નિષ્કામી, નિઃસ્વાદી, નિઃસ્નેહી ને નિર્માની એ પંચવર્તમાને યુક્ત ને બ્રહ્મનિષ્ઠ એવા, ને પ્રગટ પુરુષોત્તમ ભગવાન જે હું તે મારા સ્વરૂપને વિષે અનન્ય નિષ્ઠાવાળા

સ્ત્રી-ધનના ત્યાગી એવા પાંચ હજાર સાધુ, બ્રહ્મચારી ને પાર્ષદ કર્યા. અને મહા તપસ્વી ને ઉત્તમ બ્રહ્મચર્યવ્રતની પરાકાષ્ઠાને પામેલાં અને પરબ્રહ્મના સ્વરૂપમાં નિષ્ઠાવાળાં એવાં સેંકડો સાંખ્યયોગી બાઈઓ - તે મારા આશ્રિત થયાં. અને અમે હજારો ત્યાગી સાધુનાં મંડળો તથા હજારો ગૃહસ્થાશ્રમી હરિભક્તોના સમૂહો તેમણે યુક્ત મહાસભામાં ગાદીતકિયે યુક્ત ભારે શોભાયમાન સિંહાસન ઉપર વિરાજમાન થયા. અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે યુક્ત એવી એકાંતિક ભક્તિ સંબંધી તથા અમારા પ્રગટ સ્વરૂપની સર્વોપરી ઉપાસના અને આજ્ઞા તથા સ્વરૂપનિષ્ઠા સંબંધી વાર્તાઓ કરી તેનાં મોટા સંતે વચનામૃત લખ્યાં. તથા અમે જે હેતુઓ માટે પૃથ્વીમાં પ્રગટ થયા ને પ્રગટ થઈને જે જે ચરિત્ર કર્યાં ને આચરણ કર્યાં તેના 'સત્સંગિજીવન' આદિ મોટા ગ્રંથ તથા કાવ્ય-કીર્તનો કર્યાં અને મોટા મોટા સમૈયા-ઉત્સવ કર્યા ને તેમાં દેશદેશાંતરથી આવેલા હજારેહજાર સંત-હરિભક્તો તેમને અમારી મૂર્તિનાં દર્શન-સેવાનું સુખ આપ્યું.

અને અમે શ્રીપુર, વૃતપુર, ભૂજનગર, જીર્ણગઢ, દુર્ગપુર, મૂળી આદિ ગામોમાં મોટાં મંદિર કરાવીને અમારી મૂર્તિઓ પધરાવી અને આચાર્ય સ્થાપન કરીને બે દેશનો વિભાગ કર્યો અને મોટા સદ્‌ગુરુ કર્યા. વળી અમે સંતો સાથે રંગ રમ્યા, તથા રાસ રમ્યા અને સંતોને ભારે પકવાન, પૂરી, શાક આદિ

ભોજન કરાવીને વારંવાર જમાડતા અને અમે સંતોના પત્તરમાંથી પ્રસાદી લઈને જમ્યા. વળી મારા ભક્ત બાઈઓ-ભાઈઓ સર્વેના મનોરથ પૂરા કર્યા. અને તે સર્વે ભક્તની સર્વ કષ્ટ થકી રક્ષા કરી અને રમા, જયા, લલિતા આદિ બાઈઓને પુરુષનો સ્પર્શ થવા દીધો નહિ; બાળબ્રહ્મચારી રાખ્યાં. ઇત્યાદિક ભક્તના સુખને અર્થે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન જે અમે, તે અમારાં દિવ્ય ચરિત્ર ને મનુષ્ય ચરિત્રરૂપી અનેક લીલા છે તેણે કરીને સદા સાકાર, સર્વોપરી, દિવ્ય, દ્વિભુજ મૂર્તિ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન જે અમે, તે અમારા સ્વરૂપને વિષે **ઉપાસનાના ભેદ ન કરવા** - એટલે મનુષ્યભાવ તથા અમે સર્વોપરી અવતારી છીએ તેમાં શ્રીકૃષ્ણ, નરનારાયણ આદિ અવતારનો ભાવ ન કરવો, અને અમને સર્વોપરી સદા દિવ્ય મૂર્તિ સમજીને અમારું જ ધ્યાન-ઉપાસના-ભક્તિ કરવાં. અને હું સ્વામિનારાયણ ભગવાન છું; હું જ તમારા સર્વેનો ઇષ્ટદેવ છું, અને ગુરુ તથા આચાર્ય પણ હું જ છું તે મારાં આચરણ જે, બાઈઓ-ભાઈઓ તેમણે ભારે અમૂલ્ય વસ્ત્ર-આભૂષણે કરીને અમારી પૂજા કરી તથા હજારો રૂપામહોરો તથા સોનામહોરોની ભેટો મેલી તેને અંગીકાર કરી અને અમે ભારે વસ્ત્ર-અલંકાર ધારણ કર્યાં. અને બાઈઓને જ્ઞાનવાર્તાઓ કરી, ઇત્યાદિક જે મારાં લીલા-આચરણ છે તે પ્રમાણે મારા આશ્રિત ત્યાગી-

ગૃહી એવા તમે મારા સેવક છો તે તમારે ન કરવું. અને અમારા સંપ્રદાયને વિષે શિક્ષાપત્રી, ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ આદિ ગ્રંથમાં જેમ જેના ધર્મ કહ્યા છે, તે જે અમારાં વચન તે પ્રમાણે તમારે સર્વેને રહેવું, પણ અમારાં આચરણ પ્રમાણે ન રહેવું, ને આ જે અમે વાર્તા કરી છે તેને સર્વે પરમહંસ તથા સર્વે સત્સંગી શીખી લેજો ને એ પ્રમાણે સમજીને એમ જ વર્તજો ને બીજા આગળ પણ એમ જ વાર્તા કરજો, એમ કહીને શ્રીજીમહારાજ ભોજન કરવા પધાર્યા. એવી રીતની વાર્તાને સાંભળીને સર્વે સાધુ ને સત્સંગી તે એમ સમજતા હવા જે, 'એ પરોક્ષ જે શ્રીકૃષ્ણ ભગવાન કહ્યા તે જ આ ભક્તિ-ધર્મના પુત્ર શ્રીજીમહારાજ છે, પણ એ થકી પર કોઈ નથી; અને એ જ આપણા ઇષ્ટદેવ છે ને ગુરુ પણ એ જ છે.' ઇતિ વચનામૃતમ્ વર. ૧૮.

આ વચનામૃતમાં 'પરોક્ષ જે શ્રીકૃષ્ણ ભગવાન કહ્યા તે જ ભક્તિ-ધર્મના પુત્ર શ્રીજીમહારાજ છે.' એમ જે કહ્યું તેમાં મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી આદિ મોટા સદ્‌ગુરુ આપણને એમ સમજાવે છે કે 'પરોક્ષ' એટલે પ્રથમ કહ્યું તેવી રીતે અનંત અવતાર અને અવતારના ધામ, તે જે ધામના કિરણોમાં રહ્યાં છે એવું સર્વાધાર, સ્વપ્રકાશરૂપ શ્રીજીનું અક્ષરધામ તેમાં જે (અનાદિ) 'શ્રીકૃષ્ણ ભગવાન' એટલે શ્રીજીમહારાજ રહ્યા છે તે સ્વરૂપ કોઈને દૃષ્ટિગોચર નથી,

માટે પરોક્ષ જાણવા અને એ જ ભક્તિ-ધર્મના પુત્ર છે, કારણ કે શ્રીજીમહારાજે શ્રીકૃષ્ણ નામે પોતાને જ કહ્યા છે ને પોતાના મુક્તને પણ શ્રીકૃષ્ણ ભગવાનના પાર્ષદ નામે કરીને કહ્યા છે, પણ ગોલોકવાસી કૃષ્ણને કહ્યા નથી; તે રાધાકૃષ્ણ તો શ્રીજીમહારાજના અવતાર છે ને શ્રીજીમહારાજ તો સર્વોપરી અવતારી ભગવાન છે ને આપણા ઇષ્ટદેવ છે અને તે જ ગુરુ છે એમ શ્રીહરિજી પોતાના નિર્દેશે કરીને પોતાના ભક્તને સમજાવે છે. એ પ્રકારે **વરતાલના ૧૮મા વચનામૃતનો ભાવાર્થ સંપૂર્ણમ્.**

# બાપાશ્રીની વાતો વગેરે

## ખંડ-૨

# ખંડ-૨

અનાદિ મુક્તરાજ બાપાશ્રીનો જન્મ કચ્છ દેશમાં ભુજ પાસે વૃષપુર ગામમાં સં. ૧૯૦૧માં થયો હતો. તેઓ સમાધિનિષ્ઠ હતા અને તેમનો સમાગમ કરવા મોટા મોટા સંતો વરતાલ અને અમદાવાદ બંને દેશમાંથી આવતા તેમણે જે જે વાતો કરી હતી તે 'શ્રી અબજીબાપાશ્રીની વાતો' એ નામે એ ભાગમાં છપાઈને પ્રસિદ્ધ થઈ છે, તેમાંથી કિંચિત્ વાતો (ફકરાઓ) લખીએ છીએ.

## ૧. આજ્ઞા

વાર્તા[૧] ૮૬ : અનાદિ મુક્તરાજ બાપાશ્રીએ કહ્યું છે કે, 'આજ્ઞામાં ફેર પાડે તે તો સ્વામિનારાયણનો કહેવાય જ નહિ, માટે સાધુનો વેષ લીધે સાધુ ન કહેવાય અને સત્સંગીનો વેષ લીધે સત્સંગી ન કહેવાય.' ૧

વાર્તા ૮૭ : બાપાશ્રી બોલ્યા જે, 'સાધુ થયા હોય ને ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ, શિક્ષાપત્રી-તેનું અનુસંધાન રાખે નહિ તો તે સાધુ ન કહેવાય. જો મહારાજનું અને મોટાનું અંતર્યામીપણું જાણીને તેમની આજ્ઞામાં યથાર્થ વર્તે તો સાધુ કહેવાય.' ૨

---

૧. જે વાર્તા પહેલા કે બીજા ભાગની છે એમ ન લખ્યું હોય તે વાત પહેલા ભાગની જ જાણવી.

વાર્તા ૧૦૮ : બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, 'ગૃહસ્થ હોય તેમણે તો શ્રીજીમહારાજ સુખેથી સાંભરે ને કથા, વાર્તા, ધ્યાન, ભજન, માળા, માનસીપૂજા વગેરે નિયમ બરાબર સચવાય, અને પોતાના જીવાત્માનું પરલોક સંબંધી સુખ થવાનું સાધન સુખે થાય એવી રીતે દેહ-નિર્વાહ જેટલો જ વ્યવહાર કરવો, પણ વ્યવહારરૂપ થઈ જવાય એવો વેગે સહિત વ્યવહાર ન કરવો; શ્રીજીમહારાજની ને મોટાની આજ્ઞા પ્રમાણે કરવો. બીજું, પોતાના મોક્ષના લાભ માટે ગમે તેવી પ્રકૃતિ હોય તેને મોટાના જોગમાં રહીને ટાળવી. મહારાજની અને મોટાની આજ્ઞામાં લેશ માત્ર ફેર પડવા દેવો નહિ. એમ જાણવું જે હું જે જે ક્રિયાઓ તથા સંકલ્પ કરીશ તેને મહારાજ ને મોટા દેખે છે તેથી મહારાજની ને મોટાની મરજી તથા આજ્ઞા વિરુદ્ધ વર્તીશ તો તે કુરાજી થશે ને મારું બગડી જશે. નિરંતર એવો તપાસ રાખીને મહારાજ ને મોટા જેમ પ્રસન્ન થાય તેમ વર્તવાનો આગ્રહ રાખવો અને મોટાના આપેલા નિયમ ખબરદાર થઈને પાળવાં, જો તેમાં ફેર પડે તો મોટાનું વચન પાછું જાય ને મોક્ષનો ઝાંપો વસાઈ જાય, માટે આજ્ઞા પૂરી પાળવી અને તેમાં ભૂલ પડે તો મોટાને સંભારીને તેનું પ્રાયશ્ચિત્ત કરી નાખવું. સારા-નરસા ઘાટ થાય તેને મહારાજ ને મોટા દેખે છે **એમ જાણીને પ્રાયશ્ચિત્ત** કરશે તેનું પરમ કલ્યાણ થાશે.' ૩

વાર્તા ૧૩૫ : બાપાશ્રી બોલ્યા જે, 'સર્વે ક્રિયા શ્રીજીમહારાજને સાથે રાખીનં એમની ને મોટા મુક્તની પ્રસન્નતાનં અર્થે કરવી; પણ વખાણ માટે કે માન માટે ન કરવી. કચરો ને કંચન સમ જાણવાં ત્યારે સાધુ કહેવાય. સાકર ને મીઠું સમ થઈ ગયાં હોય તેણે પણ નિષ્કામશુદ્ધિ નં ધર્મામૃતમાં ફેર પાડવો નહિ, તો જ મૂર્તિનું સુખ આવે ને તે જ પૂરો સાધુ કહેવાય... આપણા મોટેરા ગોળા જમતા ને ક્યારેક અન્ન મળતું નહિ ત્યારે ઉપવાસ કરતા અને અતિ ક્ષુધા લાગી હોય ત્યારે તળાવમાંથી મૃતિકાની કપોટીઓ ખાતા. તમારે પણ તેમના ભેળા બેસવું છે. માટે કોઈ ચાળે ચડી જાવું નહિ. ત્યાગી થવા નીકળ્યા તો દેહના સુખને ઇચ્છવું નહિ ને સ્વભાવમાં ને સિદ્ધિઓમાં બંધાવું નહીં. સ્વભાવ, સિદ્ધિઓ, જડમાયા, ચૈતન્યમાયા, માન, ક્રોધ એ આદિકમાં બંધાઈ રહે તો મૂર્તિ સુધી પહોંચી શકાય નહિ.' ૪

વાર્તા ૧૬૮ : બાપાશ્રી બોલ્યા જે, 'અમારો સિદ્ધાંત શો છે તે જાણીને તે પ્રમાણે વર્તવું. મોટા મોટા વનમાં રહેતા તે કૂતરું ભસે તે પણ સંભળાય નહિ એટલા તો છેટે રહેતા અને વૃક્ષને છાંયે પણ બેસતા નહિ અને માંખ-મચ્છર કરડે તે પણ સંભાળતા નહિ. અને ભિક્ષા માગવા જાય તે ક્યારેક અન્ન મળે ને ક્યારેક ન મળે, ને વસ્ત્ર પણ મળે નહિ એવી રીતે રહેતા, તેવો ખટકો રાખવો. આ વચનામૃત છે તે ચિંતામણિ

ને કલ્પતરુ જેવાં છે, તે જે વાતનો પ્રસંગ નીકળે છે, તે જ વાત તેમાં આવે છે. આપણે પંચવિષયના અભાવની વાત કરતા હતા - તે જ વાત આવી છે. શ્રીજીમહારાજનો રાજીપો જે પંચવિષયનો અભાવ કરે ને પુરુષ-પ્રયત્ન કરે તે ઉપર જ થાય છે, અને પછી કૃપા કરે છે. માટે પંચવિષયનો અભાવ કર્યા વિના છૂટકો નથી, તે સો જન્મે કે હજાર જન્મે કે લાખ જન્મે પણ એનો અભાવ કર્યા વિના છૂટકો નથી. જો નહિ ટાળો તો ઓચિંતાની કેદ આવી પડશે ને નવ મહિના સુધી પાચ, પરુ, વિષ્ટા, મળ, મૂત્રમાં ઊંધે માથે રહેવું પડશે, ને બારી કે વાયરો કાંઈ મળે નહિ એવું દુઃખ આવી પડશે.' ૫

આવી રીતે શ્રીજીમહારાજની નાની મોટી આજ્ઞા યથાર્થ પાળવી એ બાપાશ્રીનો મુખ્ય સિદ્ધાંત છે.

## ૨. ઉપાસના

વાર્તા ૧૭૧ : બાપાશ્રી વાતો કરતા હતા. પછી સારંગપુરનું ૧૭ મું વચનામૃત વંચાવ્યું, તેમાં ગરુડ પણ આકાશનો પાર પામે નહિ એ વાત આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'ગરુડનું દૃષ્ટાંત તો મૂળઅક્ષર સુધી પહોંચે ને તેથી પર એકાંતિક, ને પરમ એકાંતિક, ને અનાદિ એ ત્રણને ગરુડનું દૃષ્ટાંત લાગુ પડે નહિ. તેમાંયે પરમ એકાંતિક ને અનાદિ તો ભગવાનરૂપ છે, તે એકાંતિકને મૂર્તિમાં ખેંચી લે

છે. આ છેલ્લા મુદ્દાની વાત છે; હવે ખોળવું બાકી નથી. અક્ષરથી પર એકાંતિક, તેથી પર પરમ એકાંતિક, તેથી પર અનાદિ અને તેથી પર શ્રીજીમહારાજ છે. આ છેલ્લો મુદ્દો હાથ આવ્યો. જેમ સમુદ્ર વેળ લાવે ને ખેંચી જાય તેમ મૂર્તિમાંથી અનુભવજ્ઞાન આવીને મૂર્તિમાં ખેંચી જાય છે તે કૃપાસાધ્ય છે. 'ભવસાગરનો પાર ન આવે પ્રભુ વિના' તે સમય આજ આવ્યો છે.' ૧

વાર્તા ૧૮૨ : બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, 'શ્રીજીમહારાજ ને આ સંત મળ્યા છે તે દિવ્ય છે, તેમને જે દિવ્ય જાણે તે પણ દિવ્ય થઈ જાય. તે શ્રીજીમહારાજે કહ્યું છે જે, "જેવા અમને ને અમારા મુક્તને જાણશો તેવા કરીશું અને અંતર્યામી જેવા કરીશું". તે અંતર્યામી-એટલે અનાદિમુક્ત સુખ લેતા હોય તેને જાણી શકે અને પરમ એકાંતિકના સુખને જાણે ને એ સર્વેને ઓળખે. અને એ જે સુખ ભોગવતા હોય તે સર્વે દેખે અને તેથી ઓરા જે અક્ષરકોટિ ને બ્રહ્મકોટિ ને ઈશ્વરકોટિ ને જીવકોટિ તેમના અંતરનું જાણે, પણ ઉત્પત્ત્યાદિક કરે, કે એમને કર્મફળ આપે એવા નથી કરવા; પણ ઉપર કહ્યા એવા અંતર્યામી કરવા છે; એમ જાણવું.' ૨

વાર્તા ૬૫ : બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, 'જેમ શરદઋતુમાં સ્વાંત નક્ષત્ર આવે છે તેમાં વરસાદ થાય છે, તેને

છીપ સમુદ્રમાં અદ્ધરથી ઝીલે છે. તેનાં મોતી લાખ લાખ રૂપિયાના થાય છે ને પડી પડી ઝીલે તો એક પૈસાનાં મૂઠી ભરાય એવાં ફટકિયાં મોતી થાય છે. તેમ આજ અમે તમને મળ્યા છીએ તે શરદઋતુ બેઠી છે, માટે આ અમારાં વચન અદ્ધરથી ઝીલવાં. અને અમારો સમાગમ બાર મહિનામાં એકવાર ન થાય તો કાળ પડ્યાં જેવું જાણવું... આપણે સંવત ૧૮૩૭ થી (મહારાજ ને મુક્ત પ્રગટ થાય છે ત્યારથી) શરદઋતુ બેઠી છે.' ૩.

વાર્તા ૧૨૮ : બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, 'તમને છેલ્લો મુદ્દો હાથ આવ્યો છે; કેમ જે બધી સભાઓ ભેદીને છેલ્લા શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત મળ્યા છે. આવો ભાવ આ મુક્તને વિષે રહે તો સુખી થવાય ને રાગ માત્ર ટળી જાય. આ તો છેલ્લા મુક્ત છે, તે મહારાજના સુખમાં વળગાડે છે. તમે કોઈક ઠેકાણે ધૂણીપાણી કરેલાં છે. (સેવા કરેલી છે) તેથી તમને આ જોગ મળ્યો છે. મોટાની ભેળા પૂર્વે જે રહેલા હોય - તે જ મોટાને ઓળખે છે.' ૪

વાર્તા ૧૪૬ : બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, 'શ્રીજીમહારાજની મૂર્તિ અકળિત છે ને સુખ પણ કળાય એવું નથી; એ તો અપાર છે. તે અનાદિમુક્ત અનાદિ કાળથી મૂર્તિમાં સળંગ રહીને નવીન નવીન સુખ લે છે. એમને

મૂર્તિનો કે સુખનો પાર આવતો નથી. મુક્તને અનંત લોચન છે. તે સર્વત્ર દેખે ને ભોગવે તથા રોમ રોમ પ્રત્યે જોવાપણું ને ગ્રહણ કરવાપણું છે. એવું સુખ છે. માટે મૂર્તિ વિના સર્વે ખોટું કરવું.' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'આપ કૃપા કરીને ખોટું કરાવો.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'મૂર્તિ અમારે આપવાની છે અને પુરુષ-પ્રયત્ન તમારે કરવાનો છે.' પછી વળી સ્વામીએ કહ્યું જે, 'પુરુષ-પ્રયત્ન પણ આપ કૃપા કરીને કરાવો.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'તે પણ વખત આવ્યે પૂરું કરીશું ને મૂર્તિ પધરાવી દેશું અને મૂર્તિમાં લઈ જાશું.' ૫

વાર્તા ૧૫ : બાપાશ્રીએ વાત કરી જે, 'કોઈકને મૂર્તિમાન મૂળઅક્ષર મનાયું છે, અને કોઈકને તેથી પર જે શ્રીજીમહારાજનું તેજરૂપ અક્ષરધામ-તે મનાયું છે, અને કોઈકને તેથી પર જે પરમ એકાંતિક તે મનાયું છે, ને કોઈકને તેથી પર જે અનાદિમુક્ત તે મનાયું છે. તે આવા અનાદિમુક્ત સાથે મન બાંધવું તે ઉત્તમ છે. આ તો સામર્થ્ય ઢાંકીને બેઠા છીએ. પણ જો પ્રગટ કરીએ તો તમે ઝીલી શકો નહિ.' ૬

વાર્તા ૧૬૯ : બાપાશ્રી બોલ્યા જે, 'બીજા અવતાર તો કેટલાક માયામાંથી આવ્યા છે ને કેટલાક માયાથી પર જે ઈશ્વરકોટિ તેમાંથી આવ્યા છે, અને કેટલાક બ્રહ્મકોટિમાંથી આવ્યા છે, અને આ તો બ્રહ્મકોટિથી પર અક્ષરકોટિ અને તેથી પણ પરના જે પરમ એકાંતિક ને અનાદિમુક્ત-તે

આવ્યા છે, અને શ્રીજીમહારાજ તો તેથી પણ પરના આવ્યા છે. બીજા અવતારોના ઐશ્વર્ય તો શ્રીજીમહારાજ લઈ લે છે ને પોતે તો સ્વતંત્ર છે. જેમ આકડાનું ફળ ને આંબાનું ફળ તે સરખાં નથી તેમ મહાપ્રભુજી અને બીજા મૂળઅક્ષરાદિક તે સરખા નથી. જો આ મહારાજનો મહિમા સમજાય તો કામ, ક્રોધ, લોભ, માન એ સર્વે દોષ જતા રહે ને દેહ ખોખું થઈ જાય.' ૭

વાર્તા ૯૫ : બાપાશ્રીએ વાત કરી જે, 'તમને મળ્યા છે તે સનાતન-સ્વરૂપ છે. અને ધામ પણ અનાદિ છે; એવું બીજું કોઈ ધામ નથી અને મહારાજ જેવા કોઈ પતિ નથી અને મુક્ત જેવા કોઈ ગુરુ નથી, માટે તમને મૂકીને બીજે ક્યાંય સારપ રાખવી નહિ... શ્રીજીમહારાજ સર્વેના આધાર છે અને સર્વેના કારણ છે ને ધામ જે તેજ તે પણ શ્રીજીમહારાજની મૂર્તિને આધારે છે. જો ધામને આધારે મહારાજ રહ્યા છે એમ કહીએ તો મહારાજનું કારણ ધામ થાય માટે એમ ન સમજવું; કારણ ને આધાર તો મહારાજ છે અને અનાદિમુક્ત પણ મહારાજની મૂર્તિની અંદર છે માટે અનાદિમુક્તના આધાર પણ મહારાજ છે; પણ ધામ આધાર નથી. કારણ વસ્તુને જ આધાર કહેવાય, પણ કાર્ય વસ્તુને આધાર ન કહેવાય.' ૮

વાર્તા ૯૧ : બાપાશ્રી બોલ્યા જે, 'આજ સનાતન

મહારાજ ને સનાતન મુક્ત મળ્યા છે, તેમની બરાબર બીજું કોઈ છે જ નહિ. એમની સેવા પણ સનાતન છે; તે કેવી તો (એક શાકનુ ફોડવું હાથમાં લઈને બોલ્યા જે,) આ એક શાકનો પીતો છે તે આ મુક્તને અર્પણ કરે તો અર્પણ કરનારને અનંતકોટિ બ્રહ્માંડના જીવોને આત્યંતિક મોક્ષ કરવાની સામર્થી મળે; એટલું ફળ તો આ પૈસાભારનું એક ફોડવું છે તેટલી સેવાનું થાય છે; તો મોટા મુક્તની સેવા ને પ્રસાદીનો મહિમા ને મહારાજના સુખની વાતો સાંભળવી તેના સુખનો તો પાર જ ક્યાંથી પમાય? એવી દિવ્ય સેવા મળી છે તેને પામવાનો આ જીવને ખપ થતો નથી ને બીજા રસ, રૂપ, સ્નેહ, માન - એમાં હેત અને ત્વરા બહુ રહે છે, એવી જીવની ઉંધાઈ છે. આ ટાણે માળા, માનસીપૂજા, ભક્તિ, નિયમ, ધર્મ, કથા, વાર્તા કરો છો તેનું ફળ મહારાજની મૂર્તિનું સુખ છે તે અમે સર્વેને રાજી થઈને આપીશું.' - એ વર દીધો. ૯

વાર્તા ૧૪૭ : બાપાશ્રી બોલ્યા જે, 'નારાયણ અને પુરુષોત્તમ એ બે શબ્દ ભુલાવે છે. ઇંદ્ર-બ્રહ્માથી લઈને અક્ષરકોટિ સુધી સર્વે નારાયણ અને પુરુષોત્તમ કહેવાય છે. માટે આપણા સ્વામી જે શ્રી પુરુષોત્તમ - તે તો સર્વેથી પર છે.' ૧૦

વાર્તા ૧૭૧ : બાપાશ્રી બોલ્યા કે, 'જે મૂર્તિ અક્ષરધામમાં

છે, તે જ મૂર્તિ મનુષ્યરૂપે ને પ્રતિમારૂપે દર્શન આપે છે એમ સમજાય તો કામ નીકળી જાય, મંદિરમાં મૂર્તિ પધરાવ્યા પછી ભાવ સારો આવ્યો છે કે નથી આવ્યો એમ ભાવ જોવો નહિ; કેમ જે અક્ષરધામમાં મૂર્તિ છે. તે જ પ્રતિમા છે પણ એક રોમનો ફેર નથી. જો ફેર જાણે તો દ્વેષ કર્યો કહેવાય. આજ ધણીએ મોટા મળ્યા ને પ્રાપ્તિએ મોટી મળી માટે હવે તો કરવા મંડવું. જો ન કરે તો કૃતઘ્ની કહેવાય. આ દેહે કરીને શું ન થાય? જે કરે તે સર્વ થાય એવું છે. આ અમારી આજ્ઞા પાળશો તો અમે જે ધામમાંથી આવ્યા છીએ તે ધામમાં લઈ જાશું અમે તો મૂર્તિમાંથી આવ્યા છીએ, તે તમને મૂર્તિમાં લઈ જાશું. અને જો આજ્ઞા નહિ પાળો તો તમારે અમારે લેણા દેણા નથી' - એમ વર ને શાપ આપીને વાર્તાની સમાપ્તિ કરી. ૧૧

આવી રીતે સર્વ અવતાર અને બ્રહ્મકોટિ-અક્ષરકોટિ અને એકાંતિક, પરમ એકાંતિક અને અનાદિમુક્ત એ સર્વેના નિયંતા શ્રીજીમહારાજ છે એવી ચોખ્ખી ઉપાસના સમજવી એ બાપાશ્રીનો મુખ્ય સિદ્ધાંત છે.

## ૩. શ્રીજીનું માહાત્મ્ય તથા અનાદિમુક્તની સ્થિતિ

વાર્તા ૬ : બાપાશ્રી બોલ્યા જે, 'શ્રીજીમહારાજ આ મુક્તમાં રહીને બોલે છે, જમે છે, જુએ છે, સર્વે ક્રિયા

મહારાજ પોતે કરે છે; અને મુક્ત તો સદાય મૂર્તિના સુખમાં જ રહે છે પણ સુખ વિના બીજું જોતા નથી. માટે જોગ કરનારાને એમ જાણવું જે, આજ શ્રીજીમહારાજ મુક્તદ્વારે સત્સંગમાં સુખ આપે છે ને મુક્તદ્વારે પોતે ઉપદેશ કરે છે. એમ સર્વે વચન શ્રીહરિજીનાં જાણીને વિશ્વાસે સહિત ગ્રહણ કરવાં; તેમાં પણ શાસ્ત્રમાં મહિમા કહ્યો હોય તે કરતાં વધારે મહિમા મોટા કહેતા હોય તો તે વચન સત્ય માનવાં, પણ શાસ્ત્રની સાખ લેવા જેવું નહિ... આજ મહારાજનું સુખ મુક્તદ્વારે મળે છે, તે મોટા એક મિનિટમાં આપી દે, જો પૂરો વિશ્વાસ હોય તો. એવો આ મોટાનો પ્રતાપ છે માટે આ સંગ જ્યાં સુધી બેઠા છીએ ત્યાં સુધી કરી લેવો.' ૧

વાર્તા ૮ : બાપાશ્રી બોલ્યા કે, "પર્વતભાઈએ શ્રીજીમહારાજ આગળ વાત કરી હતી જે, 'હે મહારાજ! મને લોકો કહે છે : જે તમને સાઠ વર્ષ થયાં, પણ જો મેં તમારી મૂર્તિ વિના આ લોકમાં કાંઈ દીઠું હોય કે ભોગવ્યું હોય કે સાંભળ્યું હોય તો મને પાંચસો પરમહંસના સમ છે. હું તો સદાય તમારી મૂર્તિમાં જ રહ્યો છું; બીજું કાંઈ દેખતો નથી.' - એમ મુક્ત અકર્તા છે." ૨

વાર્તા ૧૩ : બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, 'મુક્ત વિના પરબારું મહાપ્રભુજીનું સુખ કોટિ સાધને પણ મળતું નથી;... મુક્તદ્વારે જ મહારાજ સુખ આપે છે ને પોતે તો

અકર્તા રહે છે તો પણ મહારાજની મરજી વિના મહારાજના ગુણ કે જ્ઞાન કે મૂર્તિ કોઈ મુક્તથી આપી શકાય નહિ. એ તો શ્રીજીમહારાજે સંકલ્પ કરીને જે મુક્તને મૂક્યા હોય તેને પોતાના સુખની કૂંચી આપી હોય તે મુક્ત શ્રીજીમહારાજના જેટલું કામ કરે. શા માટે જે શ્રીજીમહારાજનો સંકલ્પ છે અને શ્રીજીમહારાજની વતી આવ્યા છે અને એ મોક્ષ કરવા રૂપી મૂળ સંકલ્પ છે. મૂળઅક્ષરો પાસે સૃષ્ટિ કરાવીને જીવોને દેહ ધરાવીને આવા મુક્તનો યોગ થાય ને મહારાજ પાસે આવે, માટે સૃષ્ટિ કરાવવી એ બીજો સંકલ્પ છે. તો પણ પોતે અકર્તા રહે છે ને કલ્યાણ કર્તા મુક્તને મુખ્ય રાખે છે. અને જીવકોટિને કર્મફળ આપવાં તથા ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ ને અક્ષરકોટિને એ સર્વેને ઐશ્વર્ય આપવાં, તે પોતાના તેજ દ્વારે કરે છે ને ઉત્પત્ત્યાદિક ક્રિયા તે મૂળઅક્ષરો દ્વારે કરાવે છે, અને તે અક્ષરો બ્રહ્મને પ્રેરણા કરે છે, ને સ્થિતિરૂપ ક્રિયા વાસુદેવબ્રહ્મ પાસે કરાવે છે અને ઉત્પત્તિરૂપ ક્રિયા-તે મૂળપુરુષ દ્વારે કરાવે છે અને પ્રલયરૂપ ક્રિયા તે મહાકાળ દ્વારે કરાવે છે,.... પણ પોતાને માથે લેતા નથી.' ૩

વાર્તા ૩૪ : બાપાશ્રી બોલ્યા જે, "આપણને અવિનાશી મૂર્તિ જે મહાપ્રભુજી મળ્યા ને અવિનાશી મુક્ત મળ્યા છે માટે કામ થઈ ગયું છે.... મોટા મોટા અવતારાદિકને પણ આ જોગ મળવો ઘણો દુર્લભ છે; આ જોગ બહુ ભારે મળ્યો છે.

શ્રીજીમહારાજે છેલ્લા પ્રકરણના બીજા વચનામૃતમાં... બ્રહ્માદિકને પણ દુર્લભ એવો આ સત્સંગ મળ્યો છે - એમ કહ્યું છે. તેમાં બ્રહ્મા તે મૂળઅક્ષરને કહ્યા છે; કેમ જે સૃષ્ટિ કરે તે બ્રહ્મા કહેવાય. મૂળ સૃષ્ટિ કર્તા મૂળઅક્ષર છે તેને આ ઠેકાણે બ્રહ્મા કહ્યા છે, તેને પણ આ જોગ દુર્લભ છે, આ તો છેલ્લો જોગ છે. આ મુક્તની દૃષ્ટિ જેના ઉપર પડે છે તેને શ્રીજીમહારાજની મૂર્તિમાં લઈ જાય છે; તો જે અમારા થઈને રહ્યા છે અને અનુવૃત્તિમાં રહે છે તેમને લઈ જઈએ એમાં શું કહેવું! એ તો લઈ જઈએ જ, માટે ખરેખરા મોટાના થઈ રહેવું. 'જંઈનો વેપાર ને લાખનો લાભ' એવું છે. જેમ નિશાન પાડવામાં એક વૃત્તિ કરવી પડે છે તેમ મહારાજની મૂર્તિમાં એક વૃત્તિ રાખીને મોટાનો જોગ કરવો. મોટાનો જોગ તે મહામંત્ર છે." ૪

વાર્તા ૫૦ : બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, 'મુક્ત અનાદિ છે પણ ભજીને થયેલા નથી. જો ભજીને થયેલા કહીએ તો કોઈક વખતે શ્રીજીમહારાજ એકલા હોવા જોઈએ પણ એમ નથી. જેમ મહારાજ અનાદિ છે તેમ મુક્ત પણ અનાદિ છે. મહારાજનો મહિમા તો અતિશય અપાર છે. અને અનાદિમુક્ત મહારાજની મૂર્તિમાં રહીને સદા સુખ લે છે. મહારાજની ઇચ્છાથી અહીં મનુષ્યરૂપે દેખાય છે, તે મૂર્તિમાં રહ્યા થકા દેખાય છે; અહીં આવતા જતા નથી ને દેહ

જણાવે છે તે દેહની ક્રિયા મહારાજ કરાવે છે, ને જીવને ઉપદેશ પણ મુક્તદ્વારે મહારાજ કરે છે. જે મુક્તદ્વારે જીવને ઉપદેશ કરે છે તે મુક્તના જેવો જીવને કરે છે અને તે મુક્તની જોડે એ જીવને રાખીને તે મુક્તના જેવું સુખ આપે છે.' ૫

વાર્તા ૭૯ : બાપાશ્રી બોલ્યા જે, 'આ મુક્ત મળ્યા છે તે વસ્તુ મૂળઅક્ષરથી તથા અક્ષરધામથી પણ પર છે; કેમ જે મૂર્તિમાં રહ્યા છે અને ધામ તો શ્રીજીમહારાજનું ને અનાદિમુક્તનું તેજ છે. બ્રહ્મકોટિ ને મૂળઅક્ષરકોટિ પણ આ મુક્તની પ્રાર્થના કરે છે અને મૂર્તિનું સુખ માગે છે, એવા મોંઘા આ મુક્ત છે. લાખો-કરોડો જન્મ ધરો ને સત્સંગ કરો પણ આ જોગ એક મિનિટનો પણ તેથી અધિક છે; કેમ જે એક મિનિટમાં અનાદિ કરી મૂકે. જેમ ઉત્તમ પારસને જે વસ્તુ અડે તે અડતાં જ પારસ થઈ જાય એવા આ મુક્ત છે.' ૬

વાર્તા ૮૦ : બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, 'મહિમામાં જ સુખ છે, માટે પંચવર્તમાને યુક્ત એવા ને શ્રીજીમહારાજના યથાર્થ નિશ્ચયવાળા સંત-હરિભક્તોનો મહિમા સમજવો. આજ અમે જીવોના ઉપર દયા કરીને શ્રીજીમહારાજના સંકલ્પથી દર્શન આપીએ છીએ તે મહિમા ન કહીએ તો જીવના જાણ્યામાં શું આવે? અને શી રીતે જીવ

ભગવાનને અને મુક્તને વળગે? માટે જીવના ઉપર દયા કરીને મહિમાની વાતો કરીએ છીએ, પણ અમારી સારપ વધારવા સારુ અમારો મહિમા નથી કહેતા. અમે તો સદા મૂર્તિમાં સુખ ભોગવીએ છીએ ને મૂર્તિના સુખમાં જ કલ્પેકલ્પ વીતી જાય છે, માટે અમારે આ લોકની મોટપ કે પ્રસિદ્ધિ સારુ વાત નથી કરવી. અમારે તો સદા મૂર્તિનું સુખ છે પણ દેહ નથી. આ તો શ્રીજીમહારાજની ઇચ્છાથી દેહ દેખાય છે ને શ્રીજીનો સંકલ્પ છે તેથી વાતો કરીએ છીએ; કેમ જે તમને સર્વેને અમારા જેવા કરવા છે, તે જ્યારે માયાનો પડદો તાણી લઈશું ત્યારે માયા ગોતી પણ જડશે નહિ ને બ્રહ્મકોટિ ને અક્ષરકોટિ એ પણ ક્યાંય મહાપ્રભુજીના તેજનાં કિરણોમાં લીન થઈ જશે; એક મહારાજની મૂર્તિ ને મુક્ત એ બે જ રહેશે, માટે કેડ બાંધીને ધ્યાન કરવા મંડી જવું.' ૭

વાર્તા ૮૫ : બાપાશ્રી બોલ્યા કે, 'મહારાજનો ને અમારો સિદ્ધાંત એવો છે જે, જેને વિશ્વાસ આવે તે સર્વેને ભેળા લઈ જવા છે. જેને અંત અવસ્થા વર્તે તેને તો આ ટાણે છતા દેહે અક્ષરધામના જેવું સુખ આવે; માટે મુક્તનો વિશ્વાસ રાખવો. જે અક્ષરધામમાં મુક્ત છે તે જ આ પોતે છે ને જેવું દેખે છે તેવું કહે છે; એવો વિશ્વાસ આવે તેનું કાર્ય થઈ જ રહ્યું છે.'૮

વાર્તા ૨૧૦ : બાપાશ્રી બોલ્યા જે, "શ્રીજીમહારાજે મધ્ય પ્રકરણના ૧૩ મા વચનામૃતમાં કહ્યું છે જે, 'માતાના ઉદરમાં

મૂર્તિ દેખતા' તે મુક્તની સ્થિતિ કહી છે. આજ આવા મોટા પુરુષને મહારાજે મોકલ્યા છે માટે આ દાવ હારવો નહિ. આ શબ્દ જીવમાં ઉતારતા આવો તો જીવ પાત્ર થતો આવે. આ વખતે શરદઋતુ છે. જો આ વાતોમાં આતુરતા હોય તો મહારાજની મૂર્તિરૂપી ફળની પ્રાપ્તિ થાય ને એક એક શબ્દ લાખ કરોડ રૂપિયાનો થઈ પડે. જો આ શરદઋતુ જાણી હોય તો જેમ ફળ-પુષ્પની ઉત્પત્તિ થવાની ઋતુ આવે છે તેમ આ મોક્ષની ઋતુ આવી છે. અમારા મુખમાંથી વચન આવે છે તે શ્વાંત છે, તેને ઝીલનાર હોય તો કાંઈનાં કાંઈ ફળ પાકી પડે. બીજા અવતારો હતા તે શરદઋતુ ન કહેવાય; આ જ શરદઋતુ ખરી આવી છે. તે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું છે જે 'શરદઋતુમાં આવે જો શ્યામ, રંગભર રમીએ.' ૯

આવું મહારાજનું માહાત્મ્ય તથા અનાદિમુક્તની સ્થિતિ ઓળખવી એ બાપાશ્રીનું મુખ્ય રહસ્ય છે.

## ૪. ધ્યાનપ્રધાન

વાર્તા ૨૦ : બાપાશ્રી બોલ્યા જે, 'શ્રીજીમહારાજે માળા, માનસીપૂજા જે જે બતાવ્યાં છે તે સાધનકાળનાં બતાવ્યાં છે ને કેટલાંક સિદ્ધકાળનાં બતાવ્યાં છે, માટે માનસીપૂજામાં ચૈતન્યને વિષે મૂર્તિ ધારીને દિવ્ય ભોજન જમાડતાં અને વસ્ત્ર-ઘરેણાં પણ મૂર્તિના જેવાં જ દિવ્ય તેજોમય ધારવાં;

પણ ચિત્રવિચિત્ર ન ધારવાં સર્વે ક્રિયા પોતાના ચૈતન્યમાં કરાવવી પણ જુદાં જુદાં સ્થાન કલ્પવાં નહિ, એમ કરતાં કરતાં ઉપશમ થાય ને મૂર્તિનો સાક્ષાત્કાર થાય ત્યારે મૂર્તિને જોઈ રહેવું. બીજો સંકલ્પ કરવો નહિ. મૂર્તિ વિના બીજું સર્વે વિક્ષેપકર્તા છે. મૂર્તિનો સાક્ષાત્કાર ન થયો હોય તેણે ઉપર કહ્યા પ્રમાણે કર્યા કરવું અને ધ્યાન કરવું. ધ્યાન કરતાં અકેકું અંગ દેખાય એ નેત્રની વૃત્તિએ જોવાય છે, એમ જાણવું; અને જ્યારે સમગ્ર મૂર્તિ દેખાય ત્યારે જીવની વૃત્તિએ જોવાય છે, એમ જાણવું; અને જ્યારે મૂર્તિમાં સંલગ્ન થવાય ત્યારે વૃત્તિ ન જાણવી; જીવ સત્તાએ જોવાય છે એમ જાણવું. તેને મૂર્તિથી ઓરું જ્ઞાન રહેતું નથી અને દેહની ક્રિયા તો મહારાજની ઇચ્છાથી થાય છે. જ્યારે મૂર્તિના સુખમાં ઊતરે ત્યારે સુખ વિના બીજું દેખે જ નહિ. જેમ સૂર્યના રથમાં બેઠા હોય તેને રાત્રી છે જ નહિ, તેમ ધ્યાનનું સુખ તો બહુ અલૌકિક છે પણ જીવને આગ્રહ થતો નથી. અંતર્વૃત્તિએ કરીને શ્રી પુરુષોત્તમના તેજરૂપ થઈને મૂર્તિ ધારે તો બહુ સુખ આવે ને મહાસુખિયો થઈ જાય, એવું મૂર્તિનું સુખ છે. તે સુખ આવે તો સર્વે વિષય, માન, મહોબત, સેવાભક્તિ, તે જેમ પાણીમાં વસ્તુ નાખીએ તે દેખાય જ નહિ તેમ વિસરી જાય અને એક મૂર્તિ જ દેખાય માટે મૂર્તિની સ્મૃતિ અખંડ રાખવી.' ૧

વાર્તા ૧૬૭ : બાપાશ્રીએ વાત કરી જે, 'પ્રત્યક્ષ મહારાજ

ને મુક્ત મળ્યા માટે અખંડ શ્રીજીમહારાજની મૂર્તિ અંતર્વૃત્તિએ ધારવી, તે ધારતાં ધારતાં તેજમાં મૂર્તિ દેખાય ત્યારે જે કરવાનું છે તે કર્યું કહેવાય. સત્સંગીને કથાવાર્તા કરવી તે તો ચારો છે, પણ અખંડ મૂર્તિમાં રહેવું તે જ કરવાનું છે. એ તો નક્કી કરવું જોઈશે. જ્યારે મહિમાની વાતો કરીએ ત્યારે સૌને સારી લાગે અને ધ્યાન કરવાની વાતો કરીએ છીએ ત્યારે સૌ અટકી પડે છે, તે જેમ ઘવરાવવા લીધા હોય ને શું? એમ થઈ જાય છે પણ એ તો જરૂરાજરૂર કરવું જોઈશે. મૂર્તિની વાત કરીએ ત્યારે જાણે વજ્ર-કમાડ દીધાં. જેમ છોકરો કુપાત્ર હોય તેને પોતાનો બાપ કહી કહીને થાકી જાય પણ કહ્યું કરે નહિ, તેમ કહી કહીને થાકી ગયા તો પણ ધ્યાન કરતા નથી. જ્યારે ગોદો મેલે ત્યારે બે ડગલાં ચાલે ને વળી પાછો ઊભો થઈ રહે તે પંથ કેમ કપાય? તેમ જ્યારે વાતો કરીએ ત્યારે જીવમાં શેડ્ય આવે ને થોડીક વાર ધ્યાન કરે ને પાછું મૂકી દે. જીવ શૂનકાર થઈ ગયો છે, તે માર્ગે જ ચાલતો નથી... પણ તે કર્યા વિના છૂટકો નથી. આ જોગમાં રહીને.... જો ધ્યાનનો આગ્રહ કરે તો છ મહિનામાં ઝળળળ તેજમાં મૂર્તિ દેખાય ને સાક્ષાત્કાર થઈ જાય, .... માટે આ કરો, આ કરો. બીજું સર્વે પડ્યું મૂકો. પગલાં-પદાર્થ કાંઈ કામના નથી. મૂર્તિ રાખો.... આ લાભ આ ટાણે મળ્યો છે તે લેવો, ને જરૂર મૂર્તિ સિદ્ધ કરવી.' ૨

વાર્તા ૨૫૦ : બાપાશ્રી બોલ્યા જે, 'ઝેરનું ઝાડ મેલીને સ્વામિનારાયણની એક મૂર્તિમાં તેલધારા અખંડ વૃત્તિ રાખવી.... માયિક ઇંદ્રિયે કરીને માયિક વસ્તુ ઝેર જેવી થઈ જાય ને અખંડ મૂર્તિમાં વૃત્તિ રાખે તો છ મહિનાની અંદર મૂર્તિ સિદ્ધ થઈ જાય. જ્યારે ખારું-ખાટું, તીખું-તમતમું આદિકના ભાવ એકેય ન રહે ત્યારે મૂર્તિ દેખાય. જ્યારે પુરુષોત્તમરૂપ થશો ત્યારે પુરુષોત્તમનું જ્ઞાન થશે. આ દેહનું સુખ ભેળું રાખવું અને મૂર્તિનું સુખ લેવું તે થાય નહિ; રસના આદિક મૂકે તો થાય, પણ ભગુડી ભેંસનું દૂધ સારું એમ રહે ત્યાં સુધી મૂર્તિ ક્યાં મળે તેમ છે? અમે ક્યાંથી આવ્યા? આજ મહારાજ મૂર્તિ દેખાડે છે, હરે છે, ફરે છે, સુખ આપે છે પણ નાસ્તિકભાવ છે. આ દેહનું જ સુખ જોઈએ. ખાવા, પીવા, પહેરવા ને શોખ માણવા, તો મૂર્તિ ક્યાંથી દેખાય?' ૩

વાર્તા ૪૪ : બાપાશ્રી બોલ્યા જે, 'આવો વખત મળ્યો છે તોપણ મૂર્તિનું સુખ લેવાતું નથી અને પંચવિષયમાં તણાઈ જવાય છે, તેનું કારણ એ છે જે, મહિમામાં કસર છે; જો મહારાજની મૂર્તિનો મહિમા જણાય.... તો આ લોકનાં સુખ કચરા જેવા થઈ જાય.' ૪

વાર્તા ૬૭ : બાપાશ્રી બોલ્યા જે, 'શ્રીજીમહારાજનું ધ્યાન કરવાથી કારણ દેહ શેકાય છે પણ તપ આદિક સાધને કરીને કારણે દેહ શેકાય નહિ.... જો શ્રીજીમહારાજની મૂર્તિરૂપી

મોટી વસ્તુ હાથ આવે તો બીજું બધું ખોટું થઈ જાય.' ૫

વાર્તા ૧૭૦ : બાપાશ્રી બોલ્યા જે, "પ્રકૃતિપર્યંત સર્વે ખોટું છે તેને ખોટું કરે તે પણ વૈરાગ્ય છે અને પ્રકૃતિ પર અક્ષરપર્યંત જે સાચું છે તેને પણ ખોટું કરવું તે વૈરાગ્ય કહેવાય. તેમ જ જ્ઞાન પણ ઘણા પ્રકારના છે, પણ અનુભવજ્ઞાન ખરું. મૂર્તિમાં રસબસ રહેવું તે અનુભવજ્ઞાન કહેવાય, 'રસબસ હોઈ રહી રસિયા સંગ, જ્યું મિસરી પય માંહી ભળી' એમ મૂર્તિમાં જ રહેવું પણ બહાર નીકળવું નહિ, મૂર્તિમાં રહે તેને મારું નહિ, તારું નહિ, સાધુ નહિ, ગૃહસ્થ નહિ એને કાંઈ જોઈએ જ નહિ. ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક કોઈ સાધનની ખખા રહે નહિ. મૂર્તિ વિના બીજી કાંઈ સ્મૃતિ જ નહિ, કોઈ પ્રકારનો ઠરાવ જ નહિ. એક મૂર્તિ જ રહે." ૬

વાર્તા ૧૫૦ : બાપાશ્રી બોલ્યા જે, 'શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ થઈ રહેવું, ને એક મૂર્તિની ને મૂર્તિના સુખની ઇચ્છા રાખવી. ઐશ્વર્યની કે કાંઈ જોવાની કે નિરાવરણ થાવાની કે અંતર્યામીપણાની ઇચ્છા રહે, તો તે જગતની કોરનો લોચો કહેવાય. તે મૂર્તિ વિના નકરું મૂર્તિનું તેજ જે અક્ષરધામ તે દેખાય તે પણ લોચો છે. એક મૂર્તિ ને મુક્ત બે જ સર્વત્ર દેખાય એ અંતર્વૃત્તિ કહેવાય અને તે લોચાથી રહિત કહેવાય માટે મૂર્તિમાં રસબસ થઈ રહેવું.' ૭

આવી રીતે બધેથી વૃત્તિ પાછી વાળીને ધ્યાન કરવાનો આગ્રહ રાખવો, એવો બાપાશ્રીનો મુખ્ય અભિપ્રાય છે.

## ૫. મૂર્તિના સુખની ને અનુભવજ્ઞાનની વાતો

વાર્તા ૭૯ : બાપાશ્રી બોલ્યા જે, 'મહારાજનું સુખ તો અપાર છે ને મુક્તનું સુખ પણ અપાર છે. એ સુખની બ્રહ્મકોટિમાં કે અક્ષરકોટિમાં કોઈ ઉપમા દેવાય એવું નથી. એ મૂર્તિના સુખમાં પહોંચ્યા કેડે ધામનું સુખ તે શું? અને મુક્તકોટિનું સુખ તે પણ શું? એવું મૂર્તિનું સુખ છે. આ તો સાંસાગોટીલાં કરો છો પણ જ્યારે એ ધામમાં લઈ જઈને મહાપ્રભુજીની મૂર્તિનું સુખ દેખાડીશું, ત્યારે બીજાં સુખ નજરમાં જ નહિ આવે.' ૧

વાર્તા ૭૮ : બાપાશ્રી બોલ્યા જે, 'મોટા વાતો કરે તે નિત્ય નવી નવી આવે; કેમ જે અપાર છે. તેમ જ શ્રીજીની મૂર્તિનું સુખ મુક્તને નવું નવું આવે છે. જેમ બ્રહ્માંડમાં અનંત વસ્તુઓ છે તેમ મૂર્તિમાં અનંત સુખ છે. જેને સાક્ષાત્કાર થાય તેને તે જણાય છે.' ૨

વાર્તા ૬૯ : બાપાશ્રી બોલ્યા જે, 'મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ લેવું તેને અનુભવજ્ઞાન કહીએ, અને સુખનો અને મૂર્તિનો પાર ન આવે ને નવાં નવાં સુખ લીધા કરે તે અનુભવજ્ઞાન છે. માટે અનુભવજ્ઞાન સિદ્ધ કરે એ જ મુક્ત

કહેવાય. જે ખોટું છે તેને ખોટું કરવું તેમાં તે શું? પણ સાચાને ખોટું કરવું તે ખોટું કર્યું કહેવાય. તે ખોટું કિયું ને સાચું કિયું? તો મૂળપ્રકૃતિપર્યંત બધું ખોટું છે અને બ્રહ્મકોટિ, અક્ષરકોટિ, શ્રીજીમહારાજનું તેજ અને અનંત ઐશ્વર્ય તે સાચાં છે તેને પણ મૂકીને એક શ્રીજીમહારાજની મૂર્તિમાં નિમગ્ન રહે ત્યારે છેલ્લી અવધિ આવી જાણવી. આ જ્ઞાન જે કહીએ છીએ તે મૂર્તિના સુખનું છે માટે જ્ઞાન બધું સરખું નથી. એક તો ખોટાને ખોટું કરે તે પણ જ્ઞાન કહેવાય અને બીજું સાચાને પણ ખોટું કરીને મૂર્તિમાં પહોંચી ગયા કેડે પણ સુખમાં જવું ને સુખ લેવું અને દાતા-ભોક્તાપણું અને સ્વામી-સેવકપણું દૃઢ કરવું ને સુખનું અપારપણું જાણવું' તે અનુભવજ્ઞાન કહેવાય.' ૩

ભા. ૨, વાર્તા ૩૨ : સ્વામીએ પૂછ્યું જે, 'બાપા! મહારાજની મૂર્તિના સુખભોક્તા મળે એટલે સાધન સમાપ્ત થતાં હશે કે કેમ?' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'સાધનની સમાપ્તિ ખરી પણ ભગવાનના મહિમાની, ભગવાનની મૂર્તિની, ભગવાનના સુખની અને સુખભોક્તાની અવધિ જ નહિ; તે તો વધતું જ જાય. તેનો અંત નહિ. તે તો અપાર, અપાર ને અપાર જ સમજવું. શ્રીજીમહારાજની મૂર્તિમાં મુક્ત રહીને ક્ષણ ક્ષણ પ્રત્યે કોટાનકોટિ નવીન નવીન ઉત્પન્ન થતાં જે સુખ, તેને ઉત્પન્ન થવાનાં સ્થાનક તેણે સહિત

એકકાળાવચ્છિન્ન એ સર્વે સુખને જાણતા થકા ભોગવે છે. તે મૂર્તિનો અને સુખનો પાર કોઈ પામી શકતા નથી. એવું એ મૂર્તિનું અકળપણું છે, તેમ પોતે ભોક્તાપણે સર્વેને જાણતા થકા એક સાથે જ સર્વ સુખને ભોગવે છે. એ મૂર્તિને વિષે અસાધારણ સ્નેહ હોય તે ખરું સુખ કહેવાય ને આનંદ પણ તે જ કહેવાય. મહારાજ અને અનાદિમુક્તનું સ્વરૂપ તો સદા ભેગું જ છે, જુદાપણું છે ખરું; કેવી રીતે તો મુક્ત ભોક્તા છે અને પુરુષોત્તમ દાતા છે. મુક્ત દાસ છે અને પુરુષોત્તમ સ્વામી છે. તેમ પુરુષોત્તમના અને અનાદિમુક્તના સામર્થ્યમાં ને સુખમાં ફેર છે. પુરુષોત્તમના સાધર્મ્યપણાને તો એવા અનંત મુક્ત પુરુષોત્તમની કૃપાએ કરીને પામ્યા છે, તો પણ પુરુષોત્તમના સુખનો કોઈ પાર પામી શકતા નથી; અપાર ને અપાર સદા રહ્યા કરે છે અને નિત્ય ક્ષણ ક્ષણ પ્રત્યે અધિક અધિક અપાર અપાર સુખ વધતું જ જાય છે; તેનો અંત જ આવતો નથી, એવા પુરુષોત્તમ ભગવાન છે.' ૪

ભા. ૨, વાર્તા ૯૭ : બાપાશ્રી એમ બોલ્યા જે, 'શ્રીજીમહારાજની મૂર્તિમાંથી અપરંપાર તેજ છૂટે છે, તે તેજ અતિ શ્વેત છે, શાન્ત છે, શીતળ અને ઘાટું છે. તેમાં રહી જે મૂર્તિ તે ચંચળ છે. શ્રીજીમહારાજના રોમ તે શું? તો મૂર્તિમાંથી તેજની છટાઓ છૂટે છે અને તેજના અનંત બંબ છૂટે છે. તે મૂર્તિને ચારે તરફ તથા સર્વે ઠેકાણે તેજની ઠઠ છે.

તે સામસામી તેજની સેડ્યું દોઢે વળે છે અને અનંત તેજના ઢગલા છે, તે અપાર છે. એવી અલૌકિક મૂર્તિમાં અનંત અનાદિમુક્ત રસબસ રહ્યા થકા પુરુષોત્તમના સંકલ્પે અહીં દેખાય છે.' ૫

ભા. ૨, વાર્તા ૯૯ : બાપાશ્રી બોલ્યા જે, 'જો ખરેખરો આગ્રહ રાખીને ધ્યાન કરવા મંડે તો ત્રણે શરીર ટળી જાય ને મહારાજનો સાક્ષાત્કાર તરત થાય, એવો મૂર્તિનો પ્રતાપ છે. આજ મહાપ્રભુનું સુખ બહુ જ સોંઘું છે. મહારાજની મૂર્તિનું અનુભવજ્ઞાન-તેના ફુવારા છૂટે છે, તે જ્ઞાનથી મહારાજ મુક્તને મૂર્તિમાં ખેંચી લે છે. તે સુખ અનાદિ, સનાતન, અનંત ને અપાર છે. જેને એક મહારાજને સુખે સુખિયા થવું હોય તેને તો એ સુખ તરત આવે એવું છે; પણ માંહી બીજું રહી જાય છે, જેથી એ સુખ મળતું નથી.' ૬

ભા. ૨, વાર્તા ૪૯ : બાપાશ્રી બોલ્યા, જે 'પુરુષોત્તમ નારાયણની મૂર્તિમાંથી ખુશબો ઊઠે છે, તે ખુશબો મુક્તોને ખેંચે છે અને મૂર્તિ સાથે રસબસ કરે છે. તે અનુભવજ્ઞાન આપણને જ્યાં સુધી... નથી થયું ત્યાં સુધી જ્યાં ત્યાં વલખાં કરીએ છીએ.' ૭

ભા. ૨, વાર્તા ૧૦૧ : બાપાશ્રી બોલ્યા જે, 'ઝળળળ ઝળળળ મૂર્તિમાંથી સુખના ફુવારા છૂટે છે, એ મૂર્તિમાં મુક્ત સદાય રસબસ રહ્યા છે. એમ દૃઢ નિશ્ચય કરે તો જ મૂર્તિ

હાથમાં આવે... અનાદિમુક્ત અનંતકોટિ કલ્પ સુધી મૂર્તિના સુખમાં ઝીલે છે, તેમ આપણે પણ સદાય મૂર્તિમાં ઝીલવું; મૂર્તિ બહાર નીકળવું નહિ, અત્યારે મહારાજ પ્રત્યક્ષ બિરાજે છે. ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી... આદિક મહામુક્તો પ્રત્યક્ષ બેઠા છે એમ જાણવું. ૮

આવી રીતે મૂર્તિના સુખની ને અનુભવજ્ઞાનની ઘણીક વાતો છે. તેમાંથી આ તો દિશમાત્ર લખી છે.

## ૬. આશીર્વાદ તથા કૃપાવાક્ય

વાર્તા ૩ : બાપાશ્રી બોલ્યા જે, 'તમારા સર્વેના ઘાટ બંધ થઈ જશે.' - એ વર દીધો ને પછી ફેર ખોબામાં પાણી ધરાવીને વર દીધો જે, 'તમારા સર્વેનું આત્યંતિક કલ્યાણ થાશે.' ૧

વાર્તા ૬ : બાપાશ્રી બોલ્યા જે, 'આ સુખમાં મોટા રમૂજો કરે છે, તેમ તમો સર્વે સુખ ભોગવો.' - એ વર દીધો... (પછી બોલ્યા જે) 'શ્રીજીમહારાજનું સુખ છે તે મોટા ચાલતા આપી દે છે; કોટિ સાધને અને કોટિ કલ્પે ન પમાય એવું સુખ મોટા તરત આપી દે છે... આ ફેરે તો તમારું તથા હેતવાળા સર્વેનું આત્યંતિક કલ્યાણ કરીશું. જેવું અમારે સુખ છે તેવું તમને સર્વેને આપીશું અને અમારા જેવા કરીશું. આ

તમને શરપાવરૂપી વર આપ્યો.' ૨

વાર્તા ૯૭ : બાપાશ્રી બોલ્યા જે, 'આજ મહાપ્રભુજી તથા મુક્ત કૃપાસાધ્ય છે, તે જેમ રાજાને એક એરંડાકાકડી (પપૈયો) આપે તેમાં રાજ્ય આપી દે. તેમ આપણે આજ્ઞા પાળીએ તે એરંડાકાકડી આપ્યા જેટલું છે, તેમાં મૂર્તિનું સુખ આપી દે... તે ત્યાં સર્વે બતાવશું.' - એ વર દીધો. ૩

વાર્તા ૧૮૩ : બાપાશ્રી બોલ્યા જે, "જીવ બિચારા સાધન શું કરશે? આજ તો એક એરંડાકાકડી રાજાને ભેટ મૂકે તો રાજ્ય આપી દે, એવી કૃપા છે. સાધન ક્યાં સુધી પૂગે એવાં છે? શ્રીજીમહારાજે અમદાવાદના ૭ મા વચનામૃતમાં કહ્યું છે જે, 'ગરુડ ઊડી શક્યો નહિ. પછી અમે એકલા જ ઊડ્યા.' તેમાં સમજવાનું એ છે જે, ગરુડની ગતિ ગોલોકથી આગળ ન ચાલી. તેમ સાધનની ગતિ ગોલોકથી આગળ નથી. ગોલોકથી આગળ તો કૃપાએ ચલાય છે; ગોલોક સુધી સાધન ચાલે, ત્યાંથી સાધન તૂટ્યાં. પછી તો શ્રીજીમહારાજ અથવા મુક્ત કૃપા કરીને મૂર્તિનો સાક્ષાત્કાર કરાવે ત્યારે પરમએકાંતિક થાય. પછી શ્રીજીમહારાજની મૂર્તિમાંથી અનુભવજ્ઞાન છૂટે છે, તે મૂર્તિમાં લઈ જાય છે... ત્યારે તે મુક્ત અનાદિ કહેવાય છે... આજ તો કૃપાસાધ્ય મહારાજ ને કૃપાસાધ્ય મુક્ત છે. આવા મહારાજ ને આવા મુક્ત કૃપા કરીને પધાર્યા છે ને કૃપા કરીને મહિમાની વાત કરે છે. તેમાં

કોઈને એમ થાય જે, આ તો પોતાનો મહિમા કહે છે, પણ અમે તો ધણીનો ને ધણીના લાડીલા મુક્તનો મહિમા કૃપા કરીને કહીએ છીએ. તે જે માનશે તેને અમે જ્યાંથી આવ્યા છીએ ને જ્યાં રહીએ છીએ ત્યાં લઈ જઈને રાખીશું ને જેટલું છે તે સર્વે સુખ આપીશું. જેને વિશ્વાસ નહિ હોય ને આગળ થઈ ગયા તેવા આજ નથી, એમ સમજતા હશે તેને ખોટ બહુ જ આવશે.” ૪

વાર્તા ૧૩૧ : બાપાશ્રી બોલ્યા જે, ‘એક મૂર્તિના સુખનો જ ખપ કરવો. વિષયના સુખની ઇચ્છા રાખે તો સુખના સમુદ્રમાંથી ઊઠીને નરકમાં જવું પડે... મોટાને વિષે જીવ જોડે તો દેહ છતાં જ કૃતાર્થપણું મનાઈ જાય છે. કરોડ જન્મ સુધી ને કોટિ કલ્પ સુધી સાધન કરીએ તે હાડકાં સુકાઈ જાય પણ ધામ મળતું નથી; એ તો મુક્તદ્વારે જ મળે છે. મોટા તો ચહાય તે કરવા સમર્થ છે. જીવના ઘાટ સંકલ્પને મોટા જાણે છે.’ ૫

ભા. ૨, વાર્તા ૧૪૭ : બાપાશ્રી બોલ્યા જે, ‘હવે આપણે આવો જોગ વારેવારે ક્યાંથી આવે! તમ જેવા સંતનું મળવું બહુ મોંઘુ છે. અંતર્વૃત્તિએ તો સદાય ભેગા છીએ, પણ આમ પ્રત્યક્ષ ક્યારે મળાય? આ વખતે સત્સંગમાં શ્રીજીમહારાજે બહુ સુખ આપ્યું, તેમ આવા અનાદિના જોગ-સમાગમે અનેક મૂર્તિના સુખભોક્તા થયા. ધ્યાને કરીને મૂર્તિમાં સ્થિતિ થઈ

હોય તો પણ આવા જોગની વાત દુર્લભ છે. આ સભામાં જે કામ આ ટાણે થાય છે તે લાખો વર્ષ સાધન કરે તો પણ ન થાય. સ્થિતિવાળો પોતે તો સુખિયો રહે, પણ આમ કરોડો જીવને મૂર્તિના સુખમાં પહોંચાડી ન શકે. આ તો શ્રીજીમહારાજના સંકલ્પથી આવું સુગમ છે. એ લાભ આપણને મળ્યો છે, તે કેવાં મોટાં ભાગ્ય! ૬

આ પ્રકારે અનાદિ મુક્તરાજ બાપાશ્રીએ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, આજ્ઞા, ઉપાસના, ધ્યાન વગેરે અનેક પ્રકારના આધ્યાત્મિક વિષય ઉપર વચનામૃતના અનુસારે ભારે ભારે વાતો કરી છે તેમ જ મોક્ષના આશીર્વાદ આપ્યા છે તેમાંથી આ તો કિંચિત્ નિર્દેશ કર્યો છે.

## ૭. બાપાશ્રીનાં સંસ્મરણો

અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રી કચ્છમાંથી શ્રીનગર, વડતાલ, ગઢપુર આદિ ધામોમાં દેવ, આચાર્ય ને સંત તેમનાં દર્શન કરવા તથા સંતહરિભક્તને દર્શન દેવા કેટલીક વખત પધાર્યા છે તેની યાદી :-

સંવત ૧૯૧૭માં કેટલાક ભક્તજન સહિત મુક્તશ્રી અબજીબાપા અમદાવાદ આદિ તીર્થમાં પ્રથમ પહેલા દર્શન કરવા આવ્યા હતા. તેમની સાથે ઘણા હરિભક્તો હતા. તે સમયે શ્રીનગરમાં મોટા મોટા નંદ સાધુ ૧૮ હતા ને જૂનાગઢથી ગુણાતીતાનંદ સ્વામી પણ આવ્યા હતા અને

પૂજ્ય ધ. ધુ. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ હતા ને સ્વામી નિર્ગુણદાસજી પણ હતા. તે સમયે અનાદિમુક્ત બાપાશ્રીને તે સર્વેનાં દર્શન-સમાગમ થયાં હતાં.

તે વખતે બાપાશ્રી મંદિરમાં તથા રંગમહોલમાં ઠાકોરજીનાં દર્શન કરીને ધ. ધુ. આચાર્યશ્રી મહારાજનાં દર્શન કરવા ગયા, ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે અનાદિમુક્ત શ્રી અબજીભાઈને ઓળખ્યા ને કહ્યું કે સમાધિવાળા અબજીભાઈ! તમે આવ્યા છો કે? આવો મળીએ. ત્યારે ભાઈશ્રી મહારાજશ્રીને ચરણમાં નમસ્કાર કરીને મળ્યા ને પાસે બેઠા. પછી આચાર્ય મહારાજશ્રીએ તેમની સાથે ઘણી વાતો કરી. પછી બીજા સર્વે ભક્તને સમાચાર પૂછીને ઉતારા કરવાની ભલામણ કરી. (૧)

સં. ૧૯૨૨માં અનાદિમુક્ત બાપાશ્રી કેટલાક હરિભક્તને સાથે લઈને શ્રીનગર, વડતાલ, ગઢપુર આદિ ધામોમાં પધાર્યા હતા ત્યારે પણ શ્રીનગરમાં આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ હતા, તેમનો તથા સ્વામી નિર્ગુણદાસજીનો મેળાપ બાપાશ્રીને થયો હતો. (૨)

સં. ૧૯૪૨માં અનાદિમુક્તરાજશ્રી કચ્છમાંથી ६०० હરિભક્તનો સંઘ લઈ ગઢપુર આદિના તીર્થ કરવા પગે ચાલીને નીકળ્યા હતા, તે જેતલપુરમાં ધ્રૂવાનંદ સ્વામીનાં દર્શન કરી શ્રીનગર પધાર્યા. તે વખતે ધ. ધુ. આચાર્ય શ્રી

કેશવપ્રસાદજી મહારાજ તથા સ્વામી નિર્ગુણદાસજી ને બીજા ઘણા મોટા મોટા સંત તથા હરિભક્ત ત્યાં હતા. તે સર્વને સ્વામી નિર્ગુણદાસજીએ બાપાશ્રીની અનાદિમુક્તપણાની ઓળખાણ પડાવી હતી. (૩)

સં. ૧૯૪૪માં સદ્‌ગુરુ સ્વામી નિર્ગુણદાસજી મૂળીમાં ચાતુર્માસ રહ્યા હતા અને કચ્છમાંથી કેટલાક હરિભક્તો સહિત બાપાશ્રીને બોલાવ્યા હતા, ત્યારે મુક્તશ્રી મૂળીમાં આવી સ્વામી સાથે કથાવાર્તા કરતા થકા બે માસ રહ્યા હતા. (૪)

સં. ૧૯૪૮ માં સ્વામી નિર્ગુણદાસજી માંદા હતા ને બાપાશ્રી પણ વૃષપુરમાં માંદા હતા. પછી શ્રીજીમહારાજે બાપાશ્રીને દર્શન દઈને સાજા કર્યા, ત્યારે બાપાશ્રી તથા કેટલાક હરિભક્ત સ્વામીશ્રીનાં દર્શન કરવા અમદાવાદ આવ્યા હતા. તે સમે સ્વામી નિર્ગુણદાસજીએ મુક્તશ્રીને કહ્યું કે તમારાં દર્શન થયાં તેથી મારો મંદવાડ મટી ગયો, પણ હવે હું ધામમાં જઈશ ને તમને જીવોના મોક્ષ કરવા આ લોકમાં રાખવાની શ્રીજીમહારાજની ઇચ્છા છે માટે તમે જીવોના મોક્ષ કરવા રહો. ત્યારે ભાઈશ્રી બોલ્યા કે, શ્રીજીએ મને પણ દર્શન દઈને જીવોના મોક્ષ કરવા આ લોકમાં રહેવાનું કહ્યું છે, માટે હું રહીશ. (૫)

સં. ૧૯૫૧માં અનાદિમુક્તશ્રીને ઉપરદળના

રામજીભાઈએ તેડાવ્યા હતા, તેથી કેટલાક સંતહરિભક્તને સાથે લઈ મૂળી થઈને બાપાશ્રી ઉપરદળ આવ્યા ને ત્યાં રામજીભાઈને દર્શન દઈ રાજી કરી ત્યાંથી ધોળકા આવ્યા. આ વખતે સ્વામી વૃંદાવનદાસજી ધોળકામાં મહંત હતા. તેમને બાપાશ્રીએ પૂર્વનું જ્ઞાન કરાવી મૂર્તિનો સાક્ષાત્કાર કરાવ્યો ને કેવળ કૃપા કરીને અનાદિમુક્તની સ્થિતિનું ભાન કરાવ્યું હતું. પછી બાપાશ્રી ત્યાંથી જેતલપુર દર્શન કરી અમદાવાદ આવ્યા, ને ત્યાં સમૈયો કરીને કચ્છમાં પધાર્યા. પછી સ્વામી વૃંદાવનદાસજી પણ મહંતાઈ મૂકી મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવતા ને બીજાને પણ મૂર્તિમાં જોડતા. (૬)

સં. ૧૯૫૬ માં ઉપરદળના રામજીભાઈ માંદા હતા તેથી તેમને દર્શન દેવા સારુ અનાદિમુક્તશ્રી મૂળી થઈને ઉપરદળ આવ્યા હતા. ત્યાં રામજીભાઈને દર્શન દઈને અમદાવાદમાં દેવ, આચાર્ય ને સંતના દર્શન કરી, તથા સર્વેને દર્શન દઈને પછી પ્રાણશંકરભાઈ, પ્રેમજીભાઈ ને ખીમજીભાઈ આદિ થોડા હરિભક્તને સાથે લઈને છપૈયે ગયા હતા. ત્યાં મુક્તશ્રીનાં ને ઘનશ્યામ મહારાજનાં દર્શન કરવા મોટા મોટા દેવ આવ્યા હતા ને તેજના ગોળારૂપે ભગવાનપ્રસાદબાબુ તથા સાધુ શ્યામચરણદાસજી આદિને દેખાયા હતા. (૭)

સં. ૧૯૫૭ માં અમદાવાદમાં ધ. ધુ. આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજને નાની વયે ગાદીએ બેસાડ્યા

હતા તેથી કેટલાક સંતહરિભક્તો કુંજવિહારીપ્રસાદને આચાર્યપદે બેસાડવા વિચાર કરતા હતા તેનો કલેશ થયો હતો. તેમને સમજાવવા સારુ બાપાશ્રી તથા સદ્‌ગુરુ સ્વામી અક્ષરજીવનદાસજી મૂળી આવ્યા હતા ને મૂળીના સર્વે સંતહરિભક્તને કહ્યું જે, ત્રીજી ગાદી કરવાની શ્રીજીમહારાજની આજ્ઞા નથી, માટે શ્રીજીમહારાજની ઇચ્છાથી આ વાસુદેવપ્રસાદજી મહારાજ આચાર્યપદે આવ્યા છે. તો આપણે તેમને જ ધ. ધુ. આચાર્યશ્રી માનવા તથા પૂજવા એમ સર્વેને સમજાવીને સમાધાન કર્યું. પછી અમદાવાદ આવીને પણ તેવી જ રીતે સર્વેને સમજણ પાડી ને સત્સંગમાં શાન્તિ કરાવી. (૮)

સં. ૧૯૫૮ માં પણ અનાદિમુક્ત બાપાશ્રી અમદાવાદ આવ્યા હતા અને તે સમે પણ સર્વે સંતહરિભક્તને કહ્યું હતું જે, મૂળ ગાદી ને મૂળ શ્રીજીમહારાજના પધરાવેલા દેવ તેમને મેલીને નોખા પડવું નહિ એમ સર્વેને સમજાવ્યા હતા. (૯)

સં. ૧૯૫૯ ની સાલમાં ચૈત્ર માસમાં અનાદિમુક્ત બાપાશ્રીએ વૃષપુરમાં મોટો યજ્ઞ કર્યો હતો ને સત્સંગિજીવનનું પારાયણ કરાવ્યું હતું અને બ્રહ્મચારી બાળમુકુંદાનંદજી કથાના વક્તા હતા ને ભૂજના સદ્‌ગુરુ સ્વામી અક્ષરજીવનદાસજી આદિ સંત તથા સ્વામી ઈશ્વરચરણદાસજી, વૃંદાવનદાસજી, ઘનશ્યામજીવનદાસજી, પુરાણી ધર્મકિશોરદાસજી આદિ

અમદાવાદ, મૂળીના સંત તથા ઘણા હરિભક્તો આવ્યા હતા ને કચ્છના સર્વે હરિભક્તને તેડાવ્યા હતા. (૧૦)

સં. ૧૯૬૨ માં ધ. ધુ. આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજને યજ્ઞોપવીત આપવાનો ઉત્સવ હતો. તે પ્રસંગે કેટલાક હરિભક્તને સાથે લઈ બાપાશ્રી શ્રીનગર પધાર્યા હતા. તે વખતે બાપાશ્રીએ આચાર્ય મહારાજશ્રીને ભારે ભેટ મૂકીને આરતી ઉતારી હતી અને બીજા પણ કચ્છના હરિભક્ત પાસે ભેટ-આરતી કરાવી હતી. (૧૧)

સં. ૧૯૬૩ માં પ્રાણશંકરભાઈએ શ્રીનગર-મંદિરમાં પારાયણ કરાવ્યું હતું, તે પ્રસંગે બાપાશ્રી શ્રીનગર આવ્યા હતા. આ વખતે મૂળીના મહંત સ્વામી હરિનારાયણદાસજીની આંખે મોતિયા ઊતરાવ્યા હતા, તેમને બાપાશ્રીએ દર્શન દઈને શરીરે હાથ ફેરવ્યો એટલે સ્વામીને ગરમીની પીડા હતી તે મટી ગઈ. (૧૨)

સં. ૧૯૬૯ માં અસલાલીના સાંખ્યયોગી કંકુબાએ શ્રીનગરમાં પારાયણ બેસાડ્યું હતું, તે પ્રસંગે બાપાશ્રી પધાર્યા હતા અને અમદાવાદ સમૈયો કરીને દેવપરામાં વચનામૃતનું પારાયણ તથા મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવા ગયા હતા, ત્યાં મૂર્તિઓની પ્રતિષ્ઠા વગેરે કરીને કચ્છમાં પધાર્યા હતા. (૧૩)

સં. ૧૯૭૧ ના ફાગણ માસમાં સિનોગરામાં દેવજીભાઈ ડાહ્યાભાઈના યજ્ઞમાં બાપાશ્રી પધાર્યા હતા. પછી વૃષપુર

આવી બાપાશ્રીએ મહામોટો યજ્ઞ કર્યો તેમાં ભૂજના તમામ, તથા બંને દેશના સંત તથા ઘણા હરિભક્ત આવ્યા હતા, તથા કચ્છદેશની નાતના સર્વે હરિભક્તને તેડાવ્યા હતા. આ વખતે બાપાશ્રીએ કાળી તલાવડીએ છત્રી કરાવીને ચરણારવિંદ પધરાવ્યાં હતાં ને આ સ્થળે જે દર્શન કરશે તેનો આત્યંતિક મોક્ષ થશે એ વરદાન આપ્યું હતું. (૧૪)

સં. ૧૯૭૨ ના ચૈત્ર માસમાં અનાદિમુક્ત બાપાશ્રી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી તથા વૃંદાવનદાસજી સ્વામીની અરજી સાંભળીને પ્રથમ મૂળી આવ્યા ને ત્યાંથી પાટડી આવીને મૂર્તિઓ પધરાવી. પછી સરસપુર રહી અમદાવાદ નરનારાયણ દેવનાં દર્શન કરી જેતલપુર પારાયણમાં પધાર્યા ને ત્યાં તલાવને કાંઠે છત્રીએ ચરણારવિંદ પધરાવ્યાં, ત્યાંથી અમદાવાદ આવી શ્રીહરિજયંતિનો સમૈયો કર્યો. પછી છપૈયે પધાર્યા. તે સમયે બાપાશ્રી સાથે દસ બાર હજાર સત્સંગીઓ છપૈયે આવ્યા હતા અને આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ પણ પધાર્યા હતા ને ત્યાં બાળસ્વરૂપ ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા કરી હતી ને મોટો સમૈયો ભરાયો હતો. પછી બાપાશ્રી કચ્છમાં પધાર્યા હતા. (૧૫)

સં. ૧૯૭૩માં સદ્‌ગુરુ આદિ સંત વૃષપુર આવ્યા ને બાપાશ્રીએ પોતાને અંતર્ધાન **થવાની વાત** કરી.

પછી કુંભારિયે ગોવામલભાઈના યજ્ઞમાં પધાર્યા ને ત્યાં તળાવને કાંઠે છત્રીએ ચરણારવિંદ તથા હનુમાનજી પધરાવ્યા હતા. (૧૬)

સં. ૧૯૭૪ ના અષાડ માસમાં બાપાશ્રીએ મોટો મંડવાદ ગ્રહણ કર્યો હતો. તે મંદવાડને સાંભળી સદ્ગુરુ આદિ સંત તથા ઘણા હરિભક્તો ગુજરાત દેશમાંથી બાપાશ્રીના દર્શન માટે વૃષપુર આવ્યા હતા, પરંતુ તે સર્વેની પ્રાર્થનાથી બાપાશ્રી કેવળ દયાએ કરીને સાજા થયા. પછી તે નિમિત્તે છત્રીએ 'પુરુષોત્તમલીલામૃત-સુખસાગર' નું પારાયણ તથા મોટો યજ્ઞ કરીને સર્વેને જમાડ્યા હતા. તે યજ્ઞમાં કથાના વક્તા સ્વામી ઈશ્વરચરણદાસજી તથા બ્રહ્મચારી નિર્ગુણાનંદજી હતા. (૧૭)

સં. ૧૯૭૫ માં વૃષપુરમાં સદ્ગુરુ સ્વામી ઈશ્વરચરણ-દાસજી, વૃન્દાવનદાસજી, ઘનશ્યામજીવનદાસજી, નારાયણ-સેવકદાસજી, પુરાણી હરિપ્રસાદદાસજી તથા મૂળીના સ્વામી શ્વેતવૈકૂંઠદાસજી, પુરાણી ધર્મકિશોરદાસજી, ભગવત્સ્વરૂપ-દાસજી વગેરે ઘણા સંતો તથા હરિભક્તો બાપાશ્રી પાસે સમાગમ કરવા આવ્યા હતા, તેમને બાપાશ્રીએ પોતાના સમાગમનું ઘણું જ સુખ આપ્યું હતું. (૧૮)

સં. ૧૯૭૬ માં અનાદિમુક્તરાજ બાપાશ્રી મૂળીએ પધાર્યા હતા. તે સમયે ઘણા સંતહરિભક્ત મૂળીમાં ભેગા થયા હતા.

તેમણે બાપાશ્રીને પૂછીને મહાસભા સ્થાપન કરી હતી. તે વખતે નદીમાં પાણી નહોતું પણ સૌ હરિભક્તોએ બાપાશ્રીની પ્રાર્થના કરી તેથી નદીમાં પાણી આવ્યું હતું. (૧૯)

સં. ૧૯૭૮ના ચૈત્ર માસમાં બાપાશ્રીએ મોટા યજ્ઞનું પરિયાણ કર્યું હતું અને તે સમે ગામ ઘડાણીમાં પણ યજ્ઞમાં પધારી અબડાસાના હરિભક્તને દર્શન આપ્યાં હતાં. પછી વૃષપુરમાં મોટો યજ્ઞ કર્યો અને છત્રીએ ઠાકોરજીના મંદિરની જાગીરનું વાસ્તુ તથા ભીડભંજન હનુમાનજીની પ્રતિષ્ઠા કરી હતી ને સારંગપુરના હનુમાનજીની પેઠે આ હનુમાનજી પણ સૌના મનોરથ પૂરા કરશે એ વર આપ્યો હતો ને સર્વેને મોક્ષના આશીર્વાદ આપ્યા હતા. તે યજ્ઞમાં સત્સંગિજીવનનું પારાયણ બેસાડ્યું હતું. આ યજ્ઞ તથા ૧૯૮૨ ને ૧૯૮૪ એ ત્રણે યજ્ઞમાં કથાના વક્તા શ્રીનગરના પુરાણી મુનિસ્વામી કેશવપ્રિયદાસ તથા ભૂજના પુરાણી ઉત્તમપ્રિયદાસ હતા. (૨૦)

સં. ૧૯૭૯ માં મૂળીમાં રાધાકૃષ્ણ-હરિકૃષ્ણ મહારાજના શતવાર્ષિક પાટોત્સવમાં બાપાશ્રીએ પધારી સર્વેને દર્શન દઈને રાજી કર્યા હતા. પછી અમદાવાદ આવીને જાદવજીભાઈને આંખનું ને હરજીભાઈને પેટમાં દુઃખાવાનું ઔષધ કરાવ્યું હતું. તે સમે બાપાશ્રી ગામેગામ વિચરણ કરી કરાંચી ગયા. પછી સરસપુર આવી ફરીથી ગામડામાં જઈ

ભાવનગર પધાર્યા ને ત્યાંથી વૃષપુર પધાર્યા. (૨૧)

સં. ૧૯૮૨ ના કાર્તિક માસમાં મિસ્ત્રી મનજીભાઈ તથા અમરસીભાઈના યજ્ઞમાં બાપાશ્રી પોતાના પુત્ર કાનજીભાઈને સાથે લઈને કુંભારિયે પધાર્યા હતા તે સમે કાનજીભાઈની આંખે પીડા હતી, તેથી તેઓ ત્યાંથી જ અમદાવાદ ગયા ને બાપાશ્રીને પણ અમદાવાદથી શેઠશ્રી બળદેવભાઈએ તાર કરીને તેડાવ્યા, ત્યારે બાપાશ્રી પોતે હરજી ધનજી તથા ખીમજી એ બંનેને સાથે લઈને અમદાવાદ આવ્યા અને ગામેગામ ફરીને પાછા કચ્છમાં ગયા હતા.

પછી (૧૯૮૨ના) ચૈત્ર માસમાં બાપાશ્રીએ વૃષપુરમાં મહામોટો યજ્ઞ કર્યો હતો અને કચ્છના કણબીના ૨૪ ગામના તમામ હરિભક્તને તેડાવ્યા હતા ને ભૂજના સંત તથા ગુજરાતના ઘણા સંતહરિભક્ત આવ્યા હતા અને તે યજ્ઞમાં બાપાશ્રી કેટલાકને દિવ્યરૂપે દર્શન આપી અનેકરૂપે દેખાયા હતા.

પછી તે જ સાલના (૧૯૮૨ના) ભાદરવા માસમાં બાપાશ્રીએ લઘુનો મંદવાડ ગ્રહણ કર્યો હતો. તે સમે સાધુ કેશવપ્રિયદાસ ને શ્રીરંગદાસ તથા બાપાના પૌત્ર જાદવજીભાઈ ને સોની મોતીભાઈ આદિ બાપાની સેવામાં રહ્યા હતા. પછી સદ્‌ગુરુ વગેરે આવ્યા ને બાપાશ્રી સાજા થયા ને ભૂજમાં વચનામૃતનું પારાયણ કરાવ્યું. પછી

બાપાશ્રીની આજ્ઞાથી કેટલાક સંતહરિભક્ત પોતાના દેશમાં ગયા અને સદ્‌ગુરુ આદિ સંતને સાથે લઈને બાપાશ્રી વૃષપુર પધાર્યા. પછી નારાયણપુર, દહીંસરા, રામપુર, ગોડપુર વગેરે ગામોમાં જઈને પાછા વૃષપુર આવ્યા ને સંતને ગુજરાતમાં મોકલ્યા. (૨૨)

સં. ૧૯૮૩ ના ફાગણ માસમાં અનાદિમુક્તરાજ બાપાશ્રીએ કરાંચીમાં ફૂલદોલનો સમૈયો કર્યો. પછી ચૈત્ર માસમાં રામજી વાલજી તથા વશરામ કેસરાના યજ્ઞમાં ભારાસર પધાર્યા ને તે યજ્ઞમાં સદ્‌ગુરુને તેડાવવાનું બંધ રાખ્યું. પછી જેઠ માસમાં ગાંગજી મિસ્ત્રીએ પોતાના યજ્ઞમાં આવવા બાપાશ્રીને આમંત્રણ આપ્યું. પછી ભાદરવામાં તે મિસ્ત્રીએ પોતાના ગામ સિનોગરામાં યજ્ઞ કર્યો એટલે બાપાશ્રી ત્યાં પધાર્યા ને સદ્‌ગુરુ સ્વામીને પણ તેડાવ્યા ને યજ્ઞસમાપ્તિ પછી સદ્‌ગુરુની સાથે બાપાશ્રી ભૂજ આવીને વૃષપુર પધાર્યા. પછી નારાયણપુર રહ્યા ને કેરામાં પ્રબોધિની એકાદશી કરીને વૃષપુર આવ્યા ને સદ્‌ગુરુને દેશમાં મોકલ્યા. પછી વૃષપુર-મંદિરની મેડીનું કામ ચાલુ કરાવ્યું. (૨૩)

સં. ૧૯૮૪ ના ચૈત્ર માસમાં અનાદિમુક્તરાજ બાપાશ્રીએ વૃષપુરમાં મોટો છેલ્લો યજ્ઞ કર્યો હતો, તેમાં સંતહરિભક્તો ઘણા જ આવ્યા હતા. તે વખતે બાપાશ્રીએ કંકોતરીમાં લખાવ્યું હતું કે આ અમારો છેલ્લો યજ્ઞ છે; જે આવશે તેનો

મોક્ષ કરશું. આ યજ્ઞની સમાપ્તિ પછી સદ્‌ગુરુ આદિ સંત બાપાશ્રીના સમાગમનો લાભ લેવા રહ્યા હતા, પછી તેમને દેશમાં મોકલ્યા, ત્યાર પછી બાપાશ્રી ભૂજ તથા માધાપુરના યજ્ઞમાં પધાર્યા હતા. પછી વૃષપુર આવી પોતાના કુટુંબી તથા સર્વે હરિભક્તને ભલામણ કરી જે હવે અમે અક્ષરધામમાં જઈને બેસશું; તમે મહારાજની આજ્ઞામાં રહીને ભગવાન ભજજો; દેશકાળમાં લેવાશો નહિ; અમે રક્ષા કરશું. એમ સૌને ધીરજ આપી. પછી દોઢ દિવસ મંદવાડ બતાવીને સં. ૧૯૮૪ ના અષાડ સુદ ૪ ને શુક્રવારની રાત્રીએ સાડાબાર વાગે ધામમાં પધાર્યા. (૨૪)

## પુનઃ વિવેચન

આવી રીતે બાપાશ્રી ૧૬ વખત ગુજરાતમાં પધાર્યા તેમાં ૧૪ વખત તો પોતે અમદાવાદ પધાર્યા છે ને બે વખત છપૈયે પધાર્યા તેની કિંચિત્ યાદી લખી છે, પણ તે સિવાય પોતે ઘણી વખત અમદાવાદ, મૂળી, ગઢપુર આદિ તીર્થોમાં ફર્યા છે ને ગામેગામ વિચર્યા છે. કરાંચીમાં પણ કેટલીક વખત પધાર્યા છે. વળી કેટલાંક ગામોમાં મૂર્તિપ્રતિષ્ઠાઓ પણ કરી છે. વળી કોઈ જગ્યાએ મોક્ષના આશીર્વાદ આપ્યા છે ને કોઈ કોઈ ગામોમાં ખારાં પાણી મીઠાં કર્યાં છે, તો કોઈ ગામોમાં તળાવમાં પાણી ન રહેતું હોય તોપણ એમના આશીર્વાદથી

અદ્યપિ પાણી રહે છે. વળી કોઈ કોઈ જગ્યાએ પારાયણની સમાપ્તિમાં પોતે પધારી પુસ્તક તથા વક્તાઓની પૂજાઓ કરી છે, તો કોંઈ જગ્યાએ મહારાજની પ્રસાદીના સ્થાને છત્રી કરાવીને ચરણારવિંદ પધરાવ્યાં છે. ભૂજ તો પોતે હિંડોળામાં તથા અન્નકૂટનાં દર્શન કરવા અવશ્ય આવતા ને સમૈયા તથા ધર્મામૃતની કથામાં ને કોઈ સમયે પારાયણ પ્રસંગે એમ અસંખ્ય વખત પધાર્યા છે. અને પોતે અસંખ્ય યજ્ઞપારાયણો કર્યાં તે પ્રસંગે ઠાકોરજીને વસ્ત્ર તથા હજારો રૂપિયાની સેવા ભૂજમંદિરમાં કરીને ત્યાંના એકેએક સાધુને રાજી કર્યા છે. હમીરસર તથા કાળીતલાવડીએ તો પોતે હજારો વાર નાહ્યા છે. અને કેટલીક વખત ભૂજમાં ને કેટલીક વખત વૃષપુરમાં વચનામૃતનાં પારાયણો કરાવીને સંતોને જમાડ્યા છે. એક વખત પ્લેગનો રોગ આવ્યો ત્યારે બાપાશ્રીએ કાકરવાડીમાં વચનામૃતનાં સાત પારાયણો વાંચ્યા હતાં. તેમ જ ૧૯૪૨ની સાલમાં મોટો સંઘ લઈને બાપાશ્રી તીર્થ કરવા નીકળ્યા હતા ત્યારે પણ રસ્તામાં સાત પારાયણો કર્યાં હતાં. તેમ જ અગિયારસો ચોસર કીર્તનો કંઠે હતાં ને મંદિરમાં પણ આરતી, ગોડી, કથા, ચેષ્ટા વગેરે નિત્ય નિયમ પણ બરાબર કરતા.

વળી પોતે આ સિવાય મોટા મોટા છ યજ્ઞો કર્યા જેની અંદર ભૂજ, વડતાલ, અમદાવાદ, ગઢપુર, મૂળી આદિ

ધામોના સંતો ને દૂર દેશના ઘણા હરિભક્તો આવતા. તેની સંખ્યા કોઈ કોઈ વખત પાંત્રીસ પાંત્રીસ હજાર મનુષ્યની થતી, બાપાશ્રી તે સર્વેની સરભરા કરતા ને કોઈ વખત ઉતારે જઈને રાત્રી-દિવસ દર્શન આપતા. આ સિવાય બીજા નાના યજ્ઞો તો ઘણા કર્યા છે. વળી યજ્ઞપારાયણ હોય તો પોતે ગામેગામ અવશ્ય પધારતા ને ત્યાં કોઈ કોઈ વખત કથાનું રહસ્ય વિવેચન કરીને સભામાં સર્વેને સમજાવતા. વળી વૃષપુરમાં તો સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી વૃંદાવનદાસજી તથા મૂળીના સંતમંડળો વારંવાર આવતાં ને કથાવાર્તાનો અખાડો અહોનિશ ચાલુ જ રહેતો.

વળી બાપાશ્રી નાના હતા ત્યારે ક્યારેક પંદર દિવસ, મહિનો, તો ક્યારેક બબ્બે મહિના સુધી સ્તનપાન કર્યા વગર રહેતા ને કિશોર અવસ્થામાં પોતાના સખાઓની સાથે રમતગમતમાં અનેક પ્રકારના ચમત્કાર જણાવતા ને ગૃહોદ્યોગ પણ કરતા ને તીર્થયાત્રા તો પોતે બહુધા પગે ચાલીને જ કરતા. વળી તેઓ બીજા જીવોના સમાસને અર્થે ઘણી વખત સમાધિમાં પણ જતા. તેની કિંચિત્ યાદિ લખીએ છીએઃ-

સં. ૧૯૪૨ માં બાપાશ્રી તીર્થયાત્રા કરવા નીકળ્યા હતા ત્યારે પણ કાજરડાની સીમમાં આવ્યા, ત્યાં રણને કાંઠે મીઠા પાણીનો એક જ વીરડો હતો તોપણ બાપાશ્રીની ઇચ્છાથી

સાત વીરડા મીઠા પાણીથી ભરેલા થયા હતા. તે વખતે પણ બાપાશ્રીને સમાધિ થઈ હતી, તે હળવદ આવ્યા ત્યારે સમાધિ ઊતરી હતી. પછી ત્યાંથી મૂળી આવ્યા ત્યાં પણ એક દિવસની સમાધિ થઈ હતી.

સં. ૧૯૪૪ માં બાપાશ્રી મૂળીએ પધાર્યા હતા. તે વખતે પણ મૂળીમાં બાપાશ્રીને સમાધિ થઈ હતી, તે ત્રણ દિવસ રહી, ને ઘણા સંતહરિભક્તો તે સમાધિમાં બાપાશ્રીનાં દર્શન કરવા આવ્યા હતા ને ચોથે દિવસે બાપાશ્રી જાગ્રત થયા હતા.

સં. ૧૯૪૬ માં સદ્ગુરુ સ્વામી અક્ષરજીવનદાસજી વૃષપુરમાં મંદિર કરાવતા હતા, તે સારુ બાપાશ્રી માંડવીબંદર ઇમારતી લાકડાં લેવા ગયા હતા. ત્યાં સમાધિ થઈ ગઈ તે પાંચ દિવસ રહી ને છઠ્ઠે દિવસે જાગ્રત થયા. વળી એક વખત તે જ સાલમાં લખાઈવાડીએ સમાધિ થઈ હતી તે ચોથે દિવસે સાંજે જાગ્રત થયા.

સં. ૧૯૪૮ માં શ્રીનગરમાં સદ્ગુરુ સ્વામીશ્રી નિર્ગુણદાસજીની આજ્ઞાએ કરીને બાપાશ્રી ૧૨ કલાક સમાધિમાં રહ્યા હતા. અને વાસ્તવિક તો સદાય ઉપશમમાં જ રહેતા. આ સિવાય બીજી ઘણી વખત સમાધિ થયેલ પણ આ તો દિશમાત્ર લખી છે.

તેમ જ પરચા-ચમત્કાર તો અસંખ્ય બતાવ્યા છે તે શું, તો

એકરૂપ થકા અનેકરૂપે, તો ક્યારેક થોડી રસોઈમાંથી અસંખ્ય હરિભક્તોને જમાડે, તો ક્યારેક કોઈ દેહ મૂકે તેને શ્રીજીમહારાજ સાથે તેડવા જાય, તો કોઈકને ઘેર બેઠા થકા દર્શન દે, એવી અનેક લીલાઓ તથા જ્ઞાનવાર્તાઓ છે. તેમ જ વચનામૃત પર ટીકા કરીને શ્રીજીમહારાજનો સિદ્ધાંત પણ સમજાવ્યો છે.

**ઇતિ સાધુ કેશવપ્રિયદાસેન લિખિતા પ્રકરણં સમાપ્તમ્**

# ૮. શ્રી પુરુષોત્તમ કવચ

## (સદ્‌ગુરુ અખંડાનંદવર્ણી રચિત)

**રાજોવાચ** - સારંગપુરના અધિપતિ જીવવર્મા (જીવાખાચર)ના પુત્ર વ્યાઘ્રજીત (વાઘાખાચર) નામે રાજા અખંડાનંદ બ્રહ્મચારીના પ્રત્યે પૂછે છે :- બ્રહ્મચારીમાં શ્રેષ્ઠ એવા હે અખંડાનંદ બ્રહ્મચારી! કૃષ્ણ જે શ્રીજીમહારાજ તેમના ભક્તને કાંઈક ભય જે કષ્ટ આવે ત્યારે સર્વ પ્રકારે તે ભયને નાશ કરવા માટે તે શ્રીહરિના આશ્રિત તેમણે શું કરવું તે મને કહો. ૧

**શ્રી નિષ્કુળાનંદ ઉવાચ** - શ્રી નિષ્કુળાનંદમુનિ ભોજેન્દ્ર રાજા પ્રત્યે કહે છે : હે નૃપ! આ પ્રકારે વિનયે સહિત વ્યાઘ્રજીત રાજાએ પૂછ્યા એવા બ્રહ્મચારીમાં શ્રેષ્ઠ જે શ્રી અખંડાનંદ બ્રહ્મચારી તે જે તે શ્રીહરિને સંભારતા થકા તે રાજા પ્રત્યે બોલતા હતા. ૨

**શ્રી અખંડાનંદ ઉવાચ** - હે રાજન્! શ્રીહરિના ભક્ત એવા તમોએ બહુ જ સારું પૂછ્યું. ભગવાનના ભક્તને કાંઈક ભય જે કષ્ટ તે પ્રાપ્ત થયે સતે જે કરવા યોગ્ય છે તે તમોને હું સંક્ષેપથી કહું છું તેને તમે સાંભળો. ૩

સર્વોત્તમ કહેતાં બીજા દેવનાં સમગ્ર સ્તોત્ર થકી શ્રેષ્ઠ

એવું, શ્રી પુરુષોત્તમ નારાયણ છે સ્વરૂપ જેનું એવું, ને વર્મ કહેતાં 'શ્રી પુરુષોત્તમ કવચ' તે ભય માત્રને નાશ કરનારું છે. તે પ્રત્યક્ષ શ્રીહરિના ભક્ત તેમણે ધારણ કરવું. ૪

અધ્યાત્મ, અધિભૂત ને અધિદૈવ એ આદિક સમગ્ર દુઃખને છેદી નાખનારું અને ભવ જે જન્મ-મરણ તેને નાશ કરનારું અને ભગવાન સંબંધી મહા સુખને આપનારું એવું જે 'શ્રી પુરુષોત્તમ કવચ' તેને હું જે તે તમને કહું છું તેને તમે સાંભળો. ૫

'શ્રી' જે લક્ષ્મી તેમનું મંદિર કહેતાં જેમના વક્ષઃ- સ્થલને વિષે લક્ષ્મીજી રહ્યાં છે અને 'શ્રીકૃષ્ણ, શ્રીહરિ, શ્રી સ્વામિનારાયણ, શ્રીહરિકૃષ્ણ' એ આદિક છે નામ જેમનાં અને સર્વના સ્વામી અને પુરાણ પુરુષ એવા જે શ્રી પુરુષોત્તમ ભગવાન તેમને હું સાષ્ટાંગ નમસ્કાર કરું છું. ૬

જન જે ચાર વર્ણનો મનુષ્ય તે જે તે ભય જે દુઃખ ને આવ્યે સતે શુદ્ધ જળે કરીને ધોયા છે ચરણ ને હસ્ત જેણે અને અંતઃકરણને વિષે શુદ્ધ એવો સતો ઉત્તરાદે મુખે બેસીને આચમન કરીને **ૐ નમોઽવતારિણે સ્વામિનારાયણાય** એ મંત્રે કરીને અંગના ન્યાસ તેને કરીને શ્રી પુરુષોત્તમ છે સ્વરૂપ જેનું એવું આ કવચ તેને ધારણ કરે. ૭

હવે તે મંત્રના સમગ્ર વર્ણે કરીને સર્વ અંગનો ન્યાસ તેને ત્રણ શ્લોકે કરીને કહે છે :-

૧. ૐ નકારં પદયોઃ ૮. ૐ મિકારં હૃદયે
૨. ૐ મોકારં ગુલ્ફયોઃ ૯. ૐ નાકારં ઉરસિ
૩. ૐ વકારં જંઘયોઃ ૧૦. ૐ રાકારં બાહ્‌વોઃ
૪. ૐ તાકારં જાન્વોઃ ૧૧. ૐ યકારં કંઠે
૫. ૐ રિકારં ઉર્વોઃ ૧૨. ૐ ણાકારં મુખે
૬. ૐ ણેકારં કટ્યામ્ ૧૩. ૐ યકારં મૂર્ધ્નિ
૭. ૐ સ્વાકારં નાભૌ

આવી રીતે બોલીને ન્યાસ કરે અને એ જ મંત્રના અક્ષરની આવૃત્તિએં કરીને આંગળીઓએ સહિત બે હસ્તના ન્યાસને કરે અથવા **નમઃ શ્રી પુરુષોત્તમાય** એ મંત્રના અક્ષરે કરીને બે હાથના ન્યાસને કરે તે કહે છે :-

૧. ૐ નકારં અંગુષ્ઠયોઃ ૬. ૐ ષોકારં કરાગ્રયોઃ
૨. ૐ મઃ તર્જન્યોઃ ૭. ૐ ત્તકારં કરતલયોઃ
૩. ૐ શ્રીકારં મધ્યમયોઃ ૮. ૐ માકારં કરપૃષ્ઠયોઃ
૪. ૐ પુકારં અનામિક્યોઃ ૯. ૐ યકારં કરમૂલયોઃ
૫. ૐ રુકારં કનિષ્ઠિકયોઃ

આવી રીતે સર્વ ન્યાસ ભગવાનમાં વૃત્તિ રાખીને કરે. ૧૧

૧. ૐ કારં...... હૃદયે ૫. ૐ યેકારં નેત્રયોઃ
૨. ૐ શ્રીકારં મૂર્ધનિ ૬. ૐ નકારં સર્વસંધિષુ
૩. ૐ હકારં ભ્રુવોર્મધ્યે ૭. ૐ મઃ અસ્ત્રાય ફટ્
૪. ૐ રકારં શિખાયામ્

આવી રીતે શ્રીહરિનું ધ્યાન કરવાપૂર્વક મંત્રે કરીને ન્યાસ કરી જન જે ભક્તજન તે જે તે મંત્રરૂપ છે મૂર્તિ જેની એવો થાય. ૧૩

આવી રીતે **ૐ શ્રીહરયે નમઃ** એ મંત્રને વિસર્ગે સહિત 'ફટ્' છે અંતે જેમાં એ પ્રકારે સર્વ દિશાઓને વિષે નિર્દેશ કરે. પછી સ્થિર મને કરીને હૃદયકમલમાં પુરુષોત્તમ એવા શ્રીહરિનું ધ્યાન તેને કરે. ૧૪

**હવે તે ધ્યાનને કહે છે :** મુક્તાવતાર જે ત્યાગી ને ગૃહસ્થ એવા ભક્ત તેમની મોટી સભાના મધ્યમાં નિરંતર વિરાજમાન અને મેઘના સરખી છે શ્યામ સુંદર મૂર્તિ જેમની અને મંદહાસ્યે યુક્ત છે મુખારવિંદ જેમનું અને સોનેરી વસ્ત્ર ને સોનાનાં ઘરેણાં જેમણે ધારણ કર્યાં છે એવા શ્રી પુરુષોત્તમ ભગવાન તેમનું હું હૃદયકમળને વિષે ધ્યાન કરું છું. ૧૫

માણિક્ય જે લાલ મણિ તેના સરખો છે વર્ણ જેનો એવી માણકી ઘોડી ઉપર વિરાજમાન અને અતિશય ઉજ્જવળ કહેતાં સૂર્યના કિરણે કરીને ચળક ચળક થતા એવા ભાલા જેમના હાથમાં છે એવા અસવાર જે સોમવર્મા, ઉત્તમરાજા એ આદિક તેમણે વીંટેલા પુરુષોત્તમ એવા શ્રીહરિ તે જે તે સર્વ કષ્ટ થકી મારી રક્ષા કરો કહેતાં મારું પાલન કરો. ૧૬

આવી રીતે સંક્ષેપે કરીને પ્રાર્થના કરી તેણે કરીને સંતોષ ન થાય એ હેતુ માટે એ જ શ્રી પુરુષોત્તમ તેમનાથી

સ્વામિનારાયણાદિક નામે કરીને તેમની જ પ્રાર્થનાને કહે છે : ધર્મદેવના અવતાર શ્રીહરિપ્રસાદજી, તેમના પુત્ર **શ્રી સ્વામિનારાયણ** જે તે લોભ-કામાદિક સમગ્ર અંતઃકરણના શત્રુ થકી મારી રક્ષા કરો. અને **શ્રીકૃષ્ણ** જે તે દેવના શત્રુ કહેતાં બાહેરલા શત્રુ તે થકી રક્ષા કરો અને સર્વના સ્વામી એવા **શ્રીહરિકૃષ્ણ** ભગવાન જે તે સમગ્ર અધર્મનાં સર્ગ જે પરિવાર તે થકી મારી રક્ષા કરો. ૧૭

ભક્તિના અવતાર જે શ્રી પ્રેમવતી માતા તેમના પુત્ર **શ્રીહરિ** તે જ પોતાની ભક્તિમાં વિઘ્ન કરનારા જન થકી મારી રક્ષા કરો અને **શ્રી નીલકંઠ** ભગવાન જે તે દિવસ ને રાત્રીમાં મારી રક્ષા કરો અને **નારાયણમુનિ** જે તે નિશ્ચય પ્રાતઃસંધ્યા અને સાયંસંધ્યા તેને વિષે મારી રક્ષા કરો ૧૮.

અને સ્વાભાવિક આનંદ જેમને વિષે રહ્યો છે. એવા **શ્રી સહજાનંદ સ્વામી** જે તે પોતાનો દાસ જે હું તે મારી સમગ્ર દુઃખ થકી કહેતાં કષ્ટ માત્ર થકી રક્ષા કરો. અને ભક્તિ-ધર્મના પુત્ર એવા **શ્રી વાસુદેવ** ભગવાન જે તે નાશવંત અને દુઃખે મિશ્રિત એવાં માયિક સુખ થકી મારી રક્ષા કરો. ૧૯

અને શ્રેષ્ઠ છે દર્શન જેમનું એવા પોતે **ઘનશ્યામ** ભગવાન જે તે મદે કરીને ઉદ્ધત એવો મારા મનરૂપી હાથી તે થકી મારી રક્ષા કરો અને સર્વ અવતારના કારણ એવા **શ્રીહરિ** જે તે પોતાના એકાંતિક ધર્મ તેના આચરણને વિષે પ્રમાદ જે

આળસ તે થકી મારી રક્ષા કરો. ૨૦

અને **નરનારાયણ** ભગવાન જે તે વનને વિષે હિંસક પ્રાણીના સમૂહ થકી મારી રક્ષા કરો, અને **શ્રી લક્ષ્મીનારાયણ** ભગવાન જે તે દરિદ્રીપણું તથા ગ્રામ્યજન જે સ્ત્રૈણ પુરુષ તે થકી પોતાનો કિંકર જે હું તે મારી રક્ષા કરો. ૨૧

અને સાધુ પુરુષના સ્વામી એવા **શ્રી ગોપીનાથ** ભગવાન જે તે જળને વિષે ગ્રાહાદિક જળજંતુ થકી તથા વરુણના પાશલા તે થકી મારી રક્ષા કરો, અને **શ્રી રાધારમણ** ભગવાન જે તે, સ્થળ વિષે મારી રક્ષા કરો, ને **શ્રી રાધાકૃષ્ણ** ભગવાન જે તે આકાશને વિષે મારી રક્ષા કરો. ૨૨

અને **મદનમોહન** ભગવાન જે તે દુર્ગ જે દુર્ગમ સ્થાન અથવા નાના પ્રકારના કિલ્લા તથા અટવી જે ઘોર વન અથવા પર્વતની તળેટીઓ તેમને વિષે મારી રક્ષા કરો. અને રણસંગ્રામને વિષે તો **બળદેવ-કૃષ્ણ** જે તે મારી રક્ષા કરો. **ઋણચ્છોડજી** નામે શ્રીહરિ જે તે દેવ, પિતૃ અને ઋષિ તેમના ઋણ થકી મારી રક્ષા કરો અને વરાહાદિક સમગ્ર શ્રી પુરુષોત્તમ ભગવાનના **અવતાર** જે તે, માર્ગને વિષે કહેતાં જ્યાં જ્યાં હું જાઉં ત્યાં સર્વ માર્ગમાં મારી રક્ષા કરો. અથવા ઉદ્ધવ સંપ્રદાય વિનાના જે બીજા સંપ્રદાય તેમને વિષે પ્રીતિ ન થાય એમ મારી રક્ષા કરો. ૨૩

હવે એ શ્રી પુરુષોત્તમ ભગવાનના એકાંતિક ભક્તની

પ્રાર્થનાને કહે છે : **હનુમાનજી** જે તે સૂર્યાદિક નવગ્રહ થકી અથવા બ્રહ્મરાક્ષસાદિક સમગ્ર પ્રેત થકી તથા ભૈરવાદિક થકી મારી રક્ષા કરો અને વિઘ્નના રાજા જે **ગણપતિ** તે જે તે મારે શ્રી પુરુષોત્તમના ચરણારવિંદને પામવું તેમાં જે જે વિઘ્ન આવે તે સમગ્ર વિઘ્ન થકી મારી રક્ષા કરો અને **શ્રી રામપ્રતાપજી** મહારાજ જે તે વૈતરણી નદી, રૌરવ, મહારૌરવ, કુંભીપાક એ આદિક નરક થકી અથવા નીચ યોનીમાં જન્મરૂપી નરક થકી મારી રક્ષા કરો. અને **શ્રી ઇચ્છારામજી** મહારાજ જે તે મારી ઉપર દયા કરીને ઉગ્ર ધર્મ થકી કહેતાં જેણે કરીને દેહાદિકને ઘણો કલેશ થાય એવા કઠોર ધર્મ થકી મારી રક્ષા કરો. ૨૪

અને **શ્રી અયોધ્યાપ્રસાદજી** મહારાજ નામે ગુરુ જે તે અસદ્ મતિ જે દુર્બુદ્ધિ તથા કલિ જે કળિયુગના દોષ તે થકી મારી રક્ષા કરો. અને **શ્રી રઘુવીરજી** મહારાજ નામે ગુરુ જે તે દેહાદિકને વિષે સંગ તેમાં આસક્તિ તથા વિષયી જનનો પ્રસંગ તે થકી મારી રક્ષા કરો. ૨૫

**મુકુંદાનંદ** બ્રહ્મચારી જે તે કામરૂપ સિંહના આક્રોશ થકી કહેતાં માયિક પંચવિષયને ભોગવવાની ઇચ્છા થકી મારી રક્ષા કરો અને **જયાનંદ** બ્રહ્મચારી જે તે દ્રવ્યાદિકના લોભ થકી મારી રક્ષા કરો અને **શતાનંદમુનિ** જે તે કોપ જે ક્રોધ તે થકી મારી રક્ષા કરો. અને **મુક્તાનંદમુનિ** જે તે દુર્જન પુરુષના

સમાગમ થકી મારી રક્ષા કરો કહેતાં મુને તેનો પ્રસંગ ન થવા દો. ૨૬

અને **ગોપાળાનંદમુનિ** જે તે દેહાભિમાન થકી મારી રક્ષા કરો. અને **બ્રહ્માનંદમુનિ** જે તે સમગ્ર કુસંગ થકી મારી રક્ષા કરો. અને **નિત્યાનંદમુનિ** જે તે પોતાનો દેહ ને દેહના સંબંધીને વિષે જે સ્નેહ તે થકી મારી રક્ષા કરો. અને **ચૈતન્યાનંદમુનિ** જે તે પ્રમાદ થકી કહેતાં ન કરવાનું થાય અને કરવાનું ન થાય એ દોષ થકી મારી રક્ષા કરો. ૨૭

અને **આનંદાનંદમુનિ** જે તે રસાસ્વાદ થકી મારી રક્ષા કરો. અને **સ્વરૂપાનંદમુનિ** જે તે વિદ્યાદિક ગુણનો તથા ધનાદિકનો જે મદ તે થકી મારી રક્ષા કરો. અને **પ્રેમાનંદમુનિ** જે તે વિષાદ જે ખેદ તે થકી મારી રક્ષા કરો. અને **વ્યાપકાનંદમુનિ** જે તે મોહ જે વિપરીત જ્ઞાન કહેતાં અવળી સમજણ તે થકી મારી રક્ષા કરો. અને **કૃપાનંદમુનિ** જે તે મોહ જે મૂઢપણું તે થકી મારી રક્ષા કરો. ૨૮

અને **શુકાનંદમુનિ** જે તે દંભ થકી મારી રક્ષા કરો. અને **નૃસિંહાનંદમુનિ** જે તે દેવના અપરાધ થકી મારી રક્ષા કરો. અને **સચ્ચિદાનંદમુનિ** જે તે શ્રીહરિના વિયોગ થકી મારી રક્ષા કરો. અને **ગુણાતીતાનંદમુનિ** જે તે કૃતાન્ત જે કાળ તે થકી મારી રક્ષા કરો. ૨૯

અને **નિષ્કુળાનંદમુનિ** જે તે નાના પ્રકારના માયિક

વિષયભોગ થકી મારી રક્ષા કરો. અને **સ્વયંપ્રકાશાનંદમુનિ** જે તે માયિક પંચવિષયને વિષે રાગ જે આસક્તિ તે થકી મારી રક્ષા કરો. અને **મહાનુભાવાનંદમુનિ** જે તે નાના પ્રકારની નીચ ગતિઓ થકી મારી રક્ષા કરો. અને **શિવાનંદમુનિ** જે તે નિશ્ચે અજ્ઞાન થકી મારી રક્ષા કરો. ૩૦

અને **વાસુદેવાનંદ** બ્રહ્મચારી જે તે અસત્ સ્વભાવ જે સારા સાધુ પુરુષને ન ગમે એવી જે દુષ્ટ પ્રકૃતિ તે થકી મારી રક્ષા કરો. અને **નારાયણાનંદ** બ્રહ્મચારી જે તે શ્રીહરિની ભક્તિને વિષે આડાં આવે જે વિઘ્ન તે થકી મારી રક્ષા કરો. **આનંદાનંદ** બ્રહ્મચારી જે તે ભૂત-પ્રેતાદિક થકી મારી રક્ષા કરો. અને **વૈકુંઠાનંદ** બ્રહ્મચારી જે તે કુત્સિત બુદ્ધિવાળો કહેતાં ભગવાન થકી વિમુખ છે. બુદ્ધિ જેની એવો જન તે થકી મારી રક્ષા કરો. ૩૧

અને **આત્માનંદમુનિ** જે તે શ્રીહરિના વચનનું જે ઉલ્લંઘન તે થકી મારી રક્ષા કરો કહેતાં શ્રીહરિની આજ્ઞા વિરુદ્ધ આચરણ ન થાય એવી મારી ઉપર દયા કરો. અને **અદ્‌ભુતાનંદમુનિ** જે તે સંસાર સમુદ્ર થકી મુને તારો. અને **પરમાનંદમુનિ** જે તે પાપી પુરુષના પ્રસંગ થકી મારી રક્ષા કરો. અને **યોગાનંદમુનિ** જે તે દુરાગ્રહ થકી મારી રક્ષા કરો. ૩૨

અને **અક્ષરાનંદમુનિ** જે તે ભગવાનના ભક્તના અપરાધ

થકી મારી રક્ષા કરો. અને **ગોવિંદાનંદમુનિ** જે તે શાક્ત જે મલિનવિદ્યાવાળા શક્તિ પંથી જન તે થકી મારી રક્ષા કરો. અને **જ્ઞાનાનંદમુનિ** જે તે શુષ્કજ્ઞાની એવા જે જન તે થકી મારી રક્ષા કરો. અને **સર્વજ્ઞાનાનંદમુનિ** જે તે નાસ્તિક તથા કૂડાપંથી તેમના પ્રસંગ થકી મારી રક્ષા કરો. ૩૩

અને **ભજનાનંદમુનિ** જે તે કુત્સિત વૈદ્ય થકી મારી રક્ષા કરો. અને **દેવાનંદમુનિ** જે તે દુરાલાપ જે અસદ્ ભાષણ તેને વિષે રતિ જે પ્રીતિ તે થકી મારી રક્ષા કરો. **ભગવદાનંદમુનિ** જે તે કુત્સિક વિવાદને કરનારા જે પંડિત પુરુષ તે થકી મારી રક્ષા કરો. અને **ભૂધરાનંદમુનિ** જે તે પ્રવાદ જે અતિશય વિવાદ તે થકી મારી રક્ષા કરો. ૩૪

અને સર્વે મુનિ કહેતાં **રામદાસમુનિ, સિદ્ધાનંદમુનિ, તદ્રુપાનંદમુનિ, શૂન્યાતીતાનંદમુનિ, ઉત્તમાનંદમુનિ, મંજુકેશાનંદમુનિ, વિરક્તાનંદમુનિ, અમોઘાનંદમુનિ, પ્રજ્ઞાનંદમુનિ, વિજયાત્માનંદમુનિ, અખંડાનંદમુનિ, સનાતનાનંદમુનિ, પવિત્રાનંદમુનિ, હરિહર્યાનંદમુનિ, ચતુર્વ્યુહાનંદમુનિ, બાલમુકુંદાનંદમુનિ, વિજ્ઞાનાનંદમુનિ** એ આદિક સમગ્ર પરમહંસ તથા વર્ણી જે **ગોપાળાનંદ બ્રહ્મચારી, રાઘવાનંદ બ્રહ્મચારી, માધવાનંદ બ્રહ્મચારી**, - એ આદિક સમગ્ર બ્રહ્મચારી જે તે મૃત્યુરૂપી દોષ તથા છળ-કપટ તથા વ્યાધિ જે નાના પ્રકારના રોગ તથા જરા જે વૃદ્ધાવસ્થાનું દુ:ખ તથા આધિ જે મનની પીડા તથા

મત્સર જે કોઈની મોટપ દેખી ખમાય નહિ તે રૂપ દોષ તથા નિદ્રા તથા અવગર્હા જે નિંદા તથા વિપરીત ભાવના જે શ્રીહરિના ચરિત્રને વિષે મનુષ્ય-બુદ્ધિરૂપ દોષ તથા ભગવદીનો દ્રોહ તથા અભ્યસૂયા જે ગુણને વિષે દોષ પરઠવા તે રૂપી દોષ તથા અનૃત ભાષણ જે અસત્ય વચન બોલવું એ આદિક દોષ થકી મારી રક્ષા કરો. ૩૫

અને હેમંતસિંહ, સોમવર્મા, ઉત્તમરાજા, સુરવર્મા, જીવવર્મા, ખટ્વાંગ, કાકાભાઈ, પૂંજાભાઈ, નાજ ભક્ત, ગોવર્ધનભાઈ, પર્વતભાઈ, ભીમભાઈ, કાશીદાસ, આંબો શેઠ, ભોજેન્દ્ર રાજા, કુબેરભાઈ, નાથભક્ત, વાસ્તુવર્મા, નંદુભાઈ, શિવ યાજ્ઞિક, નથ્થુભાઈ, વેણીદાસ, વિષ્ણુદાસ, પ્રતાપસિંહ, અભયરાજા, યોવનાશ્વ અને મયારામ ભટ્ટ - એ આદિક સમગ્ર શ્રીહરિના એકાંતિક ભક્ત જે તે શ્રી સ્વામિનારાયણ વિના બીજા પદાર્થની જે વાસના તે થકી મારી રક્ષો કરો. કહેતાં ભગવાન વિનાની બીજી વાસના મારા હૃદયમાં ન રહેવા દો. ૩૭

અને ભૃગુજીત, રત્નજિત, વીરો ભક્ત, કુબેરસિંહ, અલૈયો ભક્ત, ભીમ ભક્ત, કેશવ ભક્ત, લખો ભક્ત, અર્જુન ભક્ત, કેશરિસિંહ, ગાલવ-એ આદિક સમગ્ર શ્રીહરિના પાર્ષદ જે તે સર્વ દિશા થકી મારી રક્ષા કરો કહેતાં સર્વ લોકમાંથી મારા મનને ઉખાડીને એક શ્રીહરિના ચરણારવિંદને વિષે આસક્ત કરીને રાખો. ૩૮

આ પ્રકારનું શ્રી પુરુષોત્તમ જે શ્રી સહજાનંદ સ્વામી તે છે સ્વરૂપ જેનું એવું આ સર્વોત્તમ કવચ તે જે તે સમગ્ર પાપ માત્રને નાશ કરે એવું છે તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય એ ત્રણ અંગે સહિત શ્રી પુરુષોત્તમ ભગવાનને વિષે ભકિત જે માહાત્મ્ય સહિત ઘણો સ્નેહ તેને આપનારું છે. ૩૯

અને સર્વ ઉપદ્રવને નાશ કરનારું અને શ્રીહરિનું પદ જે ધામ તેને પમાડનારું છે અને ભક્તિ ને મુક્તિ તેનું આપનારું છે અને આ લોકમાં પણ મનુષ્યને ઇચ્છિત સિદ્ધિને આપનારું છે. ૪૦

અને આધિ જે મનનું દુ:ખ અને વ્યાધિ જે દેહનું દુ:ખ તેને નાશ કરનારું છે અને શુભ અર્થને વિષે તત્કાળ વિજયને દેનારું છે અને ધનને દેનારું, કીર્તિને આપનારું, આવરદાને આપનારું અને કાળ થકી જે ત્રાસ તેને નાશ કરનારું છે. ૪૧

એ હેતુ માટે જે ભક્તજન આ 'શ્રી પુરુષોત્તમ કવચ' ને હેતે કરીને ધારણ કરે કહેતાં અંતઃકરણમાં મનન કરે અથવા આદર થકી સાંભળે, પાઠ કરે તેને મનુષ્ય તથા દેવ જે તે નમસ્કાર કરે છે અને તે જન જે તે સમગ્ર ભય થકી મુકાઈ જાય છે. ૪૨

એ હેતુ માટે સમગ્ર સુખ માત્રનું કારણ અને સમગ્ર ભક્તજનની પીડા માત્રને નાશ કરનારું અને શુભ કહેતાં મંગલને કરનારું એવું સર્વોત્તમ જે આ 'શ્રી પુરુષોત્તમ કવચ' તે ત્યાગી તથા ગૃહસ્થ એવા સમગ્ર ભકતજન તેમણે આ

લોકને વિષે ભય જે તે આવે સતે કહેતાં દેહ સંબંધી તથા લોક સંબંધી જે કાંઈક કષ્ટ પ્રાપ્ત થયે સતે અથવા જન્મમરણનો ત્રાસ થયે સતે પણ આદર જે મહા ઉત્સાહ તે થકી બુદ્ધિએ કરીને કહેતાં અર્થ સમજવાપૂર્વક શ્રવણ-કીર્તન મનનાદિકે કરીને ધારણ કરવું. ૪૩

શ્રી નિષ્કુળાનંદમુનિ ભોજેન્દ્ર રાજા પ્રત્યે કહે છેઃ હે મનુષ્યના પાળનારા ભોજેન્દ્ર! આ પ્રકારે બ્રહ્મચારીમાં શ્રેષ્ઠ એવા અખંડાનંદ બ્રહ્મચારી તેમણે વ્યાઘ્રજિત રાજાને કહ્યું ને શ્રી પુરુષોત્તમ છે નામ જેનું એવું આ કવચ તે પ્રત્યક્ષ શ્રીહરિના ભક્તને ભગવાન સંબંધી અતિ મોટા સુખને આપનારું છે. અને તે શ્રીહરિના ભક્ત તેમણે હેતે કરીને નિત્યે શ્રવણ કરવા યોગ્ય, પાઠ કરવા યોગ્ય, મનન કરવા યોગ્ય છે એ હેતુ માટે આ 'શ્રી પુરુષોત્તમ કવચ' જે તે પ્રત્યક્ષ ભગવાનના ભક્તને કહેવું પણ ભગવાનના તથા ભગવાનના ભક્તના જે દ્વેષી હોય તેમને ક્યારેય ન કહેવું. ૪૪

આ પ્રકારે શ્રી સહજાનંદ સ્વામીના ચરણારવિંદને વિષે ભ્રમરની પેઠે આસક્ત કર્યું છે મન જેમણે એવા **અખંડાનંદ બ્રહ્મચારી** તેમણે રચ્યું અને શ્રી નિષ્કુળાનંદમુનિ ને ભોજેન્દ્ર રાજાનો સંવાદ જેને વિષે છે એવું **શ્રીહરિચરિત્ર** નામે જે ભક્તિશાત્ર તેમાં પૂર્વાર્ધને વિષે જે પ્રથમ પરિચ્છેદ તેને વિષે નિરૂપણ કર્યું **એ નામે ૪૨ મો અધ્યાય થયો.**

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે ?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે–

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા

એકમોને મદદરૂપ થવું;

(૭) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.